નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY (Daily)

AHMEDABAD ••• SINCE-1991

**કરન્સી માર્કેટ**

| | |
|---|---|
| US.ડોલર | ૮૪.૯૨ |
| પાઉન્ડ | ૧૦૭.૯૨ |
| યુરો | ૮૯.૧૦ |
| સઉદી રિયાલ | ૨૨.૬૦ |
| સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ) | ૭૯,૦૩૦ |
| ચાંદી (૧ કિલો) | ૧,૦૦,૦૦૦ |

AREA SALES MANAGER REQUIRED FOR
AL HAFEEZ TOURS & TRAVELS
FOR DEALER & DISTRIBUTOR
APPOINTMENT IN ALL OVER GUJARAT
SALARY + T.A + D.A + INCENTIVE
HIRING
MOBILE NUMBER: +91 9274686512

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૪ અંક-૧૪૦ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com

### ગૃહમંત્રી અમિત શાહે ડો. ભીમરાવ આંબેડકર વિશે અપમાનજનક ટિપ્પણી કરતાં હંગામો

# સંસદમાં અમિત શાહની આંબેડકર અંગે ટિપ્પણી, કોંગ્રેસ માફી પર અડગ

## અમિત શાહ : ''અભી એક ફેશન હો ગયા હૈ - આંબેડકર, આંબેડકર, આંબેડકર, આંબેડકર, આંબેડકર, આંબેડકર. ઈતના નામ અગર ભગવાન કા લેતે તો સાત જન્મો તક સ્વર્ગ મિલ જાતા, કોંગ્રેસ દ્વારા માફીની આક્રમક માગ

(એજન્સી) નવી દિલ્હી, તા. ૧૮

કોંગ્રેસે મંગળવારે આરોપ લગાવ્યો કે બંધારણ પર ચર્ચા દરમિયાન રાજ્યસભામાં ગૃહમંત્રી અમિત શાહની ટિપ્પણી દર્શાવે છે કે ભાજપ અને આરએસએસ નેતાઓને બી.આર.આંબેડકર પ્રત્યે ''ઘણી નફરત'' છે અને તેમણે તેમની પાસેથી માફીની માંગ કરી હતી. પૂર્વ કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ કહ્યું કે જે લોકો મનુસ્મૃતિમાં માને છે તેઓ ચોક્કસપણે આંબેડકર સાથે વિરોધાભાસી હશે. આ સાથે જ રાહુલ ગાંધીએ અમિત શાહના રાજીનામાની માગણી કરી હતી. કોંગ્રેસના મહાસચિવ-પ્રભારી સંચાર જયરામ રમેશે રાજ્યસભામાં શાહના ભાષણમાંથી એક ભાગ લઈને એક્સ પર એક વીડિયો શેર કર્યો હતો. અમિત શાહે વિપક્ષ પર કટાક્ષ કરતાં કહ્યું કે, ''અભી એક ફેશન હો ગયા હૈ - આંબેડકર, આંબેડકર, આંબેડકર, આંબેડકર, આંબેડકર, આંબેડકર. ઈતના નામ અગર ભગવાન કા લેતે તો સાત જન્મો તક સ્વર્ગ મિલ જાતા.'' શાહે કહ્યું કે ભાજપ ખુશ છે કે કોંગ્રેસ આંબેડકરનું નામ લઈ રહી છે પરંતુ પાર્ટીએ તેમના પ્રત્યેની પોતાની વાસ્તવિક લાગણીઓ વિશે પણ વાત કરવી જોઈએ. તેમણે એ વાત પર ધ્યાન દોર્યું કે કેવી રીતે આંબેડકરને કોંગ્રેસની આગેવાની હેઠળની સરકારની કલમ ૩૭૦ સહિતની નીતિઓ સાથે અસંમત હોવાને કારણે પ્રથમ મંત્રીમંડળમાંથી રાજીનામું આપવું પડ્યું હતું.

કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ શાહ પર પ્રહાર કરતા કહ્યું કે ગૃહમંત્રી દ્વારા બાબાસાહેબનું ''અપમાન'' કરવાથી ''ફરી એકવાર સાબિત થયું છે કે ભાજપ-આરએસએસ ત્રિરંગાના વિરોધી હતા, તેમના પૂર્વજોએ અશોક ચક્રનો વિરોધ કર્યો હતો અને સંઘ પરિવારના લોકો પહેલા દિવસથી જ ભારતના બંધારણને બદલે મનુસ્મૃતિ લાગુ કરવા માંગતા હતા.'' ખડગેએ



કહ્યું કે, ''ડૉ. બાબાસાહેબ આંબેડકરજીએ આવું થવા દીધું નહીં, તેથી જ તેમના પ્રત્યે આટલી બધી નફરત છે.'' એક્સ પર હિન્દી પોસ્ટમાં તેમણે લખ્યું કે, ''મોદી સરકારના મંત્રીઓએ કાળજીપૂર્વક સમજવું જોઈએ કે મારા જેવા કરોડો લોકો માટે બાબાસાહેબ આંબેડકર ભગવાનથી ઓછા નથી... તેઓ દલિતો, આદિવાસીઓ, પછાત વર્ગો, લઘુમતીઓ અને ગરીબોના મસીહા છે અને હંમેશા રહેશે.'' એક પોસ્ટમાં રમેશે કહ્યું, ''અમિત શાહે ખૂબ જ ઘૃણાસ્પદ વાત કહી છે. આ દર્શાવે છે કે ભાજપ અને આરએસએસના નેતાઓને બાબા સાહેબ આંબેડકર પ્રત્યે ખૂબ જ નફરત છે.'' કોંગ્રેસ નેતાએ કહ્યું કે, ''નફરત એટલી છે કે તેઓ તેમના નામથી પણ હેરાન થાય છે. આ એ જ લોકો છે જેમના પૂર્વજો બાબા સાહેબના પુતળા બાળતા હતા, જેઓ પોતે બાબા સાહેબ દ્વારા આપવામાં આવેલા બંધારણને બદલવાની વાત કરતા હતા.'' જેમ જેમ લોકોએ તેમને પાઠ ભણાવ્યો તેમ તેમ તેઓ હવે બાબા સાહેબનું નામ લેનારાઓથી હેરાન છે.'' રમેશે ભારપૂર્વક કહ્યું કે, ''શરમજનક ! અમિત શાહે આ માટે દેશની માફી માંગવી જોઈએ.'' કોંગ્રેસના સંગઠન પ્રભારી મહાસચિવ કે. સી. વેણુગોપાલે પણ શાહ પર તેમની ટિપ્પણી પર પ્રહાર કર્યા. તેમણે કહ્યું કે, ''અમિત શાહ, જો તમને ખબર ન હોય તો બાબાસાહેબ ડૉ. ભીમરાવ આંબેડકર ભગવાન સમાન છે અને તેમણે બનાવેલ બંધારણ વિશ્વભરના કરોડો લોકો માટે પવિત્ર ગ્રંથ છે. ડૉ. આંબેડકર વિશે આટલા તિરસ્કારથી વાત કરવાની તમારી હિંમત કેવી રીતે થઈ ?'' વેણોગોપાલે એક્સ પર પોસ્ટમાં આરોપ લગાવ્યો કે, ''ડૉ. બાબાસાહેબ આંબેડકર પ્રત્યે ભાજપનો અણગમો હંમેશા જાણીતો હતો અને આજે

## રાહુલ ગાંધીએ કહ્યું કે જે લોકો મનુસ્મૃતિમાં માને છે તેઓ ચોક્કસપણે ડૉ. બાબાસાહેબ આંબેડકર અને તેમની વિચારધારા સાથે વિરોધાભાસી હશે, તેમણે અમિત શાહના રાજીનામાની માગ કરી

રાજ્યસભામાં ગૃહમંત્રીના દયનીય નિવેદનો વધુ પુષ્ટિ આપે છે કે તેઓ ડૉ. આંબેડકરને કેટલી નફરત અને ધિક્કાર કરે છે.'' તેમણે કહ્યું કે, મનુસ્મૃતિના ઉપાસકો હંમેશા આંબેડકર પ્રત્યે તિરસ્કાર રાખશે, જેમણે જાતિવાદી આરએસએસ અને તેમની મનુસ્મૃતિ દ્વારા અપનાવવામાં આવેલા ભયાનક વિચારોને નકારી કાઢ્યા હતા.'' વેણોગોપાલે કહ્યું કે, ''જે લોકો ૪૦૦+ બેઠકો જીતે તો બંધારણ બદલવાની વાત કરતા હતા, તેઓ હવે ખુલ્લેઆમ ડૉ. આંબેડકર પ્રત્યે આપણા દેશના આદરની મજાક ઉડાવી રહ્યા છે.'' તેમણે વધુમાં કહ્યું કે, જે લોકો તેમની સામે નમન કરવાનો ડોળ કરતા હતા તેઓ લાંબા સમય સુધી પોતાની સાચી લાગણીઓ છુપાવી શક્યા નહીં અને ભાજપના ટોચના નેતાઓનું આ ખતરનાક નિવેદન દર્શાવે છે કે તેમણે આંબેડકર વિશે ફરી ક્યારેય બોલવાનો અધિકાર ગુમાવી દીધો છે. ગૃહમંત્રીએ રાજ્યસભામાં કોંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યું કે પાર્ટીએ બંધારણને એક પરિવારની ''ખાનગી જાગીર'' માની અને સંસદ સાથે ''છેતરપિંડી'' કરી હતી.

## 'નકાબ ઉતરી ગયો, બાબાસાહેબને માનનારા લાખો લોકોનું અપમાન' : અમિત શાહની ટિપ્પણી પર મમતા બેનરજી બોલ્યાં

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ બુધવારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સામે ડૉ. ભીમરાવ આંબેડકર વિરૂદ્ધ અપમાનજનક ટિપ્પણી કરવાનો આરોપ લગાવ્યો અને પ્રહાર કર્યા હતા. તૃમમુલ પ્રમુખે એક્સ પર પોસ્ટમાં લખ્યું કે, ''નકાબ ઉતરી ગયો છે ! સંસદ બંધારણના ૭૫ ગૌરવશાળી વર્ષોને પ્રતિબિંબિત કરે છે ત્યારે ગૃહમંત્રી અમિત શાહે આ પ્રસંગે ડૉ. બાબાસાહેબ આંબેડકર વિરૂદ્ધ અપમાનજનક ટિપ્પણીઓ કરીને તેને કલંકિત કરવાનું પસંદ કર્યું છે અને તે પણ લોકશાહીના મંદિરમાં.'' તેમણે લખ્યું કે, ''આ ભાજપની જાતિવાદી અને દલિત-વિરોધી માનસિકતાનું પ્રદર્શન છે. જો ૨૪૦ બેઠકો સુધી સીમિત રહી ગયા પછી તેઓ આ રીતે વર્તે છે તો કલ્પના કરો કે જો તેમનું ૪૦૦ બેઠકોનું સ્વપ્ન સાકાર થયું હોત તો તેઓ કેટલું નુકસાન પહોંચાડતા. તેમણે ડૉ. આંબેડકરના યોગદાનને સંપૂર્ણપણે ભૂંસી નાખવા માટે ઈતિહાસ ફરીથી લખ્યો હોત.''



શાહ પર પ્રહાર કરતાં મમતાએ કહ્યું કે, ''ગૃહમંત્રી અમિત શાહની ટિપ્પણીઓ લાખો લોકોનું અપમાન છે જેઓ માર્ગદર્શન અને પ્રેરણા માટે બાબાસાહેબને માને છે. તેમણે કહ્યું કે, ''પણ જે પાર્ટીએ નફરત અને કટ્ટરતાને આંતરિક રીતે અપનાવી લીધી છે તેમની પાસેથી તમે બીજી શું અપેક્ષા રાખી શકો છો ?'' મમતાએ કહ્યું કે, ''ડૉ. બાબાસાહેબ આંબેડકર બંધારણના પિતા છે, આ અપમાનજનક ટિપ્પણી ફક્ત તેમના પર જ નહીં પરંતુ બંધારણની ડ્રાફ્ટિંગ કમિટીના તમામ સભ્યો પર સીધો હુમલો છે જે ભારતની વિવિધતામાં એકતાનું પ્રતીક છે જેમાં તમામ જાતિ, સંપ્રદાય, જાતિ અને ધર્મના સભ્યો છે.'' મંગળવારે રાજ્યસભામાં પોતાના ભાષણ દરમિયાન, અમિત શાહે કોંગ્રેસ પર કટાક્ષ કરતા કહ્યું, 'અભી એક ફેશન હો ગયા હૈ - આંબેડકર, આંબેડકર, આંબેડકર, આંબેડકર, આંબેડકર, આંબેડકર. ઈતના નામ અગર ભગવાન કા લેતે તો સાત જન્મો તક સ્વર્ગ મિલ જાતા.'

## 'એડિટ કરેલી ક્લિપ્સ અપલોડ કરવાની ટેવ' : ભાજપનો કોંગ્રેસ પર વળતો પ્રહાર

ભાજપ આઈટી સેલના પ્રભારી અમિત માલવિયાએ બુધવારે કોંગ્રેસ પર ''ભ્રમ ફેલાવવાની રાજનીતિનો આશરો લેવા'' બદલ પ્રહારો કર્યા હતા. તેમની પ્રતિક્રિયા ત્યારે આવી જ્યારે સૌથી જૂની પાર્ટીએ આરોપ લગાવ્યો કે બંધારણ પર ચર્ચા દરમિયાન રાજ્યસભામાં ગૃહમંત્રી અમિત શાહની ટિપ્પણી દર્શાવે છે કે ભાજપ અને આરએસએસ નેતાઓને ડૉ. બી.આર. આંબેડકર પ્રત્યે ''ઘણી નફરત'' છે અને તેમણે તેમની પાસેથી માફીની માંગ કરી હતી. શાહના સંસદના ભાષણને પોસ્ટ કરતા માલવિયાએ એક્સ પર લખ્યુ ''કોંગ્રેસની વિશ્વસનીયતા શૂન્ય થઈ ગઈ છે. તેથી જ હવે તેમને ભ્રમ ફેલાવવાની રાજનીતિનો આશરો લેવો પડી રહ્યો છે. ગૃહમંત્રી અમિત શાહનું આખું નિવેદન બાબા સાહેબ આંબેડકર અને દલિત સમુદાય પ્રત્યે કોંગ્રેસની નફરતને ઉજાગર કરે છે. આખું ભાષણ સાંભળો.'' ભાજપ આઈટી સેલના પ્રભારી દ્વારા પોસ્ટ કરાયેલા વીડિયોમાં, શાહને એમ કહેતા સાંભળી શકાય છે કે : ''આંબેડકરે દેશના પહેલા મંત્રીમંડળમાંથી રાજીનામું કેમ આપ્યું ? તેમણે કહ્યું હતું કે તેઓ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિઓ સાથે થયેલા અન્યાયથી નાખુશ છે. આંબેડકરે એમ પણ કહ્યું હતું કે તેઓ સરકારની વિદેશ નીતિ અને કલમ ૩૭૦ સાથે સહમત નથી. ત્યારે તેમને ખાતરી આપવામાં આવી હતી પરંતુ તે વચન પણ પૂર્ણ થયું ન હતું. તેથી અવગણનાને કારણે તેમણે રાજીનામું આપ્યું હતું.''

## જો પીએમ ડો.આંબેડકરનું સન્માન કરતા હો તો મધરાત સુધીમાં અમિત શાહની કેબિનેટમાંથી હકાલપટ્ટી કરો : ખડગે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮

ડો.બી.આર. આંબેડકર વિશે અપમાનજનક વિધાનો કરનારા ગૃહમંત્રી અમિત શાહ સામે કડક પગલાં નહીં લેવા બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જોરદાર ઝાટકણી કાઢતાં કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ એવો ગંભીર આક્ષેપ કર્યો હતો કે એ બંને એકબીજાના પાપ ઢાંકે છે અને એકમેકને મદદ કરે છે. જો વડાપ્રધાન

### આંબેડકર વિશે બોલનાર અમિત શાહનો બચાવ કરી રહેલા પીએમ મોદી વિશે કોંગ્રેસના પ્રમુખે કહ્યું કે એ બંને એકબીજાના પાપને ઢાંકે છે અને એકબીજાને ઓથ પૂરી પાડે છે

આંબેડકરને માન આપતા હોય તો અમિત શાહને તાત્કાલિક કેબિનેટમાંથી રૂખસદ કરે.

ખડગેએ પોતાના આકરા અને રોષભર્યા પ્રવચનમાં જણાવ્યું હતું કે મોદીએ શાહને ઠપકો પણ આપ્યો નથી. આંબેડકર વિશે કોઈ આવું બોલે તો તાત્કાલિક કેબિનેટમાંથી દૂર કરી દેવા જોઈએ પણ આ બંને તો મિત્રો છે અને પાપમાં એકબીજાના ભાગીદાર છે અને સમર્થક છે. હકીકતે આંબેડકરને લઈને કોંગ્રેસને ઘેરવાનો ભાજપનો પ્રયાસ નિષ્ફળ ગયો છે અને ઉલ્ટું કોંગ્રેસે આ તકને ઝડપીને મોદી અને સરકાર પર વળતો જબરદસ્ત હલ્લો બોલાવી દીધો છે. પત્રકાર પરિષદમાં ખડગેએ જણાવ્યું હતું કે આ લોકો બંધારણમાં બિલકુલ માનતા જ નથી અને મનુસ્મૃતિ વિશે જ વાતો કરે છે. પીએમ મોદીએ અમિત શાહના બચાવ માટે છ ટ્વિટ કર્યા પણ તેની શું જરૂર હતી ? કોંગ્રેસે અમિત શાહ પાસે માફીની પણ માગણી કરી છે.

અમિત શાહના આ નિવેદનો સામે ભારે વાંધો લેતા કોંગ્રેસ પ્રમુખે આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું કે બાબાસાહેબ વિશે એક વ્યક્તિ ટીવી પર આવીને અપમાનજનક વાતો કરે છે અને મોદી બોલાવીને તેને ઠપકો આપતા પણ નથી ઉલટું એમના સમર્થનમાં ટ્વિટ પર ટ્વિટ કરે છે. વાસ્તવિકતા એ છે કે એ બંને મિત્રો છે અને એકબીજાના પાપ છૂપાવે છે. હકીકત એ છે કે ભાજપ અને આરએસએસના રાજકીય પૂર્વજોએ બંધારણને કદી માન આપ્યું નથી બલ્કે તેની નકલો સળગાવી છે. તિરંગાનો પણ સ્વીકાર કર્યો નથી.

CELEBRATING EXCELLENCE 34 years GT

**ક્યા બાત હૈ ?!**

આ છોકરાંવ એકબીજાને કેવી અભદ્ર ગાળો ભાંડી રહ્યા છે ! નક્કી તેઓ મોટા થઈને દેશના લોકપ્રિય નેતા બનશે !



- જામી

## 'બાબાસાહેબ આંબેડકર ભગવાનથી ઓછા નથી' : અમિત શાહની ટીપ્પણી પર કોંગ્રેસ સાંસદ કુમારી શૈલજાનો જવાબ

સંસદમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દ્વારા બીઆર આંબેડકર પર કરાયેલી અત્યંત વિવાદાસ્પદ ટીપ્પણી સામે ઈન્ડિયા બ્લોકના નેતાઓએ આકરા પ્રહાર કર્યા છે. કોંગ્રેસ સાંસદ કુમારી શૈલજાએ કહ્યું છે કે, બીઆર આંબેડકર 'ભગવાનથી ઓછા નથી'. શૈલજા અમિત શાહ પર વરસ્યા અને કહ્યું કે, બંધારણ દેશનું ગ્રંથ છે. જો બંધારણ ગ્રંથ છે તો બાબાસાહેબ ભગવાનથી ઓછા નથી. બાબાસાહેબ અંગે આવી હલ્કી માનસિકતા એ બાબાસાહેબનું અપમાન છે. સાથે જ દેશ અને દેશના લોકો તથા બંધારણનું પણ અપમાન છે. આ ઉપરાંત શરદ પવારની એનસીપીના ધારાસભ્ય જીતેન્દ્ર અવ્હાડે પણ આંબેડકરના જુસ્સાને યાદ કરતાં કહ્યું કે, તે ફેશન નહોતી. આ જુસ્સો છે, ફેશન નથી. બાબાસાહેબે આપણને નર્કમાંથી બહાર કાઢ્યા છે. તેઓ બાબાસાહેબને પ્રેમ કરતા નથી, તેઓ મનુસ્મૃતિ લાવવા માગતા હતા અને જો બાબાસાહેબ આંબેડકર ન હોત તો તે આવી ગઇ હોત.

## બંધારણ અને બીઆર આંબેડકર મામલે કોંગ્રેસ પર પ્રહાર કરવા બદલ તમિલનાડુના મુખ્યમંત્રી સ્ટાલિને ભાજપના નેતૃત્વવાળી એનડીએને ઝાટકી

ભાજપ અને વડાપ્રધાન મોદીનું નામ લીધા વિના તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિને બુધવારે ડીએમકેના મુખ્ય સાથી કોંગ્રેસ પર બંધારણ અને બીઆર આંબેડકર અંગે નિશાન સાધવા બદલ કેન્દ્રમાં સત્તાધારી પાર્ટીની આકરી ટીકા કરી છે. એક એક્સ પોસ્ટમાં સ્ટાલિને કહ્યું કે, ''જેમણે વધુ પાપ કર્યા છે તેઓ જ માત્ર પુણ્ય વિશે ચિંતિત છે. જે લોકો દેશ, તેના લોકો અને બંધારણની સુરક્ષા માટે ચિંતિત છે તેઓ જ બાબાસાહેબ આંડેકરનું નામ લેશે અને તેઓ માત્ર તેમનું જ નામ લેશે. જોકે, સ્ટાલિને તાજેતરની પીએમ મોદીની ટીપ્પણીમાં આંબેડકર પર કોંગ્રેસના પાપ અંગે વાત કરી હતી તેનો કોઇ ખુલાસો કર્યો ન હતો. સ્ટાલિને પાપ શબ્દનો ઉપયોગ કરીને આડકતરી રીતે પીએમ મોદી પર નિશાન સાધ્યું હતું.

## તૃણમૂલ કોંગ્રેસે અમિત શાહ વિરૂદ્ધ વિશેષાધિકાર નોટિસ સબમિટ કરી : વિપક્ષે 'આંબેડકરના અપમાન' માટે પ્રહાર કર્યા

(એજન્સી) તા.૧૮

તૃણમુલના રાજ્યસભાના નેતા ડેરેક ઓ'બ્રાયને બુધવારે બી આર આંબેડકર પર કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહની ટિપ્પણી મુદ્દે તેમના વિરૂદ્ધ વિશેષાધિકાર નોટિસ સબમિટ કરી છે. વિપક્ષે મંગળવારે તેમના ભાષણ પર ભાજપના નેતાને નિશાન બનાવ્યા હતા. શાહની ટિપ્પણી સામે વિપક્ષના વિરોધને કારણે સંસદના બંને ગૃહો સ્થગિત કરવામાં આવ્યા હતા. આ પહેલા બુધવારે કોંગ્રેસની આગેવાની હેઠળના વિપક્ષ ભારત ગઠબંધને બી.આર. આંબેડકરના પોસ્ટરો દર્શાવતા શાહના રાજીનામાની માંગણી કરી છે અને તેઓએ આ નિવેદનોને દલિત નેતાનું અપમાન ગણાવ્યું હતું. કેન્દ્રીય ગૃહ પ્રધાને મંગળવારે હિન્દીમાં તેમના ભાષણમાં કહ્યું હતું કે, "માનનીય સાહેબ, આજે એક ફેશન બની ગઈ છે. અને માત્ર આંબેડકર, આંબેડકર, આંબેડકર, આંબેડકર, આંબેડકર, આંબેડકર કરવામાં આવે છે. જો તેઓએ ભગવાનનું નામ આટલી વાર લીધું હોત તો તેઓને સાત જન્મો સુધી સ્વર્ગ મળી શક્યું હોત. બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ તેમના ભાષણ મુદ્દે કેન્દ્રીય ગૃહ પ્રધાનની નિંદા કરી હતી અને તૃણમૂલ રાજ્યસભાના સભ્ય ઓ'બ્રાયને શાહ

### મમતા બેનરજી, ઉદ્ધવ ઠાકરે, રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી વાડ્રાએ આ મહાન દલિત નેતાનું અપમાન કરવા અંગે વિરોધ કર્યો હતો અને સંસદ સ્થગિત કરવામાં આવી હતી

વિરૂદ્ધ નોટિસ સબમિટ કરી હતી. તેમણે કહ્યું કે, હવે મુખવટો ઉતરી ગયો છે ! સંસદ બંધારણના ૭૫ ગૌરવપૂર્ણ વર્ષોની ઉજવણી કરે છે, અને આ પ્રસંગે અમિત શાહ ડૉ. બાબાસાહેબ આંબેડકર વિરૂદ્ધ અપમાનજનક ટિપ્પણીઓ કરીને સંસદને કલંકિત કરી છે. આ ભાજપની જાતિવાદી અને દલિત-વિરોધી માનસિકતાનું પ્રદર્શન છે. તેઓને ૨૪૦ બેઠકો આવી તો આ રીતે વર્તે છે, તો કલ્પના કરો કે જો તેમનું ૪૦૦ બેઠકોનું સ્વપ્ન સાકાર થયું હોત તો તેઓએ કેટલું નુકસાન પહોંચાડ્યું હોત. તેઓએ બંધારણ ફરીથી લખ્યું હોત. આ ડૉ. આંબેડકરના યોગદાનને સંપૂર્ણપણે ભૂંસી નાખવાનો પ્રયાસ છે. ભાજપ પર પ્રહાર કરતાં, મમતાએ કહ્યું કે, અમિત શાહની ટિપ્પણી એ લાખો લોકોનું અપમાન છે જેઓ માર્ગદર્શન અને પ્રેરણા માટે બાબાસાહેબને ફોલો કરે છે. પરંતુ તમે એવી પાર્ટી પાસેથી બીજું શું અપેક્ષા રાખી શકો કે જેણે નફરત અને કટ્ટરતાને સામાન્ય બનાવી હોય ?

મુખ્યમંત્રીએ પુનરોચ્ચાર કર્યો કે આંબેડકર આદરને પાત્ર છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર બંધારણના પિતા છે, આ આક્રોશપૂર્ણ ટિપ્પણી માત્ર તેમના પર જ નહીં પરંતુ બંધારણની મુસદ્દા સમિતિના તમામ સભ્યો પર હુમલો છે, જે વિવિધતામાં ભારતની એકતાનું પ્રતિક છે અને તમામ જાતિ, સંપ્રદાય, વંશીયતાઓ અને ધર્મના સભ્યો એક સાથે છે.

## આરજેડી નેતા તેજસ્વી યાદવે આંબેડકર અંગેની ટિપ્પણી પર અમિત શાહ પર પ્રહારો કર્યા અને કહ્યું કે બાબાસાહેબ તેમની 'ફેશન અને પેશન' છે

(એજન્સી) તા.૧૮

રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી)ના નેતા અને બિહારના ભૂતપૂર્વ નાયબ મુખ્ય પ્રધાન તેજસ્વી યાદવે બુધવારે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ પર બીઆર આંબેડકર પરની તેમની ટિપ્પણી પર આકરા પ્રહારો કરતાં કહ્યું હતું કે બાબાસાહેબ આંબેડકર તેમની "ફેશન અને જુસ્સો" છે. સંસદમાં શાહ દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી ભાષાની નિંદા કરતા યાદવે તેમના પર અને તેમની પાર્ટી પર "બંધારણ વિરોધી" હોવાનો અને નફરત ફેલાવવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું કે, બાબાસાહેબ આંબેડકર અમારી ફેશન અને જુસ્સો છે. તેઓ અમારી પ્રેરણા પણ છે. અમે કોઈને બાબાસાહેબ આંબેડકરનું અપમાન કરવા દઈશું નહીં. આ લોકો બંધારણ વિરોધી છે જેઓ નફરત ફેલાવે છે, અને સંસદમાં જે ભાષાનો ઉપયોગ કરવામાં આવે છે તે નિંદનીય છે. આરજેડી નેતાએ શાહની ટિપ્પણીની નિંદા કરતા કહ્યું કે જે ભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો તે ભાજપની સંકુચિત માનસિકતા દર્શાવે છે. યાદવે દાવો કર્યો હતો કે આરએસએસ અને ભાજપ પાસે તેમના પોતાના કોઈ મહાપુરૂષ

### આરજેડી નેતાએ શાહની ટિપ્પણીની નિંદા કરતા કહ્યું કે જે ભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો તે ભાજપની સંકુચિત માનસિકતા દર્શાવે છે

અને મહાન નેતાઓ નથી અને તેમની પાસે માત્ર એક જ કામ બાકી છેઃ ગાંધી, નહેરૂ અને આંબેડકર જેવી મહાન હસ્તીઓનું અપમાન કરવું. બાબાસાહેબ આંબેડકર અંગે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આપેલા નિવેદનની અમે સખત નિંદા કરીએ છીએ. આ તેમની સંકુચિત માનસિકતા દર્શાવે છે. તેમની બોડી લેંગ્વેજ જુઓ, તેમની ભાષા જુઓ. માત્ર ૧૭ સેકન્ડમાં તમે અંદાજ લગાવી શકો છો કે તેઓ બાબાસાહેબ આંબેડકરનું કેટલું સન્માન કરે છે. RSS અને ભાજપ પાસે પોતાનો કોઈ મહાપુરુષ નથી, આઝાદીની ચળવળમાં તેમનું કોઈ યોગદાન નથી. અમિત શાહે મંગળવારે બંધારણના ૭૫ વર્ષ પર બે દિવસીય ચર્ચાના સમાપન સમયે રાજ્યસભામાં તેમના સંબોધનમાં કોંગ્રેસ પાર્ટી પર આકરા પ્રહારો કર્યા અને આરોપ લગાવ્યો કે આંબેડકરનું નામ લેવાની "ફેશન" બની ગઈ છે. વિપક્ષે ભૂતપૂર્વ કાયદા અને ન્યાય પ્રધાનની તસવીરો સાથે સંસદ પરિસરમાં વિરોધ પ્રદર્શન કર્યું હતું અને બહુજનસમાજ પાર્ટી (BSP)ના વડા માયાવતીએ પણ આંબેડકર વિવાદ પર કોંગ્રેસ અને ભાજપની ટીકા કરી હતી. તેમણે કહ્યું કે બાબાસાહેબના નામનો રાજકીય લાભ માટે ઉપયોગ કરવાને બદલે બંને પક્ષોએ તેમના પ્રત્યે યોગ્ય આદર બતાવવો જોઈએ.

## દિલ્હી રમખાણોના 'મોટા ષડયંત્ર' કેસમાં ઉમર ખાલિદને પારિવારિક લગ્ન પ્રસંગમાં હાજરી માટે સાત દિવસના વચગાળાના જામીન મળ્યા

દિલ્હી રમખાણોના મોટા ષડયંત્રના કેસમાં કોર્ટે ઉમર ખાલિદને સાત દિવસના જામીન આપ્યા છે. ખાલિદને પરિવારના લગ્નમાં હાજરી આપવા માટે વચગાળાના જામીન આપવામાં આવ્યા છે. અગાઉ ખાલિદને જામીન માટે પ્રયાસ કરવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હતો. ઓક્ટોબર ૨૦૨૨માં દિલ્હી હાઈકોર્ટ દ્વારા તેને જામીન આપવાનો ઈન્કાર કરાયો હતો. ખાલિદ ૨૦૨૦ના ઉત્તર-પૂર્વ દિલ્હી રમખાણોના સંદર્ભમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ (યુએપીએ) હેઠળ આરોપોનો સામનો કરી રહ્યો છે. ખાલિદ ૨૮ ડિસેમ્બરથી ૩ જાન્યુઆરી સુધી જામીન પર બહાર રહેશે. ખાલિદે ૧૦ દિવસના જામીન માંગ્યા હતા પરંતુ નવી દિલ્હીની કરકરડૂમા કોર્ટે સાત દિવસનો સમય આપ્યો છે. ઉમર ખાલિદને ફેબ્રુઆરી ૨૦૨૦ના દિલ્હી રમખાણો પાછળ મોટા કાવતરાના આરોપમાં ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૦માં ધરપકડ કરવામાં આવી હતી. ત્યારથી તે કસ્ટડીમાં છે. આ રમખાણોમાં ૫૩ લોકો માર્યા ગયા હતા અને ૭૦૦થી વધુ ઘાયલ થયા હતા. આ વર્ષની શરૂઆતમાં એક ટ્રાયલ કોર્ટે તેની જામીન અરજી ફગાવી દીધી હતી. જોકે, કોર્ટે ખાલિદને જામીન આપતાં તેના પર ઘણી શરતો લાદી છે. જામીન સમયગાળા દરમિયાન ખાલિદને સાક્ષીઓ અથવા કેસ સાથે જોડાયેલા કોઈપણ વ્યક્તિને મળવાની મનાઈ છે. તેને સોશિયલ મીડિયાનો ઉપયોગ કરવાની પણ મનાઈ કરવામાં આવી છે. ખાલિદને વચગાળાના જામીન સમયગાળા દરમિયાન ફક્ત તેના પરિવાર, સંબંધીઓ અને મિત્રોને મળવાની મંજૂરી છે. ઉમર ખાલિદે ૩ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ જામીન સમયગાળાના અંતે સંબંધિત જેલ અધિકારીઓ સમક્ષ આત્મસમર્પણ કરવું પડશે.

## જાન્યુઆરીથી ભારતીયો માટે મફત વિઝા, સંશોધન જહાજો પર ટૂંક સમયમાં નીતિ : શ્રીલંકાના વિદેશ મંત્રી વિજિતા હેરાથ

જાન્યુઆરી ૨૦૨૫થી શ્રીલંકાની મુસાફરી માટે મફત વિઝા ધરાવતા ૩૯ દેશોના નાગરિકોમાં ભારતીયો પણ હશે તેમ શ્રીલંકાના વિદેશ મંત્રી વિજિતા હેરાથે મંગળવારે જાહેરાત કરી હતી. દિલ્હીમાં ઈન્ડિયા ફાઉન્ડેશન દ્વારા આયોજિત એક ચર્ચા દરમિયાન હેરાથે જણાવ્યું કે, ''આગામી જાન્યુઆરીમાં એક સંસદીય ગેઝેટ સૂચના બહાર પાડવામાં આવશે જ્યાં અમે ભારત સહિત ૩૯ દેશોને મફત વિઝા આપીશું. અમને આશા છે કે ભારત અમને આ સુવિધા 'મફત વિઝા' પણ આપશે.'' ઈન્ડિયા ફાઉન્ડેશનના પ્રમુખ રામ માધવ અને વિદેશ મંત્રાલયના ભૂતપૂર્વ રાજ્યમંત્રી આર.કે. સિંહે પણ ચર્ચામાં હાજરી આપી હતી. શ્રીલંકાના વિદેશ મંત્રીએ ઉમેર્યું કે, ''ઐતિહાસિક ઉત્ક્રાંતિ, આર્થિક પ્રવૃત્તિઓ સાથે સાંસ્કૃતિક બંધનો એ પાયો છે જેના પર આપણો સંબંધ વધશે. અમારા નેતાઓ વચ્ચેની વાતચીત અત્યંત ગાઢ છે. શ્રીલંકામાં સૌથી વધુ પ્રવાસીઓ ભારતમાંથી આવે છે.'' વિજિતા હેરાથ રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકેના પ્રતિનિધિ મંડળનો ભાગ છે જે ૧૫-૧૭ ડિસેમ્બરના ત્રણ દિવસની રાજ્ય મુલાકાત માટે ભારત આવ્યા હતા.

## મણિપુરમાં સેનાએ એલોન મસ્કના સ્પેસએક્સ દ્વારા બનાવેલ સ્ટારલિંક ડિવાઈસ જપ્ત કર્યું

એક મહત્ત્વપૂર્ણ કાર્યવાહીમાં સેના અને આસામ રાઈફલ્સે સંઘર્ષગ્રસ્ત મણિપુરમાંથી અમેરિકન અબજોપતિ એલોન મસ્કના સ્પેસએક્સ દ્વારા બનાવેલ સ્ટારલિંક સેટેલાઈટ ઈન્ટરનેટ ડિવાઈસ જપ્ત કર્યું છે. સ્પીયર કોર્પ્સે એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, ચોક્કસ ગુપ્ત માહિતીના આધારે સૈનિકોએ મણિપુર પોલીસ સાથે નજીકના સંકલનમાં મણિપુરના ચુરાચંદપુર, ચંદેલ, ઈમ્ફાલ પૂર્વ અને કાંગપોકપી જિલ્લાઓના પહાડી અને ખીણ વિસ્તારોમાં સંયુક્ત શોધ કામગીરી હાથ ધરી હતી. તેઓએ જપ્તીના ફોટો જાહેર કર્યા જેમાં સ્નાઈપર રાઈફલ્સ, ઓટોમેટિક હથિયારો, રાઈફલ્સ, પિસ્તોલ, દેશી બનાવટના મોર્ટાર, સિંગલ બેરલ રાઈફલ્સ, ગ્રેનેડ અને દારૂગોળો સહિત ૨૯ શસ્ત્રો સામેલ હતા. પરંતુ જપ્ત કરાયેલી વસ્તુઓમાંથી એક ખાસ વસ્તુ દેખાઈ જેમાં રીસીવર અને રાઉટર સાથેનું સ્ટારલિંક ડિવાઈસ હતું. જોકે સેનાના સૂત્રોએ સ્ટારલિંક ડિવાઈસ કયા જૂથમાંથી જપ્ત કરવામાં આવ્યું હતું તેની વિગતો શેર કરવાનો ઈન્કાર કર્યો હતો, તેના પર RPF/PLA લખેલું હતું. આ જપ્તી ૧૩ ડિસેમ્બરે કરાઈ હતી અને આ ડિવાઈસ હાલ મણિપુર પોલીસ માટે મોટો સવાલ બન્યું છે.

## નોઈડા પોલીસે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને જાનથી મારી નાખવાની ધમકી આપવા બદલ બાંગ્લાદેશી વ્યક્તિની ધરપકડ કરી

સોશિયલ મીડિયા પર મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને જાનથી મારી નાખવાની ધમકી આપવા બદલ યુપી પોલીસે દિલ્હીથી એક બાંગ્લાદેશી નાગરિકની ધરપકડ કરી છે. અહેવાલ મુજબ વીડિયોમાં ઉશ્કેરણીજનક નિવેદનો અને સાંપ્રદાયિક ટિપ્પણી કરનારા આરોપીને હથિયાર સાથે પકડી લેવામાં આવ્યો છે. સોશિયલ મીડિયા પર વાયરલ ધમકીભર્યા વીડિયો બાદ નોઈડા કોતવાલી સેક્ટર ૩૯ પોલીસે વ્યક્તિની ધરપકડ કરી હતી. એડિશનલ ડીસીપી મનીષ મિશ્રાએ જણાવ્યું હતું કે, મૂળ બાંગ્લાદેશી નાગરિક શેખ અતીલની દિલ્હીના શાહીન બાગથી ધરપકડ કરવામાં આવી હતી. ૪૦ વર્ષીય વ્યક્તિ પાસે બંદૂક, દારૂગોળો, વાંધાજનક દસ્તાવેજો અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર ધમકીઓ આપવા માટે ઉપયોગમાં લેવાતો મોબાઈલ ફોન મળી આવ્યો હતો. એક અલગ ઘટનામાં આંધ્રપ્રદેશના નાયબ મુખ્યમંત્રી પવન કલ્યાણને જાનથી મારી નાખવાની ધમકી મળી હતી. એક અજાણ્યા વ્યક્તિએ કલ્યાણના કાર્યાલય પર ફોન કરીને ગંભીર પરિણામોની ધમકી આપી હતી. તે વ્યક્તિએ નાયબ મુખ્યમંત્રીને અપશબ્દોના સંદેશા પણ મોકલ્યા હતા.

## ગોવાના મુખ્યમંત્રીના પત્નીએ સંજયસિંહ સામે ૧૦૦ કરોડ રૂપિયાનો માનહાનિનો દાવો દાખલ કર્યો

મંગળવારે ગોવાની એક કોર્ટે આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહને મુખ્યમંત્રી પ્રમોદ સાવંતના પત્ની દ્વારા દાખલ કરાયેલા માનહાનિના દાવા પર નોટિસ જારી કરી છે જેમણે કેશ-ફોર-જોબ કૌભાંડમાં કથિત રીતે તેમનું નામ લેવા બદલ આપ રાજકારણી પાસેથી ૧૦૦ કરોડ રૂપિયાના નુકસાનની માંગ કરી છે. કોર્ટે ૧૦ જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં સિંહનો જવાબ માંગ્યો છે. રાજ્યસભાના સભ્ય સિંહે તાજેતરમાં દિલ્હીમાં એક પત્રકાર પરિષદને સંબોધિત કરી હતી જ્યાં તેમણે સુલક્ષણા સાવંત સામે કથિત રીતે આરોપો લગાવ્યા હતા. સુલક્ષણાએ ઉત્તર ગોવાના બિચોલિમ ખાતે સિવિલ કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી. એડ-હોક સિવિલ જજે દાવો સાંભળ્યો અને સિંહને નોટિસ જારી કરી જે ૧૦ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ જવાબ આપી શકે છે. સુલક્ષણાએ તેના વકીલો દ્વારા કોર્ટને વિનંતી કરી કે સિંહને માફીપત્ર પ્રકાશિત કરવા અને સ્પષ્ટતા કરવા માટે કે બદનક્ષીભર્યો વીડિયો/લેખ અને ઈન્ટરવ્યૂ ખોટા છે, તથ્યો પર આધારિત નથી, અને બિનશરતી માફી માંગે તેવા તેમને ફરિયાદમાં જણાવ્યું છે. ફરિયાદીએ કોર્ટને એવી પણ વિનંતી કરી હતી કે સિંહને સોશિયલ મીડિયા વોટ્સએપ, ફેસબુક, યુટ્યુબ અને એક્સ જેવા અન્ય પ્લેટફોર્મ પર મનાઈ હુકમ દ્વારા તેમને બદનામ કરતા કોઈપણ જાહેર નિવેદનો કરવાથી રોકવામાં આવે.

## મણિપુરમાં અધિકારો છીનવાતાં ટીએમસીના દેવે 'ઉત્તરપૂર્વના તમામ સાંસદોના રાજીનામા માગ્યા

ટીએમસી અને સીપીએમના વિપક્ષી સાંસદોએ આરોપ લગાવ્યો હતો કે, મણિપુરમાં અધિકારો છીનવાઈ રહ્યા છે અને બંધારણ અંગેની ચર્ચા દરમિયાન સંસદમાં મુદ્દો નહીં ઉઠાવવા બદલ ભાજપના સાંસદોનું રાજીનામું માગ્યું હતું. બંધારણના ૭૫ વર્ષ પૂર્ણ થવાની ચર્ચામાં ભાગ લેતાં તૃણમૂલ કોંગ્રેસના સુષ્મિતા દેવે કહ્યું કે, મણિપુરમાં લોકોના બંધારણીય અધિકારો છીનવાઈ રહ્યા હોવાથી ઉત્તરપૂર્વના તમામ સત્તાધારી પાર્ટીના સાંસદોએ રાજીનામું આપી દેવું જોઈએ. દેવે કહ્યું કે, જ્યારે આપણે આજે બંધારણ અંગે ચર્ચા કરી રહ્યા છીએ ત્યારે શું તમે મણિપુરમાં બંધારણીય અધિકારો છીનવ્યા નથી? મણિપુરમાં સ્વતંત્રતા, વાણી સ્વતંત્રતાનો અધિકાર છીનવાઈ રહ્યો છે. તેમણે આરોપ લગાવ્યો હતો કે, ભાજપ આસામમાં અલગ-અલગ અધિકારોવાળા નાગરિકોના અલગ-અલગ વર્ગ બનાવી રહી છે. તેમણે કહ્યું કે, જે રીતે એનઆરસીનું સંચાલન કર્યું હતું તે રીતે આમાં કોઈ સમાનતા નથી. તેમણે દાવો કર્યો હતો કે, આ સરકાર 'એક ચૂંટણી, એક નેતા, એક ધર્મ' ઈચ્છે છે. આ એ નથી તે ડૉ. બાબાસાહેબ આંબેડકર અને દેશ માટે ઈચ્છતા હતા. તેમણે કહ્યું કે, આ એક ફાસીવાદી સરકાર છે જે રમત રમી રહી છે. સીપીઆઈએમના જોન બ્રિટાસે કહ્યું કે, વડાપ્રધાનને મણિપુર જવા દો, આ દેશના વડાપ્રધાન તરીકે પોતાની જવાબદારી નિભાવે. તેમણે લોકસભામાં જે ૧૧ મંત્રીઓ આપ્યા છે તેમને વડાપ્રધાન કામ કરવાનું કહે.

## યુપી કોંગ્રેસના નેતાઓએ વિધાનસભા 'ઘેરાબંધી' પહેલા 'નજરકેદ' કરવાનો આરોપ લગાવ્યો

ઉત્તરપ્રદેશ પોલીસે બુધવારે રાજ્ય વિધાનસભાના કોંગ્રેસના પ્રસ્તાવિત ''ઘેરાબંધી'' પહેલા સુરક્ષા કડક કરી હતી, પક્ષના નેતાઓએ દાવો કર્યો હતો કે તેમને નજરકેદ કરવામાં આવ્યા હતા. અમેઠીમાં કોંગ્રેસના જિલ્લા વડા પ્રદીપ સિંઘલે દાવો કર્યો હતો કે તેમને ૧૦૦થી વધુ પક્ષના નેતાઓ અને અધિકારીઓ સાથે નજરકેદ કરવામાં આવ્યા છે. તેમણે જણાવ્યું કે, ''જિલ્લાના તમામ ૧૭ બ્લોક પ્રમુખો, પદાધિકારીઓ, ફ્રન્ટલ સંગઠનના નેતાઓ અને સમિતિના સભ્યોને નજરકેદ કરવામાં આવ્યા છે.'' પોલીસ કાર્યવાહીને ''અલોકતાંત્રિક અને નિંદનીય'' ગણાવતા સિંઘલે કહ્યું, ''લોકશાહીમાં દરેક નાગરિકને બોલવાનો અધિકાર છે. કોંગ્રેસ લોકોનો અવાજ છે અને આ બહેરી અને અંધ સરકાર દબાવવાનો પ્રયાસ કરી રહી છે. જ્યારે આ સરકાર ડરે છે ત્યારે તે પોલીસનો ઉપયોગ કરે છે.'' ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૧૬૮ (કોગ્નિઝેબલ ગુનાઓ અટકાવવા માટે પોલીસ) હેઠળ લખનઉમાં કોંગ્રેસના મહાસચિવ (સંગઠન) અનિલ યાદવને જારી કરાયેલી સત્તાવાર નોટિસ બાદ આ નજરકેદ કરવામાં આવી હતી. આ નોટિસમાં કાયદો અને વ્યવસ્થામાં ખલેલ પહોંચાડવા બદલ પાર્ટીના કાર્યકરો સામે કાનૂની કાર્યવાહીની ચેતવણી આપવામાં આવી છે. હુસૈનગંજ પોલીસ સ્ટેશન દ્વારા જારી કરાયેલી નોટિસમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે દિનેશ કુમાર સિંહના નેતૃત્વમાં કોંગ્રેસના કાર્યકરોના એક મોટા જૂથે બુધવારે સરકારની નીતિઓનો વિરોધ કરવા માટે લખનઉમાં વિધાનસભા તરફ કૂચ કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો.

## ૪૬ કોચિંગ સેન્ટરોને ભ્રામક દાવાઓ માટે નોટિસ મળી; વિદ્યાર્થીઓએ સાવચેત રહેવાની જરૂર છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮

૧૦૦% પસંદગી અને પ્રવેશ જેવા ખોટા દાવામાં ગેરંટી અને અતિશયોક્તિપૂર્ણ સફળતા દરનો ઉપયોગ કરવો અને સ્પર્ધાત્મક અથવા પ્રવેશ પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓને પ્રભાવિત કરવા સફળ ઉમેદવારોના ફોટાનો ઉપયોગ કરવો એ સામાન્ય બાબત છે. સરકારે મંગળવારે સંસદમાં જણાવ્યું હતું કે, સેન્ટ્રલ કન્ઝ્યુમર પ્રોટેક્શન ઓથોરિટી (CCPA)એ ૪૫ વિવિધ કોચિંગ સેન્ટરોને નોટિસ જારી કરી છે અને ૧૯ કોચિંગ સંસ્થાઓ પર ૬૧.૬ લાખ રૂપિયાનો દંડ લાદ્યો છે, તેમને ભ્રામક જાહેરાતો અને અયોગ્ય વેપાર પ્રથાઓ બંધ કરવાનો નિર્દેશ આપ્યો છે. નવેમ્બરમાં, CCPAએ વિવિધ કોચિંગ કેન્દ્રો દ્વારા અયોગ્ય પ્રથાઓ, ખાસ કરીને વિદ્યાર્થીઓની નોંધણી ફી પરત ન કરવા અંગે નેશનલ હેલ્પલાઈન (NCH) પર અસંખ્ય ફરિયાદોને પગલે કોચિંગ સેક્ટરમાં ગેરમાર્ગે દોરતી જાહેરાતો અટકાવવા માટેની માર્ગદર્શિકા, ૨૦૨૪નો મુસદ્દો તૈયાર કર્યો હતો. ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ રાજ્ય મંત્રી બીએલ વર્માએ એક લેખિત જવાબમાં જણાવ્યું હતુ કે, NCHએ અસરગ્રસ્ત વિદ્યાર્થીઓને કુલ ૧.૧૫ કરોડ રૂપિયાના રિફંડની સુવિધા આપવા માટે મિશન મોડ પર આ ફરિયાદોને ઉકેલવા માટે એક ઝુંબેશ શરૂ કરી છે.

**નવા નિયમો કોચિંગ સાથે સંકળાયેલા દરેકને લાગુ પડે છે.**

ભ્રામક દાવાઓ, અતિશયોક્તિપૂર્ણ સફળતા દર, ખોટી બાંયધરી અને અયોગ્ય કરારો કે જે કોચિંગ સંસ્થાઓ વારંવાર વિદ્યાર્થીઓ પર લાદે છે તેની ચિંતાઓને પગલે તૈયાર કરાયેલ, વ્યાપક માર્ગદર્શિકા કોચિંગ, કોચિંગ સેન્ટર અને એન્ડોર્સર શબ્દોની સ્પષ્ટ વ્યાખ્યા પણ પૂરી પાડે છે. ઉદાહરણ તરીકે, કોચિંગ એ શૈક્ષણિક સહાય છે, જે શિક્ષણ, માર્ગદર્શન, સૂચનાઓ, અભ્યાસ કાર્યક્રમ અથવા ટ્યુશન અથવા સમાન પ્રકૃતિની અન્ય કોઈપણ પ્રવૃત્તિ આપે છે પરંતુ તેમાં કાઉન્સેલિંગ, રમતગમત, નૃત્ય, થિયેટર અને અન્ય સર્જનાત્મક પ્રવૃત્તિઓનો સમાવેશ થતો નથી. કોચિંગ સેન્ટરએ ૫૦થી વધુ વિદ્યાર્થીઓને કોચિંગ આપવા માટે કોઈપણ વ્યક્તિ(ઓ) દ્વારા સ્થાપિત, સંચાલિત અથવા સંચાલિત કેન્દ્ર છે. એન્ડોર્સર એ ગેરમાર્ગે દોરતી જાહેરાતો અને ગેરમાર્ગે દોરતી જાહેરાતો માટે સમર્થન, ૨૦૨૨ના નિવારણ માટેની માર્ગદર્શિકાની કલમ ૨(જ) હેઠળ વ્યાખ્યાયિત થયેલ છે. જેઓ તેમનું નામ અથવા પ્રતિષ્ઠા કોચિંગ સેન્ટરોને આપે છે તેઓ પણ ખાતરી કરવા માટે જવાબદાર છે કે તેઓ જે દાવાઓને સમર્થન આપે છે તે સચોટ અને સત્ય છે. બીજા શબ્દોમાં કહીએ તો, જો તેઓ ખોટા સફળતા દર અથવા ગેરમાર્ગે દોરતી ગેરંટીનું સમર્થન કરે છે, તો તેઓ પણ કોચિંગ કેન્દ્રો સાથે જવાબદાર છે. અધિકારીઓનું કહેવું છે કે માર્ગદર્શિકા વિદ્યાર્થીઓના શોષણને રોકવામાં અને તેઓ ખોટા વચનો દ્વારા ગેરમાર્ગે દોરવામાં ન આવે અથવા ગેરવાજબી કરારો માટે ફરજ પાડવામાં ન આવે તે સુનિશ્ચિત કરવા માટે એક મહત્વપૂર્ણ પગલું ચિહ્નિત કરે છે. તેઓ કોચિંગમાં રોકાયેલા દરેક વ્યક્તિને લાગુ પડે છે, એટલે કે માત્ર કોચિંગ કેન્દ્રો જ નહીં, પરંતુ જાહેરાતો દ્વારા તેમની સેવાઓનો પ્રચાર કરતી જાહેર વ્યક્તિઓ પણ. કોચિંગ સંસ્થાઓને ઓફર કરાયેલા અભ્યાસક્રમો, તેમની અવધિ, ફેકલ્ટી લાયકાત, ફી, રિફંડ નીતિઓ, પસંદગી દર, સફળતાની વાર્તાઓ, પરીક્ષા રેન્કિંગ, નોકરીની સુરક્ષાના વચનો, ખાતરીપૂર્વકના પ્રવેશ, ઉચ્ચ પરીક્ષાના સ્કોર્સ, ખાતરીપૂર્વકની પસંદગીઓ અથવા પ્રમોશન, તેઓ ઉમેરે છે. નોંધપાત્ર રીતે, કોચિંગ સંસ્થાઓ પસંદગી પછીની સંમતિ વિના સફળ ઉમેદવારના ફોટોગ્રાફ, નામ અથવા પ્રશંસાપત્રનો ઉપયોગ કરી શકતી નથી. આ દબાણને દૂર કરવા માટે છે કે જે ઘણા વિદ્યાર્થીઓ નોંધણી વખતે સામનો કરે છે, કરાર પર હસ્તાક્ષર કરવા દબાણ કરે છે. સંભવિત વિદ્યાર્થીઓએ પણ સાવચેત રહેવું જોઈએ અને ચકાસવું જોઈએ કે સફળ ઉમેદવારો ખરેખર કયા અભ્યાસક્રમોમાં નોંધાયેલા હતા. ઉદાહરણ તરીકે, ઘણાં UPSC ઉમેદવારો પ્રિલિમ અને મેઈન્સ પાસ કરે છે અને માત્ર ઈન્ટરવ્યુ માર્ગદર્શન માટે કોચિંગ સેન્ટરનો ઉપયોગ કરે છે. માર્ગદર્શિકા મુજબ, સંસ્થાઓએ ફોટાની સાથે નામ, રેન્ક અને અભ્યાસક્રમની વિગતો જેવી માહિતી જાહેર કરવી જોઈએ અને જો વિદ્યાર્થી દ્વારા કોર્સ માટે ચૂકવણી કરવામાં આવી હોય તો પણ. અસ્વીકરણ અન્ય મહત્વપૂર્ણ વિગતોની જેમ સમાન ફોન્ટ સાઈઝમાં સ્પષ્ટપણે પ્રદર્શિત થવું જોઈએ. સેવાઓની ગુણવત્તા અથવા ધોરણ વિશેની ગેરમાર્ગે દોરતી રજૂઆતો પણ પ્રતિબંધિત છે અને સંસ્થાઓએ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સંસાધનો અને સુવિધાઓ સંબંધિત હકીકતોનું ચોક્કસ પ્રતિનિધિત્વ કરવું જોઈએ. એક સામાન્ય યુક્તિ એ પણ છે કે વિદ્યાર્થીઓને તાત્કાલિક નિર્ણયો લેવા દબાણ કરવા માટે મર્યાદિત બેઠકો અથવા અતિશયોક્તિભરી માંગને સૂચિત કરીને તાકીદ અથવા અછતની ખોટી ભાવના ઊભી કરવી, જે તમામ હવે નિયમો હેઠળ પ્રતિબંધિત છે. વિદ્યાર્થીઓને ગેરમાર્ગે દોરતી જાહેરાતો અને અન્યાયી વેપાર પ્રથાઓ અંગે ચિંતાઓ અથવા ફરિયાદો કરવા માટે નેશનલ કન્ઝ્યુમર હેલ્પલાઈન સાથે ભાગીદારી કરવા માટે કેશીંગ સેન્ટર પણ જરૂરી છે. કોઈપણ ઉલ્લંઘનને ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૨૦૧૯ના ઉલ્લંઘન તરીકે ગણવામાં આવશે. અધિકારીઓ કહે છે કે, CCPAને અપરાધીઓ સામે કડક પગલાં લેવાની સત્તા છે, જેમાં દંડ લાદવો, જવાબદારી સુનિશ્ચિત કરવી અને આવી ભ્રામક પ્રથાઓની વધુ ઘટનાઓને રોકવાનો સમાવેશ થાય છે.

## ઉર્દૂ ફોબિયા : રાજસ્થાનની ભાજપ સરકાર ઉર્દૂ શબ્દોના સ્થાને હિન્દી શબ્દો લાવી રહી છે

(એજન્સી) તા.૧૮

ભારતીય જનતા પાર્ટીની રાજસ્થાન સરકારે રાજ્ય પોલીસને પોલીસિંગ પરિભાષામાં વપરાતા ઉર્દૂ અને ફારસી શબ્દોને હિન્દી સાથે બદલવાનો નિર્દેશ આપ્યો છે. રાજ્યના પોલીસ વિભાગને આવા ઉર્દૂ શબ્દો અને હિન્દીમાં તેમના સંભવિત રિપ્લેસમેન્ટ વિશે માહિતી એકત્રિત કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.

આ વર્ષની શરૂઆતમાં ગૃહ વિભાગના રાજ્યમંત્રી જવાહર સિંહ બેધમે રાજસ્થાનના ડેપ્યુટી જનરલ ઓફ પોલીસ (ડીજીપી) યુ.આર. સાહુને પત્ર લખ્યા બાદ આ સંક્રમણ હાથ ધરવામાં આવી રહ્યું છે. તેમાં કહ્યું છે કે, ઉર્દૂ, ફારસી અને અરબી શબ્દોનો ઉપયોગ મુઘલ યુગથી શરૂ થયો હતો. મુઘલ યુગ દરમિયાન અને પછી, ઉર્દૂ ભાષા બોલાતી રહી અને શાળાઓમાં પણ શીખવવામાં આવી. પરંતુ સ્વતંત્રતા પછી, શિક્ષણ નીતિમાં સુધારા અને ફેરફારો થયા છે. તેમણે કહ્યું કે, હાલમાં હિન્દીનો વધુ ઉપયોગ થઈ રહ્યો છે અને સંસ્કૃતનો ઉપયોગ ત્રીજી ભાષા તરીકે થાય છે. હિન્દીનો ઉપયોગ થતો હોવાથી પોલીસ દળમાં નવા ભરતી અને અધિકારીઓ ઉર્દૂ વિશે વધુ જાણતા નથી. મેં અધિકારીઓ સાથે વાત કરી અને તેઓએ પણ કહ્યું કે આ બદલવું જોઈએ. એક્શન પ્લાન રજૂ કર્યા પછી, હું મુખ્યમંત્રી સાથે ચર્ચા કરીશ અને ખાતરી કરીશ કે પોલીસ કાર્યવાહી, તપાસ અને પત્રોમાં 'શુદ્ધ' હિન્દીનો ઉપયોગ થાય.

ડીજીપી સાહૂએ ૨૨ નવેમ્બરના રોજ એડિશનલ ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ (એડીજી) ટ્રેનિંગને એક પત્ર જારી કર્યો, જેમાં એડીજીને સામાન્ય રીતે વપરાતા ઉર્દૂ શબ્દોની યાદી બનાવવા અને તેમના હિન્દી વિકલ્પો સૂચવવા સૂચના આપી હતી. આ પત્રમાં નવી પોલીસ ભરતીઓને આ ફેરફારો વિશે માહિતી આપવા અને ઉર્દૂને તાલીમ સામગ્રીમાંથી દૂર કરવા માટે પણ કહેવામાં આવ્યું હતું.

અધિકૃત પોલીસ દસ્તાવેજો, જેમ કે એફઆઈઆર, ફરિયાદો, આરોપપત્રો અને અંતિમ અહેવાલો, હાલમાં નોંધપાત્ર સંખ્યામાં ઉર્દૂ અને ફારસી શબ્દો હોય છે, જેમાં 'થાના હજા' (સંબંધિત પોલીસ સ્ટેશન), 'તફતિશ' (તપાસ), અને 'મુશ્તગીશ' (તપાસ ફરિયાદી)નો સમાવેશ થાય છે.

વિપક્ષ કોંગ્રેસે આને ''સ્ટંટ'' કહ્યું છે અને ભજનલાલ શર્માની આગેવાની હેઠળની ભાજપ સરકારની ઉર્દૂ પોલીસિંગ પરિભાષાને હિન્દી સાથે બદલવાની કાર્યવાહી પર સવાલ ઉઠાવ્યા છે. તેમણે કહ્યું કે, આ શબ્દો ઘણા લાંબા સમયથી ઉપયોગમાં છે. સરકારે ઓછામાં ઓછા કાયદાકીય સમુદાય અને બાર કાઉન્સિલ જેવા પ્લેટફોર્મ સાથે ચર્ચા કરવી જોઈએ. સમગ્ર દેશમાં એકરૂપતા હોવી જોઈએ. જો આ ફેરફાર રાજસ્થાનમાં થાય છે પણ એ જ શબ્દો ઉત્તર પ્રદેશ કે મધ્યપ્રદેશમાં ઉપયોગમાં લેવાય તો તેનો ફાયદો શું છે? આ એક સ્ટંટ છે. આ પહેલીવાર નથી જ્યારે સરકારે ઉર્દૂ ભાષા પર હુમલો કર્યો હોય; અન્ય એક કિસ્સામાં, ૨૦૧૯માં શિક્ષણક્ષેત્રમાં, સરકારે ઉર્દૂ ભાષાના ઉપયોગમાં નોંધપાત્ર ઘટાડો કર્યો હતો. ધારાસભ્ય અમીન કાગઝીના મતવિસ્તારમાં, ધોરણ ૧થી ૫ના વિદ્યાર્થીઓ માટે ૨૦૧૯થી ઉર્દૂ શિક્ષણ બંધ કરવામાં આવ્યું છે. રાજસ્થાનની શાળાઓના વિલીનીકરણથી ઉર્દૂ શિક્ષણને ફટકો પડ્યો છે. વર્ષ ૨૦૧૪માં, ઉર્દૂ માધ્યમની પ્રાથમિક શાળા રાજસ્થાનના જયપુર શહેરમાં, હિન્દી માધ્યમની વરિષ્ઠ માધ્યમિક શાળા સાથે વિલીનીકરણ કરવામાં આવ્યું હતું. ૨૦૧૪થી મે ૨૦૧૭ સુધી, રાજસ્થાન સરકારે ૧૭,૦૦૦થી વધુ જાહેર શાળાઓને અન્ય સંસ્થાઓ સાથે મર્જ કરી છે, અને કહે છે કે શિક્ષણ અને સંસાધનોના આ એકત્રીકરણથી શિક્ષણની એકંદર ગુણવત્તામાં વધારો થશે. શ્રેયા રોય ચૌધરીના જણાવ્યા મુજબ, આ પ્રક્રિયાના ભાગરૂપે, શિક્ષણના માધ્યમ તરીકે લઘુમતી ભાષાઓનો ઉપયોગ કરતી શાળાઓને હિન્દી-માધ્યમ સંસ્થાઓમાં એકીકૃત કરવામાં આવી છે, જેનાથી આ ભાષાઓ બોલતા સમુદાયોમાં વ્યાપક રોષ ફેલાયો છે.

વર્ષ ૨૦૦૫-૦૬થી, અનેક કારણોસર ઉર્દૂ માધ્યમની શાળાઓને પુસ્તકોનો પુરવઠો અટકાવવામાં આવ્યો છે, ૨૦૧૪થી ઉર્દૂ શિક્ષણના હિન્દી સાથે વિલીનીકરણના આ સંયોજનને પરિણામે રાજ્યમાં ઉર્દૂ માધ્યમની શાળાઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. ૨૦૨૪ સુધીમાં, રાજસ્થાનમાં આઠ ઉર્દૂ માધ્યમની શાળાઓ છે, આ વિલીનીકરણ પહેલા રાજસ્થાનમાં રાજ્યમાં ૩૦થી વધુ ઉર્દૂ માધ્યમની શાળાઓ કાર્યરત હતી.

પોલીસિંગ પરિભાષા અને શિક્ષણ બંનેમાં હિન્દીને ઉર્દૂના સ્થાને લાવવા માટે રાજસ્થાન સરકારનું દબાણ ભાષાકીય એકરૂપીકરણના વ્યાપક વલણને પ્રતિબિંબિત કરે છે. રાજ્ય આ પગલાને સત્તાવાર અને શૈક્ષણિક ક્ષેત્રોમાં હિન્દીના વધતા જતાં વર્ચસ્વ માટે જરૂરી અનુકૂલન તરીકે વાજબી ઠેરવે છે, ત્યારે વિવેચકો અને વિપક્ષ તેને ઉર્દૂના ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્વને નષ્ટ કરવાનો રાજકીય આરોપ મૂકે છે.

## UG અભ્યાસક્રમો માટે IIT-મદ્રાસ કલ્ચરલ એક્સેલન્સ ક્વોટા શું છે અને કોણ પ્રવેશ માટે અરજી કરી શકે છે

(એજન્સી) તા.૧૮

IIT-મદ્રાસે અંડરગ્રેજ્યુએટ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ફાઈન આર્ટસ અને કલ્ચર એક્સેલન્સ ક્વોટા દાખલ કરવાનો નિર્ણય લીધો છે. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી (IIT) મદ્રાસના ડિરેક્ટર વી. કામકોટીના જણાવ્યા અનુસાર, સંસ્થા અંડરગ્રેજ્યુએટ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે કલ્ચરલ એક્સેલન્સ ક્વોટા (FACE) ક્વોટા ઑફર કરતી દેશની પ્રથમ IIT બની છે. ક્વોટા ૨૦૨૫-૨૬ શૈક્ષણિક સત્રથી લાગુ થશે.

તેનો ઉદ્દેશ્ય એવા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાનો છે જેઓ લલિત કળા અને સંસ્કૃતિમાં ઉત્કૃષ્ટ છે, કામકોટીએ જણાવ્યું હતું. IIT મદ્રાસ અગાઉ પણ શૈક્ષણિક સત્ર ૨૦૨૪-૨૫થી અંડરગ્રેજ્યુએટ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે સ્પોર્ટ્સ ક્વોટા દાખલ કરનારી પ્રથમ IIT બની હતી. કામકોટીના જણાવ્યા અનુસાર, FACE ક્વોટા હેઠળ IIT-મદ્રાસના તમામ મ્નીઝર અને BS કોર્સમાં બે-બે બેઠકો ફાળવવામાં આવશે. આ બે બેઠકોમાંથી એક મહિલા માટે અનામત રહેશે. રસ ધરાવતા ઉમેદવારોએ આ ક્વોટા હેઠળ પ્રવેશ માટે IIT-Madras/FACE એડમિશન પોર્ટલ મારફતે અરજી કરવાની રહેશે. FACE હેઠળ પ્રવેશ પ્રક્રિયા જોઈન્ટ સીટ એલોકેશન ઓથોરિટી પોર્ટલ દ્વારા નહીં, પરંતુ IIT-મદ્રાસ દ્વારા જાળવવામાં આવેલા અલગ પોર્ટલ પર કરવામાં આવશે. દરેક ઉમેદવારને તેની/તેણીની શ્રેણી મુજબ લલિત કળા અને સંસ્કૃતિમાં તેની શ્રેષ્ઠતાને આધારે ગુણ મળશે. FACE રેન્ક લિસ્ટ (FRL) ઉમેદવારોએ વિવિધ લલિત કળા અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં તેમના પ્રદર્શન અથવા તેમને મળેલા પુરસ્કારો અથવા શિષ્યવૃત્તિના આધારે મેળવેલા કુલ ગુણના આધારે તૈયાર કરવામાં આવશે. ઉમેદવારે JEE (એડવાન્સ્ડ) ૨૦૨૫ની લાયકાત મેળવવી અને કોમન રેન્ક લિસ્ટ (CRL) અથવા કેટેગરી મુજબની રેન્ક લિસ્ટમાં સ્થાન મેળવવું ફરજિયાત છે.

## કોંગ્રેસે પ્રિયંકા ગાંધીને 'વન નેશન, વન ઈલેક્શન' બિલ અંગેની JPC માટે નોમિનેટ કર્યાં

(એજન્સી) તા.૧૮

'એક દેશ, એક ચૂંટણી' એટલે કે 'વન નેશન, વન ઈલેક્શન' બિલ ગઈકાલે (૧૭ ડિસેમ્બર) લોકસભામાં રજૂ કરાયું હતું. આ બિલને 'બંધારણ (૧૨૯મો સુધારો) બિલ ૨૦૨૪' નામ આપવામાં આવ્યું છે. હવે આ બિલને સંયુક્ત સંસદીય સમિતિ (JPC)ને મોકલવામાં આવ્યું છે. લોકસભાના અધ્યક્ષ જેપીસીની રચના કરશે, જેમાં કોંગ્રેસના ચાર નેતા પણ સામેલ હશે. કોંગ્રેસે આ નામો ફાઈનલ કરી લોકસભા અધ્યક્ષને મોકલી દીધા છે. સમિતિમાં રાજ્યસભા અને લોકસભાના સભ્યો સામેલ હશે અને તેઓ કોઈપણ મુદ્દા અથવા બિલની સંપૂર્ણ સમીક્ષાનો રિપોર્ટ તૈયાર કરશે. ત્યારબાદ તેને સરકાર સમક્ષ મોકલાશે. સૂત્રોના જણાવ્યા મુજબ કોંગ્રેસ તરફથી સંયુક્ત સંસદીય સમિતિમાં સામેલ કરવા માટે મનીષ તિવારી, પ્રિયંકા ગાંધી, સુખદેવ ભગત અને રણદીપ સુરજેવાલાનું નામ ફાઈનલ કરવામાં આવ્યું છે. એટલે કે આ નેતાઓ વન નેશન, વન ઈલેક્શન અંગેની બાબતો જેપીસીમાં રજૂ કરશે. મનીષ તિવારી અને રણદીપ સૂરજેવાલા વકીલ છે, જ્યારે સુખદેવ ભગત આદિવાસી નેતા તરીકે ઓળખાય છે. પ્રિયંકા ગાંધી મહિલાઓનું નેતૃત્વ કરશે. ઈન્ડિયા ગઠબંધનમાં સામેલ દ્રવિડ મુનેત્ર કઝગમ (DMK) તરફથી જેપીસીમાં પી. વિલ્સનને તક મળવાની સંભાવના છે. વિલ્સમ જાણીતા વકીલ છે. આ ઉપરાંત ડીએમકે સાંસદ ટી. સેલ્વાગેથીનું નામ પણ અધ્યક્ષ સમક્ષ મોકલી શકે છે. સમાજવાદી પાર્ટી તરફથી સાંસદ ધર્મેન્દ્ર યાદવ, તૃણમૂલ કોંગ્રેસ (TMC) તરફથી કલ્યાણ બેનરજી અને સાકેત ગોખલેની પણ જેપીસીમાં સામેલ થવાની સંભાવના છે. જેપીસીમાં કેટલા સભ્યોને સામેલ કરી શકાય છે, તે અંગે લોકસભા અધ્યક્ષ નિર્ણય કરે છે. કમિટીમાં રાજ્યસભા અને લોકસભા બંનેના સભ્યોને સામેલ કરવામાં આવે છે. સામાન્ય રીતે રાજ્યસભાના સભ્યોની સરખામણીમાં લોકસભાના સભ્યો આમાં વધુ હોય છે. કેન્દ્ર સરકાર જેપીસીના રિપોર્ટના આધારે સંશોધિત બિલ ગૃહમાં રજૂ કરે છે. વન નેશન-વન ઈલેક્શન બિલ એ બંધારણીય સુધારો છે અને તેના માટે સરકારને વિશેષ બહુમતીની જરૂર છે. તેથી જ કેન્દ્ર સરકાર જેપીસીની મદદથી સર્વસંમતિ બનાવવાની કવાયતમાં લાગી ગઈ છે. ઉલ્લેખનીય છે કે, લોકસભામાં ગઈકાલે (૧૭ ડિસેમ્બર) 'વન નેશન, વન ઈલેક્શન' બિલ રજૂ કરાયું હતું. કેન્દ્રીય કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલ આ બિલને ગૃહમાં રજૂ કરતાં જ કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી અને તૃણમૂલ કોંગ્રેસ સહિતના પક્ષોએ જોરદાર હોબાળો કર્યો હતો. બીજી તરફ, નીતિશ કુમાર, ચંદ્રાબાબુ નાયડુ અને વાયએસઆરસીપીના જગન મોહન રેડ્ડીએ આ બિલને ટેકો જાહેર કર્યો હતો. અધ્યક્ષ ઓમ બિરલાએ કહ્યું હતું કે, બિલની તરફેણમાં ૨૬૯ મત અને વિરોધમાં ૧૯૮ મત પડ્યા છે.

## લાંબા સમય સુધી કબજો, નાણાકીય રોકાણ અને સત્તાધિકારીની નિષ્ક્રિયતાના બહાના હેઠળ ગેરકાયદે બાંધકામોને કાયદેસર જાહેર કરી શકાય નહીં : સુપ્રીમ કોર્ટ

(એજન્સી) તા.૧૮

સર્વોચ્ચ અદાલતે અવલોકન કર્યું હતું કે ગેરકાયદેસર બાંધકામો, તેમના રોકાણ અથવા કબજાને ધ્યાનમાં લીધા વિના નિયમિત કરી શકાતા નથી. કોર્ટે કહ્યું કે, અમારો અભિપ્રાય છે કે સ્થાનિક સત્તાધિકારી દ્વારા મંજૂર કરાયેલા બિલ્ડિંગ પ્લાનનું ઉલ્લંઘન અથવા વિચલન સાથેનું બાંધકામ અને કોઈપણ બિલ્ડિંગ પ્લાનિંગ મંજૂરી વિના બાંધકામોને પ્રોત્સાહિત કરી શકાય નહીં. દરેક બાંધકામ નિયમોનું ચુસ્તપણે પાલન કરતું હોવું જોઈએ. કોઈપણ ઉલ્લંઘનની ઘટનામાં અદાલતોના ધ્યાન પર લાવવામાં આવે છે અને તેમને આપવામાં આવતી કોઈપણ ખોટી સહાનુભૂતિ અયોગ્ય હશે. જસ્ટિસ જે.બી. પારડીવાલા અને આર. મહાદેવનની બેન્ચે અપીલકર્તાઓ દ્વારા ખરીદવામાં આવેલા બાંધકામોને તોડી પાડવાના અલ્હાબાદ હાઈકોર્ટના નિર્ણયને પડકારતી અપીલને ફગાવી દીધી હતી. ઉત્તરદાતા નં.૫ અને ૬ દ્વારા પ્રતિવાદી નંબર ૧, યુ.પી. દ્વારા ફાળવવામાં આવેલી જમીન પર દુકાનો અને કોમર્શિયલ જગ્યાઓ ગેરકાયદેસર રીતે બનાવવામાં આવી હતી અને તે હાઉસિંગ એન્ડ ડેવલપમેન્ટ બોર્ડ, જરૂરી મંજૂરીઓ મેળવ્યા વિના બાંધવામાં આવી હતી. પ્રતિસાદકર્તા નંબર ૧એ દલીલ કરી હતી કે બાંધકામ રહેણાંક ઝોનિંગનું ઉલ્લંઘન હતું અને તેમાં વૈધાનિક મંજૂરીઓનો અભાવ હતો. તે જણાવે છે કે મૂળ ફાળવણીકર્તા (પ્રતિવાદી નં.૫ અને ૬) અને અપીલકર્તાને ઘણી નોટિસો આપવામાં આવી હતી, પરંતુ કોઈ સુધારાત્મક પગલાં લેવામાં આવ્યા ન હતા. તેમના મતે વિલંબ અને નિષ્ક્રિયતા ગેરકાયદે બાંધકામોને માન્યતા આપતા નથી. હાઈકોર્ટના નિર્ણયને સમર્થન આપતા, જસ્ટિસ મહાદેવનના ચુકાદામાં જણાવ્યું હતું કે ફરજિયાત કાયદાકીય જોગવાઈઓના ઉલ્લંઘન સાથે ગેરકાયદે બાંધકામોને મંજૂરી આપી શકાતી નથી. કોર્ટે નોંધ્યું હતું કે લાંબા સમય સુધી કબજો, નાણાકીય રોકાણ અને સત્તાધિકારીની નિષ્ક્રિયતા અનધિકૃત માળખાને કાયદેસર બનાવતી નથી. કોર્ટે જણાવ્યું છે કે ગેરકાયદેસર રીતે અનધિકૃત બાંધકામને કાયમી રાખી શકાય નહીં. જો બાંધકામ અધિનિયમો/નિયમોના ઉલ્લંઘનમાં કરવામાં આવ્યું હોય, તો તેને ગેરકાયદેસર અને અનધિકૃત બાંધકામ તરીકે સમજવામાં આવશે, જેને તોડી પાડવું આવશ્યક છે. તેને કાયદેસર બનાવી શકાશે નહીં અથવા ફક્ત સમય પસાર કરવાના આશય



### કોર્ટે કહ્યું હતું કે જે અધિકારીઓ અનધિકૃત બાંધકામોને ખોટા કમ્પ્લીશન/ઓક્યુપન્સી સર્ટિફિકેટ ઈશ્યુ કરે છે તેમની વિરૂદ્ધ વિભાગીય કાર્યવાહી થશે

હેઠળ અથવા સત્તાવાળાઓની નિષ્ક્રિયતાને ટાંકીને અથવા ઉપરોક્ત બાંધકામ પર નોંધપાત્ર નાણાં ખર્ચવામાં આવ્યા છે તેવું બહાનું લઈને તેને સુરક્ષિત કરી શકાશે નહીં. ગેરકાયદેસરતાને નોંધવામાં વિલંબ, વહીવટી નિષ્ફળતા, નિયમનકારી અક્ષમતા, બાંધકામ અને રોકાણની કિંમત, કાયદા હેઠળ તેમની જવાબદારી નિભાવવામાં સંબંધિત સત્તાવાળાઓની બેદરકારી અને શિથિલતાનો કાર્યવાહીનો બચાવ કરવા માટે ઢાલ તરીકે ઉપયોગ કરી શકાતો નથી. અધિકારીઓને પણ તેમાં છૂટ આપી ન આપી શકાય અને કાયદાના ઉલ્લંઘન સાથે બિલ્ડિંગની પરવાનગી આપનારા અધિકારીઓ સામે પગલાં લેવામાં આવશે. ખોટી રીતે પૂર્ણતા/વ્યવસાય પ્રમાણપત્ર જારી કરવા માટે જવાબદાર અધિકારીઓને ચેતવણી આપતા કોર્ટે કહ્યું છે કે તેમની સામે તરત જ ખાતાકીય કાર્યવાહી કરવામાં આવશે. જ્યાં સુધી વહીવટ સુવ્યવસ્થિત કરવામાં નહીં આવે અને કાયદાના અમલીકરણ માટે સોંપવામાં આવેલી વ્યક્તિઓને વૈધાનિક જવાબદારીઓ નિભાવવામાં તેમની નિષ્ફળતા માટે જવાબદાર ગણવામાં નહીં આવે, ત્યાં સુધી આ પ્રકૃતિના ઉલ્લંઘનો થતાં રહેશે. જો અધિકારીઓને છૂટ આપવામાં આવશે, તો તેઓ ઉત્સાહિત થશે. સંપૂર્ણતા પ્રમાણપત્ર જારી કર્યા પછી પણ, જો કોઈ વિચલન/ઉલ્લંઘન અને પરવાનગીની વિરૂદ્ધ હોય તો સત્તાધિકારીના ધ્યાન પર લાવવામાં આવે તો સંબંધિત સત્તાધિકારી દ્વારા, કાયદા અનુસાર, બિલ્ડર/માલિક/કબજેદાર સામે તાત્કાલિક પગલાં લેવા જોઈએ; અને જે અધિકારી ખોટી રીતે પૂર્ણતા/વ્યવસાય પ્રમાણપત્ર જારી કરવા માટે જવાબદાર છે તેની સામે વિભાગીય રીતે તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવશે.

## GUJCET 2025 એપ્લિકેશન પ્રક્રિયા gujcet.gseb.org પર શરૂ, નોંધણી માટેનાં પગલાં

**GUJCET 2025 : રસ ધરાવતા અને લાયક ઉમેદવારો gujcet.gseb.org પર સત્તાવાર વેબસાઈટની મુલાકાત લઈને પરીક્ષા માટે અરજી કરી શકે છે. અરજી કરવાની છેલ્લી તારીખ ૩૧ ડિસેમ્બર છે**

(એજન્સી) તા.૧૮

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ (GSHSEB)એ ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (GUJCET) ૨૦૨૫ની નોંધણી પ્રક્રિયા શરૂ કરી છે. રસ ધરાવતા અને લાયક ઉમેદવારો gujcet.gseb.org પર સત્તાવાર વેબસાઈટની મુલાકાત લઈને પરીક્ષા માટે અરજી કરી શકે છે. અરજી કરવાની છેલ્લી તારીખ ૩૧ ડિસેમ્બર છે. પરીક્ષામાં નોંધણી કરાવવા માટે ઉમેદવારોએ ૩૫૦ રૂપિયાની અરજી ફી ચૂકવવી પડશે. સત્તાવાર સૂચના અનુસાર, GSEB ૨૩ માર્ચ, ૨૦૨૫ના રોજ GUJCET ૨૦૨૫ પરીક્ષાનું આયોજન કરશે.

**GUJCET ૨૦૨૫ પાત્રતા માપદંડ**

શૈક્ષણિક લાયકાત : ઉમેદવારે ફરજિયાત વિષયો તરીકે ગણિત અને ભૌતિકશાસ્ત્ર અને અન્ય વિષયો તરીકે રસાયણશાસ્ત્ર, જીવવિજ્ઞાન અને કોમ્પ્યુટર સાથે ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ અથવા તેમાં હાજર હોય. GUJCET માટે અરજી કરવા માટે જરૂરી ગુણની લઘુત્તમ ટકાવારી બિનઅનામત કેટેગરીના ઉમેદવારો માટે ૪૫ ટકા અને અનામત કેટેગરીના ઉમેદવારો માટે ૪૦ ટકા છે.

ઉંમર મર્યાદા : GUJCET પરીક્ષા માટે અરજી કરનારા ઉમેદવારોની ઉંમર ઓછામાં ઓછી ૧૭ વર્ષની હોવી જોઈએ.

**GUJCET 2025 માટે કેવી રીતે અરજી કરવી ?**

પગલું ૧ : GSEBની અધિકૃત વેબસાઈટ-gujcet.gseb.orgની મુલાકાત લો
પગલું ૨ : હોમપેજ પર GUJCET 2025 નોંધણી ટેબ પર ક્લિક કરો
પગલું ૩ : હવે નવા નોંધણી બટન પર ક્લિક કરો અને જરૂરી વિગતો ભરો
પગલું ૫ : એકવાર થઈ ગયા પછી તમારા એકાઉન્ટમાં લૉગ ઈન કરો અને ઑનલાઈન અરજી ફોર્મ ભરો
પગલું ૬ : બધા જરૂરી દસ્તાવેજો અપલોડ કરો
પગલું ૭ : નોંધણી ફી સબમિટ કરો અને અંતિમ સબમિશન લિંક પર ક્લિક કરો
પગલું ૮ : તમારૂં GUJCET 2025 એપ્લિકેશન ફોર્મ ડાઉનલોડ કરો અને ભવિષ્યના સંદર્ભ માટે પ્રિન્ટઆઉટ લો.

GUJCET 2025ના અભ્યાસક્રમમાં ૧૧મા અને ૧૨મા ધોરણના બંને વર્ગોના વિષયો સામેલ હશે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ગ્રુપ ૯, ગ્રુપ B અને ગ્રુપ ABના વિદ્યાર્થીઓ માટે પરીક્ષા લેવામાં આવશે. સત્તાવાર સૂચના મુજબ, JEE Main 2025એ એન્જિનિયરિંગ અને ફાર્મસી પ્રોગ્રામ્સમાં પ્રવેશ માટેની GUJCET પરીક્ષાનું સ્થાન લેશે નહીં. GSEB HSC પરીક્ષાઓ માટે હાજર રહેલા ઉમેદવારો કે જેઓ એન્જિનિયરિંગ, ફાર્મસી ડિપ્લોમા અથવા ડિગ્રી કોર્સ કરવા માગે છે તેઓએ પ્રવેશ માટે પરીક્ષામાં હાજર રહેવું આવશ્યક છે.

# ભારતના લોકોનો ધર્મ લોકશાહી હોવો જોઈએ અને બંધારણ તેમનું પવિત્ર પુસ્તક હોવું જોઈએ : સૈયદ નાસીર હુસૈન

## ડૉ. સૈયદ નાસીર હુસૈને ચેતવણી આપી કે ભારત 'લઘુમતી-દ્વેષી રાષ્ટ્ર' બની રહ્યું છે

(એજન્સી) તા.૧૮

કોંગ્રેસના સાંસદ સૈયદ નાસીર હુસૈને જણાવ્યું હતું કે ભારત એક બહુ-ધાર્મિક સમાજ છે પરંતુ દેશનો ધર્મ ફક્ત 'લોકશાહી' અને તેનું પવિત્ર પુસ્તક ભારતનું બંધારણ હોવું જોઈએ. તેમણે એમ પણ કહ્યું હતું કે લઘુમતી અધિકારોનો વિષય એવા દરેક દેશ માટે સુસંગત છે જે પોતાને એક સંસ્કારી રાષ્ટ્ર કહે છે, પરંતુ દેશમાં પ્રવર્તમાન વાતાવરણને જોતા ભારત ટૂંક સમયમાં 'લઘુમતી-દ્વેષી રાષ્ટ્ર'માં ફેરવાઈ રહ્યું છે. તેઓ રાજ્યસભામાં 'ભારતના બંધારણના ૭૫ વર્ષની ભવ્ય યાત્રા' પર ચર્ચામાં ભાગ લઈ રહ્યા હતા. તેમણે કહ્યું કે, આ સરકાર સાંપ્રદાયિક વિભાજનને રાજ્યની નીતિ બનાવી દીધી છે, અને આ બંધારણના ઘડવૈયાઓ અને સર્વસમાવેશક રાષ્ટ્રના વિઝન સાથે છેતરપિંડી છે. દેશમાં ધ્રુવીકરણની ખતરનાક રાજનીતિનો આક્ષેપ કરતાં, તેમણે દાવો કર્યો કે ભય અને નફરતનું વાતાવરણ ઊભું કરવામાં આવ્યું છે



અને લઘુમતીઓને આજે લાગે છે કે તેમની સ્થિતિ જર્મનીમાં નાઝી શાસન દરમિયાન યહૂદીઓ જેવી છે. તેમણે ભારતીય બંધારણની કલમ ૨૫ વિશે પણ વાત કરી, જે ધર્મની સ્વતંત્રતાનો મૂળભૂત અધિકાર પ્રદાન કરે છે અને કલમ ૨૬, જે કોઈની ધાર્મિક બાબતોનું સંચાલન કરવાની સ્વતંત્રતા પ્રદાન કરે છે. દરેક હિન્દુસ્તાનીનો એક અથવા બીજો ધર્મ હોય છે. આપણે બધા એક યા બીજા ધર્મમાં જન્મ્યા છીએ અને દરેક ધર્મમાં એક પવિત્ર પુસ્તક છે. પરંતુ હું માનું છું કે હિન્દુસ્તાનનો ધર્મ 'લોકશાહી' હોવો જોઈએ અને તેનું પવિત્ર પુસ્તક બંધારણ હોવું જોઈએ. હુસૈને બાંગ્લાદેશમાં હિન્દુઓ, પાકિસ્તાનમાં હિન્દુઓ અને શીખો અને શ્રીલંકામાં તમિલ સમુદાય વિશે પણ વાત કરી હતી. કોંગ્રેસ વિરૂદ્ધ વડાપ્રધાનની ટિપ્પણીનો ઉલ્લેખ કરતા, રાજકારણ માટે બંધારણનો ઉપયોગ કરવાનો આરોપ લગાવતા, હુસૈને કહ્યું કે, કોંગ્રેસ માટે, બંધારણ એ દેશની વિશાળ જનતા માટે સામાજિક અને આર્થિક પરિવર્તન માટે સંઘર્ષનું સાધન છે. ભ્રષ્ટાચાર મુદ્દે 'ઝીરો ટોલરન્સ' અંગે વડાપ્રધાનના અગાઉના નિવેદન પર, તેમણે કહ્યું કે તો પછી તેમની સરકારે અદાણી જૂથ તેમજ ચૂંટણી બોન્ડ્સ સામેના ભ્રષ્ટાચારના આરોપોની તપાસ કરવી જોઈએ.

# ઉદ્ધવ ઠાકરે સીએમ દેવેન્દ્ર ફડણવીસને મળ્યા અને વીર સાવરકર માટે ભારત રત્નની માગણી કરી

(એજન્સી) નાગપુર, તા.૧૮

પક્ષની મૂળભૂત વિચારધારાને તરછોડી દીધી હોવાના આક્ષેપનો સામનો કરી રહેલા ઉદ્ધવ ઠાકરે કટ્ટરપંથી હિન્દુત્વ તરફ પાછા વળવાના પ્રયાસરૂપે વીર સાવરકર માટે ભારત રત્નની માગણી કરી છે. હજુ સુધી ભાજપે દેશના મહાન આઝાદી વીર સાવરકરને કેમ મારા તરફના દેશના સર્વોચ્ચ સન્માનથી વિભૂષિત કર્યા નથી એ અંગે ઉદ્ધવ ઠાકરે ભાજપ સામે સવાલો ઉઠાવ્યા હતા. નાગપુરમાં મહારાષ્ટ્ર વિધાનસભાના શિયાળુ સત્રમાં હાજરી આપ્યા બાદ તેમણે પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે જ્યારે દેવેન્દ્ર ફડણવીસ સીએમ હતા ત્યારે તેમણે સાવરકરને ઉચ્ચ ભારતીય સન્માન આપવા માટેની વિનંતી સાથેનો પત્ર પીએમ મોદીને પાઠવ્યો હતો. અત્યારે પણ તેઓ ફરી સીએમ બન્યા છે અને મારી માંગણી વિશે હજુ કોઈ વિચારણા કરવામાં આવી નથી. ભાજપને સાવરકર વિશે બોલવાનો કોઈ અધિકાર નથી. હું મારી માંગણી દોહરાવું છું કે સાવરકરને દેશનું સર્વોચ્ચ સન્માન એનાયત થવું જોઈએ. ઉદ્ધવ ઠાકરે જવાહરલાલ નહેરૂના ઈતિહાસ વિશેની ડિબેટથી આગળ વધવા ભાજપ અને કોંગ્રેસને અનુરોધ કર્યો હતો અને દેશને જે જરૂર છે એ વિકાસના નિર્ણાયક અને મહત્ત્વના મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાની સલાહ આપી હતી. તેમણે કહ્યું હતું કે સાવરકર અને નહેરૂ બંને ઐતિહાસિક વિભૂતિઓ છે અને બંનેનું યોગદાન છે. આજે આપણે વિકાસ પર ધ્યાન આપવાનું છે. કિસાનોના પ્રશ્નો છે અને પાયાના માળખાના વિકાસના મુદ્દા છે બેરોજગારી દૂર કરવાની છે. વિધાનસભા સત્રમાં હાજરી બાદ તેઓ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસને મળ્યા હતા અને એમને મુખ્યમંત્રી બનવા બદલ અભિનંદન આપ્યા હતા. એમની સાથે આદિત્ય ઠાકરે અને અનિલ પરબ, વરૂણસર દેસાઈ તથા અંબા દાસ દાનવે જેવા શિવસેનાના નેતાઓ પણ જોડાયા હતા. બાદમાં સીએમ તેમજ શિવસેનાના નેતા ઉદ્ધવ



ઠાકરે વચ્ચે બંધ બારણે ખાસ બેઠક યોજાઈ હતી જે ૧૦થી ૧૫ મિનિટ ચાલી હતી. આ બેઠક પછી એવી ચર્ચા થતી સંભળાય છે કે વિરોધ પક્ષના નેતાનો હોદ્દો કદાચ ઉદ્ધવસિંહ સેનાને આપવામાં આવશે જે વિરોધ પક્ષમાં સૌથી મોટા પક્ષ તરીકે ઉપસી આવ્યો છે. ગૃહમાં ઉદ્ધવ જૂથના ૨૦ ધારાસભ્ય છે. ચૂંટણી પરિણામો પછી બંને નેતાઓ વચ્ચે આ પહેલીવાર બેઠક યોજાઈ છે. તે પહેલા પ્રચાર દરમિયાન બંને વચ્ચે ભારે જોરદાર પ્રચાર યુદ્ધ થયું હતું. ઉદ્ધવ ઠાકરે જણાવ્યું હતું કે એક ચૂંટણીઓ પૂરી થઈ છે અને એમની સરકાર બની ગઈ છે એટલે હવે રાજ્યમાં ખૂબ સુસંસ્કૃત રાજકીય હવામાન સર્જાય એવી ધારણા રાખું છું લોકોની અપેક્ષાઓ એમને પૂરી કરવાની રહે છે અને અમે તે માટે અમારો અવાજ ઉઠાવતા રહીશું. આદિત્ય ઠાકરે એ જણાવ્યું હતું કે અમારી વચ્ચે કોઈ અંગત દુશ્મનીઓ નથી. હવે સભ્ય રાજકીય વાતાવરણ સર્જાય એ જરૂરી છે અને આવતા પાંચ વર્ષ રાજ્યના હિતમાં સૌ સાથે મળીને કામ કરે. ઉદ્ધવ ઠાકરે સાવરકર અંગે કરેલી માંગણી વિશે કોંગ્રેસે કોઈ હજી પ્રતિક્રિયા આપી નથી. મોડી સાંજ સુધી કોંગ્રેસ તરફથી કોઈ જ પ્રતિક્રિયા મળી નથી. જોડાણમાં ખૂબ જ નાજુક અને સંવેદનશીલ પરિસ્થિતિ સર્જાય છે અને તિરાડો દેખાઈ રહી છે.

# નીતિન ગડકરી સહિત ભાજપના અન્ય ૧૯ સાંસદો 'વન નેશન વન ઈલેકશન' સત્રમાં ગેરહાજર રહ્યા : તેઓને નોટિસ આપવામાં આવી શકે છે

## ભાજપે ત્રણ લીટીનો વ્હીપ જારી કરીને તમામ સાંસદોને સત્ર માટે ગૃહમાં હાજર રહેવાનું ફરજિયાત કર્યું હતું. આ બિલની તરફેણમાં ૨૬૯ મતો મળ્યા અને ૯૦ મિનિટની ચર્ચા અને મતોના વિભાજન બાદ ૧૯૮ સાંસદોએ તેની વિરૂદ્ધમાં મત આપ્યો હતો

(એજન્સી) તા.૧૮

સંસદમાં એક રાષ્ટ્ર, એક ચૂંટણી બિલની રજૂઆત દરમિયાન મંગળવારે લોકસભામાં ગેરહાજર રહેવા માટે નીતિન ગડકરી, ગિરિરાજસિંહ અને જ્યોતિરાદિત્ય સિંધિયા જેવા વરિષ્ઠ નેતાઓ સહિત ભાજપના કુલ ૨૦ સાંસદોને નોટિસ આપવામાં આવી શકે છે. પાર્ટીએ ત્રણ લીટીનો વ્હીપ જારી કરીને તમામ સાંસદોને સત્ર માટે ગૃહમાં હાજર રહેવાનું ફરજિયાત કર્યું હતું. જો કે, આ ધારાશાસ્ત્રીઓની ગેરહાજરીના કારણે ભાજપે તેમને પક્ષના આદેશોને અવગણવા બદલ જવાબદાર ઠેરવવા માટે નોટિસો આપવા જણાવ્યું છે. સમગ્ર દેશમાં એકસાથે ચૂંટણી કરાવવાના સરકાર માટે આ બિલ, કાયદા પ્રધાન અર્જુનરામ મેઘવાલે ભારે ચર્ચા વચ્ચે લોકસભામાં રજૂ કર્યું હતું. વિપક્ષે આ પગલાને "સરમુખત્યારશાહી" અને ભારતના સંઘીય માળખા પરના હુમલો કહ્યો છે. અત્યંત વિરોધ હોવા છતાં, બંધારણ (૧૨૯મો સુધારો) ખરડો ૯૦ મિનિટની ચર્ચા અને મતોના વિભાજન પછી તેની તરફેણમાં ૨૬૯ અને વિરોધમાં



૧૯૮ મતો સાથે પ્રારંભિક તબક્કામાં આ ખરડો પસાર થયો છે. મેઘવાલે, ચર્ચા દરમિયાન ઉઠાવવામાં આવેલી ચિંતાઓ અંગે ગૃહને ખાતરી આપી હતી કે કાયદો રાજ્યોની સ્વાયત્તતા અથવા સત્તામાં દખલ કરશે નહીં. વધુમાં, દિલ્હી, પુડુચેરી અને જમ્મુ અને કાશ્મીરની ચૂંટણીઓને લોકસભાની ચૂંટણીઓ સાથે ગોઠવવાના ઉદ્દેશ્ય સાથે કેન્દ્રશાસિત પ્રદેશો સુધારણા બિલ પણ રજૂ કરવામાં આવ્યું હતું. મેઘવાલે વિપક્ષના એવા દાવાઓને ફગાવી દીધા હતા કે બિલ મૂળભૂત માળખાના સિદ્ધાંતનું ઉલ્લંઘન કરે છે, અને કહ્યું છે કે આ કાયદો બંધારણીય સિદ્ધાંતોનું પાલન કરે છે. બંધારણ સુધારા બિલની રજૂઆત માટે સાદી બહુમતી જરૂરી છે, તેના પસાર થવા માટે સરકારને ગૃહમાં બે-તૃતિયાંશ બહુમતી મેળવવાની જરૂર પડશે. કોંગ્રેસના નેતા મણિકમ ટાગોરે કહ્યું કે આ બિલ લોકસભામાં બહુમતી મેળવવામાં નિષ્ફળ રહ્યું છે. વિપક્ષોએ દાવો કર્યો કે આ બિલ બહુમતી મેળવવામાં નિષ્ફળ ગયું છે. કોંગ્રેસના નેતા મણિકમ ટાગોરે જણાવ્યું હતું કે સરકાર કુલ ૪૬૧માંથી ૩૦૭ મતો મેળવવામાં નિષ્ફળ રહી હતી. આજની તારીખે, ભાજપની આગેવાની હેઠળના એનડીએ પાસે તેની રેન્કમાં ૨૯૩ સાંસદો છે, જ્યારે કોંગ્રેસની આગેવાની હેઠળના ભારત ગઠબંધન પાસે ૨૩૪ સાંસદો છે. સંપૂર્ણ હાજરી સાથે પણ, એનડીએ પાસે બંધારણમાં સુધારા માટેના બિલ પસાર કરવા માટે જરૂરી આંકડાનો અભાવ છે. જરૂરી બે-તૃતિયાંશ બહુમતી મેળવવા માટે, ભાજપને અન્ય પક્ષોના સમર્થનની જરૂર પડશે. આ પરિસ્થિતિમાં, પક્ષ વાયએસઆર કોંગ્રેસના સમર્થન પર આધાર રાખી શકે છે, જેની પાસે ચાર સાંસદો છે, અને અકાલી દળ, એક સાંસદ છે અને આ બંનેએ તેમના સમર્થનનું વચન આપ્યું છે. આ બિલને સંયુક્ત સમિતિને મોકલવામાં આવે તેવી અપેક્ષા છે.

# કોંગ્રેસ સાંસદ મણિકમ ટાગોરે અમિત શાહની આંબેડકર ટિપ્પણી અંગે લોકસભામાં સ્થગિત દરખાસ્ત રજૂ કરી

## કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહની ડો. બી.આર. આંબેડકર વિશેની વિવાદાસ્પદ ટિપ્પણીઓ પર તાત્કાલિક ચર્ચાની માંગ કરી છે, ટાગોરે શાહની ટિપ્પણીઓને અનાદર અને ભારતના બંધારણના મુખ્ય આર્કિટેક્ટના વારસા પર હુમલો ગણાવ્યો હતો

(એજન્સી) તા.૧૮

મંગળવારે રાજ્યસભામાં બંધારણની ચર્ચા દરમિયાન શાહના ભાષણને પગલે વિવાદ ફાટી નીકળ્યો હતો, જ્યાં તેમણે કોંગ્રેસ પર આંબેડકરના નામને રાજકીય 'ફેશન' બનાવી દેવાનો આરોપ મૂક્યો હતો. શાહે દાવો કર્યો હતો કે જેઓ આંબેડકરના નામનો વારંવાર ઉલ્લેખ કરે છે, જેમ કે કોંગ્રેસ કરે છે, અને જો તેઓએ ભગવાનનું નામ લીધું હોત તો તેઓને સ્વર્ગ પ્રાપ્ત થયું હોત.

સ્પીકરને લખેલા તેમના પત્રમાં, ટાગોરે શાહની ટિપ્પણીની નિંદા કરતા જણાવ્યું હતું કે, ગૃહમંત્રીએ ડો.આંબેડકરના મહત્વને ઉદ્ધતાઈપૂર્વક નષ્ટ કર્યું છે. બંધારણમાં તેમના યોગદાનને તુચ્છ ગણાવ્યું છે. આવા નિંદાત્મક નિવેદનો દ્વારા તેઓ સમાનતા, ન્યાય અને ગૌરવના મૂલ્યોને ક્ષીણ કરવા માગે છે. ટાગોરે શાહ પાસેથી માફીની માગણી કરતા જણાવ્યું કે આંબેડકરના વારસાએ રાજકીય ઉપહાસનો વિષય બનવાને બદલે રાષ્ટ્રને એક કરવું જોઈએ.

શ્રી શાહ, સ્વ-ઘોષિત સાવરકરભક્ત છે, શું તમે તેમની વિભાજનકારી વિચારધારા સાથે છો કે સમાનતા અને ન્યાયના ડો. આંબેડકરના વિઝન સાથે છો ? કરોડો દલિતો, આદિવાસીઓ અને પછાત લોકો આંબેડકરને જુલમી વર્ણ પ્રણાલીમાંથી મુક્ત કરવા માટે આદર આપે છે. કોંગ્રેસ પાર્ટીએ શાહના નિવેદનો પ્રત્યે તીવ્ર નારાજગી વ્યક્ત કરી છે, અને સરકારને વિનંતી કરી છે કે તે આંબેડકરના ઐતિહાસિક યોગદાનને ઘટાડવાના પ્રયાસ માટે તેમની સામે કડક વલણ અપનાવે. ટાગોરના પત્રમાં જણાવાયું હતું કે, કોંગ્રેસ પાર્ટી આ ગૃહને આ અનાદર માટે માફી અને આવી ટિપ્પણીઓનું પુનરાવર્તન ન થાય તેની ખાતરી કરવા વિનંતી કરે છે.

# કઠુઆમાં જમ્મુ-કાશ્મીરના પૂર્વ DSPના ઘરમાં ભીષણ આગ, ૬નાં મોત, ભયાનક દૃશ્યો સામે આવ્યા

(એજન્સી) તા.૧૮

જમ્મુ-કાશ્મીરના કઠુઆમાં મંગળવારે મોડી રાત્રે એક રિટાયર્ડ DSPના ઘરમાં આગ લાગી હતી. જેના કારણે ૨ બાળકો સહિત ૬ લોકોના મોત થયા છે. તેમજ, ૪ લોકો ઘાયલ છે તેઓ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, રિટાયર્ડ □□□ પોતાના પરિવાર સાથે ઘરમાં રહેતા હતા. ઘરમાં કુલ ૧૦ લોકો હતા. મંગળવારે રાત્રે ૧૨ વાગ્યા આસપાસ ઘરના એક રૂમમાં શોર્ટ સર્કિટના કારણે આગ ફાટી નીકળી હતી, જે ઝડપથી ઘરના અન્ય રૂમોમાં ફેલાઈ ગઈ હતી. પોલીસે જણાવ્યું કે ગૂંગળામણ અને ધુમાડાને કારણે મૃત્યુ પામેલા ૬ લોકોની ઓળખ અવતાર ક્રિષ્ના (૮૧), ગંગા ભગત (૧૭), દાનિશ ભગત (૧૫), બરખા રૈના (૨૫), તકાશ રૈના (૩) અને અદ્વિક રૈના (૪) તરીકે થઈ છે. સરકારી હોસ્પિટલના પ્રિન્સિપાલ એસકે અત્રીએ કહ્યું- આ ખૂબ જ દુઃખદ ઘટના છે. ડીએસપી સપ્ટેમ્બર અને ઓકટોબર મહિનામાં નિવૃત્ત થયા હતા. આ પછી તે કઠુઆમાં ભાડાના



મકાનમાં રહેવા આવ્યા હતા. નિવૃત્ત ડીએસપી ઉપરાંત તેમની પત્ની, પુત્રી, પુત્ર અને પુત્રીના પુત્રનો પણ સમાવેશ થાય છે. આ સાથે તેમના ભાભીના બે બાળકોના પણ મોત થયા છે. નિવૃત્ત ડીએસપીને બચાવવા આવેલા એક પાડોશીને પણ ઈજા થઈ હતી.

# વડાપ્રધાન મોદીએ બી. આર. આંબેડકરને ભારત રત્ન ન આપવા અને તેમને ચૂંટણીમાં પરાજય અપાવવા બદલ કોંગ્રેસની ટીકા કરી

## તેમણે કહ્યું કે, જો તેઓ વિચારે છે કે તેમના જૂઠાણાથી તેમના દુષ્કૃત્યોને છુપાવી શકે છે તો કોંગ્રેસ ભૂલ કરે છે

(એજન્સી) તા.૧૮

બીઆર આંબેડકર પર કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહની ટિપ્પણી પર વિપક્ષના વિરોધ પછી, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે કહ્યું કે, કોંગ્રેસે આ દલિત નેતાના વારસાને ખતમ કરવા માટે ગંદી યુક્તિઓ કરી હતી. આંબેડકર વિરૂદ્ધ કોંગ્રેસના 'પાપો'ની યાદી આપતા, મોદીએ આરોપ લગાવ્યો કે પાર્ટીએ તેમને બે વાર ચૂંટણીમાં પરાજય આપ્યો અને જવાહરલાલ નેહરૂએ તેમની વિરૂદ્ધ પ્રચાર કર્યો હતો. કોંગ્રેસે તેમને ભારત રત્ન આપવા અને સંસદના સેન્ટ્રલ હોલમાં પોર્ટ્રેટ રાખવાનો ઈનકાર કર્યો હતો. તેમણે કહ્યું કે, જો તેઓ વિચારે છે કે તેમના જૂઠાણાથી તેમના દુષ્કૃત્યોને છુપાવી શકે છે તો કોંગ્રેસ ભૂલ કરે છે.

મોદીએ કહ્યું કે, ભારતના લોકોએ વારંવાર જોયું છે કે કેવી રીતે એક રાજવંશના નેતૃત્વમાં એક પાર્ટીએ ડો.આંબેડકરના વારસાને ખતમ કરવા અને SC/ST સમુદાયોને અપમાનિત કરવા માટે દરેક સંભવિત ગંદી યુક્તિ કરી છે. આંબેડકર વિશેની ટિપ્પણી પર કોંગ્રેસે અમિત શાહની ટીકા કર્યા પછી મોદીની આ પોસ્ટ આવી છે. ગૃહમંત્રીએ કહ્યું કે કોંગ્રેસે આંબેડકરનું નામ લેવાની ફેશન બનાવી દીધી છે અને કહ્યું હતું કે જો તેઓએ ભગવાનનું નામ આટલી વખત લીધું હોત તો તેમને સ્વર્ગમાં સ્થાન મળ્યું હોત. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ શાહ પર વળતો પ્રહાર કરતા કહ્યું કે જેઓ મનુસ્મૃતિમાં વિશ્વાસ કરે છે તેઓને આંબેડકર સાથે મતભેદ છે. કોંગ્રેસ અધ્યક્ષ અને રાજ્યસભામાં





વિપક્ષના નેતાએ શાહની નિંદા કરતા કહ્યું કે તેમણે ફરી એકવાર સાબિત કર્યું છે કે ભાજપ અને તેના વૈચારિક પિતૃ આરએસએસ ત્રિરંગાની વિરુદ્ધ છે. તેમના પૂર્વજોએ અશોક ચક્રનો વિરોધ કર્યો હતો અને સંઘ પરિવારના લોકો પહેલા દિવસથી જ ભારતના બંધારણને બદલે મનુસ્મૃતિ લાગુ કરવા માંગતા હતા.

શાહના રાજીનામાની હાકલ કરતાં ખડગેએ કહ્યું કે ગૃહમંત્રીએ આંબેડકર અને બંધારણનું અપમાન કર્યું છે. મનુસ્મૃતિ અને આરએસએસની તેમની વિચારધારા સ્પષ્ટ કરે છે કે તેઓ બાબા સાહેબ આંબેડકરના બંધારણનું સન્માન કરવા માંગતા નથી.

# આ યુવક શાળામાં સરેરાશ વિદ્યાર્થી હતો, પરંતુ પાછળથી અખિલ ભારતીય ક્રમાંક ૩ સાથે UPSC પરીક્ષા પાસ કરી

(એજન્સી) લખનૌ, તા.૧૮

ઉત્તરપ્રદેશના બિજનૌરના શાંત શહેર નગીનામાં જુનૈદ અહમદની IAS અધિકારી બનવાની સફર ખરેખર પ્રેરણાદાયી છે. વકીલ પિતા અને ગૃહિણી માતાથી જન્મેલ જુનૈદ એક મોટી બહેન અને બે નાના ભાઈ-બહેનો સાથે સાધારણ પરિવારમાં ઉછર્યો હતો. ઘણા યુવા ભારતીયોની જેમ, તેણે UPSC પરીક્ષામાં સફળતા મેળવવાનું સ્વપ્ન જોયું, જે દેશની સૌથી અઘરી પરીક્ષાઓમાંની એક તરીકે જાણીતી છે. જો કે, તેની વાર્તા ત્વરિત સફળતાની નથી, તે સ્થિતિસ્થાપકતા, દ્રઢતા અને નિશ્ચયની વાર્તા છે. જુનૈદ એ પ્રકારનો વિદ્યાર્થી ન હતો જે શૈક્ષણિક રીતે શ્રેષ્ઠ હતો. તેના સમગ્ર શાળા અને કોલેજના વર્ષોમાં આશરે ૬૦%ના સરેરાશ ગુણ સાથે, તે નોંધપાત્ર સિદ્ધિઓ માટે નિર્ધારિત વ્યક્તિ તરીકે અલગ ન હતો. તેમ છતાં, તેની પાસે શૈક્ષણિક તેજસ્વીતાનો અભાવ હતો, તેણે સખત મહેનતમાં અડગ વિશ્વાસ સાથે વળતર આપ્યું. નોઈડાની શારદા યુનિવર્સિટીમાંથી ઈલેક્ટ્રોનિક્સ એન્જિનિયરિંગમાં ડિગ્રી મેળવ્યા



પછી, જુનદે UPSC સિવિલ સર્વિસિસ પરીક્ષાનો પડકાર ઝીલ્યો. તેણે અનેક આંચકાઓનો સામનો કરવો પડ્યો, એક વખત નહીં, બે વાર નહીં, પરંતુ ત્રણ વખત નિષ્ફળ ગયો. દરેક નિષ્ફળતા એ નોંધપાત્ર ફટકો હતો, પરંતુ તે ફક્ત તેના સંકલ્પને મજબૂત બનાવતો હતો. તેના ચોથા પ્રયાસમાં, જુનૈદ આખરે સફળ થયો, તેણે ૩૫૨નો અખિલ ભારતીય ક્રમાંક મેળવ્યો અને ઈન્ડિયન રેવન્યુ સર્વિસ (IRS)માં સ્થાન મેળવ્યું. ઘણાં લોકો માટે, આ એક ઉજવણીની ક્ષણ હશે, પરંતુ જુનૈદ સંતુષ્ટ ન હતો. તેનો સ્વપ્ન સ્પષ્ટ હતો, તે IAS અધિકારી તરીકે દેશની સેવા કરવાની ઈચ્છા ધરાવતો હતો. પોતાના ધ્યેય સુધી પહોંચવાના નિર્ધાર સાથે, તેણે છેલ્લી વખત UPSC પરીક્ષા આપી. ૨૦૧૮માં, તેના પાંચમા પ્રયાસમાં, જુનૈદની મહેનતનું મોટું ફળ મળ્યું. તેણે માત્ર પરીક્ષા જ પાસ કરી ન હતી પરંતુ પ્રભાવશાળી અખિલ ભારતીય ક્રમાંક ૩ હાંસલ કરીને તેના પરિવાર, તેના નગર અને અસંખ્ય અન્યોને ગર્વ અનુભવ કરાવ્યો હતો. જુનૈદ અહમદની વાર્તા દૃઢતાના મહત્વની શક્તિશાળી યાદ અપાવે છે. તેણે દર્શાવ્યું કે સફળતા માત્ર કુદરતી રીતે હોશિયાર વ્યક્તિઓ માટે જ નથી હોતી પરંતુ અથાગ પ્રયત્નો કરવા ઈચ્છુક દરેક વ્યક્તિ તે પ્રાપ્ત કરી શકે છે. તેમની સંભવિતતા પર શંકા કરતા દરેક ઉમેદવાર માટે, જુનૈદની યાત્રા એક પ્રેરણાદાયી ઉદાહરણ તરીકે સેવા આપે છે.

# IIM અમદાવાદની પૂર્વ વિદ્યાર્થી મહિલાએ ગૂગલ ઈન્ડિયામાં વાઈસ પ્રેસિડેન્ટની મુખ્ય ભૂમિકા મેળવી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮

પ્રીતિ લોબાનાને ગૂગલ ઈન્ડિયાના નવા કન્ટ્રી મેનેજર અને વાઈસ પ્રેસિડેન્ટ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ગૂગલના એક પ્રકાશનમાં જણાવાયું છે કે,તેમના નવા પદ પર, લોબાના નવીનતાને પ્રોત્સાહન આપતા, તમામ ગ્રાહકો સુધી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ની પરિવર્તનશીલ શક્તિ લાવવા માટે ગૂગલની વ્યૂહરચના ઘડવામાં મુખ્ય ભૂમિકા ભજવશે. લોબાના સંજય ગુપ્તાનું સ્થાન લે છે, જેમણે તાજેતરમાં ગૂગલમાં એશિયા પેસિફિક ક્ષેત્રના પ્રમુખ તરીકે ઉચ્ચ પદ પર બઢતી મળી છે. તાજેતરમાં, તેણીએ ગૂગલના વાઈસ પ્રેસિડેન્ટ, ક્ષ્રીક્ષર પ્રક્રિયા, ભાગીદાર, પ્રકાશક કામગીરી, જાહેરાત સામગ્રી અને ગુણવત્તા કામગીરી તરીકે સેવા આપી



હતી. લોબાનાને સમગ્ર ટેક્નોલોજી અને નાણાંકીય ઉદ્યોગોમાં વરિષ્ઠ નેતૃત્વની ભૂમિકાઓમાં ૩૦ વર્ષથી વધુનો અનુભવ છે.તેઓ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ (IIM) અમદાવાદની પૂર્વ વિદ્યાર્થી છે. ગૂગલ પહેલાં, તેણીએ નેટવેસ્ટ, અમેરિકન એક્સપ્રેસ, સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક અને અગાઉની ANZ Grindlays બેન્ક સાથે બેંકિંગ અને નાણાંકીય સેવાઓ ઉદ્યોગમાં કામ કર્યું હતું. તેણીએ ભારતમાં વિવિધ બજારોમાં વ્યવસાયિક વ્યૂહરચના, ઉત્પાદન સંચાલન અને ઓપરેશનલ શ્રેષ્ઠતાના ક્ષેત્રોમાં કામ કર્યું હતું. લોબાનાએ જણાવ્યું હતું કે, હું આ ભૂમિકામાં આવવા અને ભારતમાં ગૂગલના પ્રયત્નોનું નેતૃત્વ કરવા માટે અતિ ઉત્સાહિત છું.ભારતની ગતિશીલ ભાવના અને ગૂગલની અદ્યતન ટેક્નોલોજી એક શક્તિશાળી તાલમેલ બનાવે છે. તેણીની કારકિર્દી વ્યવસાય પરિવર્તન, ઓપરેશનલ શ્રેષ્ઠતા અને ગ્રાહક અનુભવ પર સતત ધ્યાન કેન્દ્રિત કરીને ચિહ્નિત થયેલ છે.

# માંગરોળના પાલોદ ગામે ઓફિસનો દરવાજો તોડી બેંક સ્ટ્રોંગ રૂમમાં બાકોરૂં પાડી ૪૦ લાખની ચોરી

## તસ્કરોએ કુલ છ લોકરો તોડ્યા, બે લોકર ધારક બહાર હોવાથી ચોરીનો આંકડો વધે તેવી શક્યતા

(સંવાદદાતા દ્વારા)
સુરત, તા.૧૮

સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના પાલોદ ગામની સીમમાં કીમ ચાર રસ્તા પાસે આવેલી યુનિયન બેંક ઓફ ઈન્ડિયાની શાખામાં તસ્કરોએ દીવાલમાં બાકોરૂં પાડી ૭૫ લોકરમાંથી કુલ છ લોકર તોડી નાખ્યા હતા અને જે પૈકી માત્ર એક જ લોકરમાંથી રોકડા રૂપિયા ૯ લાખ તથા ૩૧.૬૦ લાખના દાગીના સહિત કુલ રૂપિયા ૪૦.૩૬ લાખની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. જોકે હજુ પણ અન્ય બે લોકોને લોકરમાંથી કેટલી ચોરી થઈ તેની જાણ પોલીસને થવા પામી નથી. પોલીસે હાલ તો બેંકના બ્રાન્ચ મેનેજરની ફરિયાદને આધારેઅજાણ્યા ચોર ઈસમો સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

બનાવની વિગત એવી છે કે કામરેજ તાલુકાના દાદા ભગવાન મંદિર પાસે આવેલ સ્વપ્ન વિલાસ સોસાયટીમાં રહેતા આલોકકુમાર બહાદુર કીમ ચાર રસ્તા પાસે આવેલ યુનિયન બેંક ઓફ ઈન્ડિયાના પાલોદ બ્રાન્ચના મેનેજર તરીકે છેલ્લા દોઢ વર્ષથી ફરજ બજાવે છે. આ બેંક સુફિયાન યાકુબભાઈ કાગજીની માલિકીની જગ્યામાં ભાડેથી ચલાવવામાં આવી રહી છે. બેંકની પાછળ જ સુફિયાનભાઈનું પથ્થરનું કારખાનું પણ છે અને ત્યાં મિલકતના માલિક સુફિયાનભાઈની ઓફિસ પણ આવેલી છે. ગત તારીખ ૧૬/૧૨/૨૦૨૪ના રોજ સાંજે ૭:૦૦ વાગે બેંકનું તમામ કામ પૂર્ણ થયા બાદ બેંક બંધ કરી દેવામાં આવી હતી અને તારીખ ૧૭-૧૨-૨૦૨૪ના રોજ સવારે ૧૦:૦૦ વાગ્યે બેંક ખોલવામાં આવી હતી. ત્યારે બેંકમાં કામ કરતા પ્યુને મેનેજરને જાણ કરી હતી કે બેંકની પાછળ આવેલ સુફિયાન ભાઈની ઓફિસનો દરવાજો કોઈ ઈસમોએ તોડી નાખ્યો છે. જેથી તેઓએ તાત્કાલિક ત્યાં પહોંચી તપાસ કરતાં કોઈ અજાણ્યા ઈસમોએ દરવાજો તોડી ઓફિસમાં પ્રવેશયા હોવાનું માલૂમ થયું હતું. જેથી તેઓએ ઓફિસની અંદર જઈ તપાસ કરતા ઓફિસની અંદરની દીવાલમાં બાકોરૂ જોવા મળ્યું હતું અને આ બાકોરૂં બેંકની અંદર સ્ટ્રોંગ રૂમની દીવાલ પર હતું. જેથી બેંકની અંદર જઈ સ્ટ્રોંગરૂમ ખોલી તપાસ કરતા માલુમ પડ્યું હતું કે અજાણ્યા ચોર ઈસમોએ સુફિયાનભાઈની ઓફિસની દીવાલ તોડી સ્ટ્રોંગ રૂમમાં પ્રવેશ કર્યો હતો. જ્યાં તેઓએ બેંક સ્ટ્રોંગ રૂમમાં કુલ ૭૫ લોકરો પૈકી લોકર નંબર ૩૧, ૩૭, ૪૩, ૭૩, ૭૪ અને ૭૫ એમ કુલ છ લોકરો તોડી નાખ્યા હતા અને તેમાંથી ચોરી કરી હતી. કુલ છ પૈકી ત્રણ લોકરમાંથી ચોરી કરી ફરાર થઈ ગયા હતા. જેમાં એક લોકર નંબર ૭૫ના ધારક ધનસુખભાઈ આહીર (રહે પાલોદ ગામ)ના લોકરમાંથી તસ્કરો રોકડા રૂપિયા ૯ લાખ તથા રૂપિયા ૩૧.૩૬ લાખના સોનાના દાગીના મળી કુલ રૂપિયા ૪૦.૩૬ લાખની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ મામલે આલોક બહાદુરે આ મામલે કોસંબા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા ચોર ઈસમો સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

### હજુ ત્રણ લોકરોની ચોરીનો આંકડો રહસ્ય

યુનિયન બેન્ક ઓફ ઈન્ડિયાના સ્ટ્રોંગ રૂમમાં ૭૫ લોકરનો પૈકી કુલ છ લોકરમાંથી ચોરી થવા પામી હતી. જેમાં લોકર નંબર ૩૧ના ધારકનો સંપર્ક થયો ન હોતો તથા લોકર નંબર ૩૭ બંધ હાલતમાં હતું અને લોકર નંબર ૪૩ પણ કોઈને આપવામાં આવ્યું ન હતું. જેથી માત્ર લોકર નંબર ૭૩, ૭૪ અને ૭૫માંથી ચોરી થવા પામી હતી. જોકે તે પૈકી લોકર નંબર ૭૪ના ધારક હાલમાં વિદેશમાં છે અને લોકર નંબર ૭૩ના ધારક દિલ્હી હોવાનું જાણવા મળ્યું છે. જેથી માત્ર એક જ લોકર નમ્બર ૭૫માંથી રૂપિયા ૪૦.૩૬ લાખની ચોરી થઈ હોવાનું સામે આવ્યું છે. જેથી પોલીસે અન્ય બંને લોકર ધારકોને બોલાવી હકીકત જાણવાની તજવીજ હાથ ધરી છે.

### પોલીસની ૧૨ ટીમો તપાસમાં જોતરાઈ

ડીએસપી હિતેશ જોયસર, એલસીબી પીઆઇ આર.બી.ભટોડ તથા કોસંબા પીઆઈ સ્વામી સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. આ સમગ્ર બનાવમાં પોલીસે ચોરીનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે. બીજી તરફ પોલીસે એલસીબી, એસઓજી અને પોલીસ કોસંબા સહિત ત્રણ અલગ-અલગ પોલીસ મથકની કુલ ૧૨ ટીમો બનાવીને અજાણ્યા ચોર ઈસમોને ઝડપી પાડવા માટે અલગ-અલગ દિશામાં સીસીટીવી કેમેરાની તપાસ હાથ ધરી છે. જોકે હજુ સુધી આ ચોરીમાં ત્રણથી પાંચ યુવકો સામેલ હોવાનો અંદાજ પોલીસ દ્વારા લગાવવામાં આવી રહ્યો છે.

#### અંકલેશ્વરમાં સનફાર્મા કંપની દ્વારા

# એક માસની સિલાઈ ટ્રેનિંગ આપી પ્રોડક્શન સેન્ટર ચાલુ કરવા માટેના વર્ગોનું ઉદ્‌ઘાટન કરાયું



અંકલેશ્વર ખાતે સનફાર્મા કંપનીના સી.એસ.આર ફંડ માંથી ૧ મહિનાની સિલાઈ ટ્રેનીંગ આપી પ્રોડક્શન સેન્ટર ચાલુ કરવા માટેના વર્ગોનું કંપનીના ગ્લોબલ એન્જીનિયરીંગ હેડ નિકેશ કાપડિયા તથા એચ. આર. હેડ બલજીત શાહના હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું હતું. **(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)**

અંકલેશ્વર, તા.૧૮

અંકલેશ્વરના મેઘના આર્કેડ ખાતે સનફાર્મા કંપનીના સી.એસ.આર ફંડ માંથી ૧ મહિનાની સિલાઈ ટ્રેનીંગ આપી પ્રોડક્શન સેન્ટર ચાલુ કરવા માટેના વર્ગોનું ઉદઘાટન કરવામાં આવ્યું. હતું આ કાર્યનું અમલીકરણ વિશાખા બા ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. સનફાર્મા કંપની સામાજીક કાર્યોમાં સદા અગ્રેસર રહી છે. મહિલાઓ આત્મનિર્ભર બની રહે તેવા ઉમદા આશય સાથે કંપનીના સી.એસ.આર ફંડમાંથી વિશાખા બા ફાઉન્ડેશન ટ્રસ્ટ સાથે મળીને ૨૫૦ જેટલી મહિલાઓને બ્યુટી પાર્લર, અને સીવણ કામ જેવી તાલીમ આપી હતી આ સફળતા બાદ સનફાર્મા કંપની દ્વારા પ્રોડક્શન હાઉસ શરૂ કરવાનું એક નવું પગલું ભર્યું છે. વિશાખા બા ફાઉન્ડેશન ટ્રસ્ટના સહયોગથી અંકલેશ્વરના ચૌટાનાકા પાસે આવેલ મેઘના આર્કેડ ખાતે પ્રોડક્શન સેન્ટરના વર્ગોનો ઉદ્‌ઘાટન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સન ફાર્મા કંપનીના ગ્લોબલ એન્જીનરિંગ હેડ નિકેશ કાપડિયાના હસ્તે પ્રોડક્શન સેન્ટરના વર્ગોનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું આ ઉદ્‌ઘાટન પ્રસન્ગે કંપનીના સી.એસ.આર હેડ બ્રિજેશ ચૌધરી, એચ. આર. હેડ બલજીત શાહ, સી.આર લીડ દિવ્યેશ શાહ , સી.એસ.આર. લીડ સેહજાદ બેલીમ, વિશાખા બા ફાઉન્ડેશન ટ્રસ્ટના કિંજલ બા ચૌહાણ, ટ્રસ્ટના પ્રમુખ ધર્મેન્દ્ર સિંહ ચોહાણ, ઉષા ઈન્ટરનેશનલ ટ્રેનિંગ સ્કૂલના વિજય ભાઈ ગોહિલ ઉપસ્થિત રહ્યા હતા. ૧ મહિનાની સિલાઈ ટ્રેનીંગ ઉષા ઈન્ટરનેશનલ સિલાઈ ટ્રેનીંગ સ્કૂલના તકનિકી માર્ગદર્શન હેઠળ ૨૫ જેટલી બહેનોને સ્કૂલ યુનિફોર્મ, કંપની યુનિફોર્મ એપ્રોન તથા મોટા જથ્થામાં બહેનો સિલાઈ કામ મેળવી શકે તે માટે સન ફાર્મા કંપની દ્વારા ભગીરથ કાર્ય હાથ ધર્યુ છે. જેમાં અંકલેશ્વર શહેરની ૨૫ બહેનોને રોજગારી મળી રહેશે. અને આ બહેનો આત્મ નિર્ભર બની રહેશે ત્યારે આ કાર્યનું અમલીકરણ વિશાખા બા ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું છે.

# માતરના રઘવાણજ ગામ પાસે પીકઅપ ડાલામાં લઈ જવાતો ૪.૫૦ લાખનો દારૂ ઝડપાયો

નડિયાદ, તા.૧૮

ખેડા અને આણંદ જિલ્લામાંથી મોટા જથ્થામાં દેશી દારૂ અમદાવાદમાં ઠલવાઇ રહ્યો છે ખેડા એલસીબીને આ બાબતની માહિતી મળતા તેમણે માતર નજીક વોચ રાખી પીકઅપ ડાલામાં લઈ જવા તો રૂપિયા ૪.૫૦ લાખનો દેશી દારૂ ઝડપી પાડ્યો છે.

મળતી માહિતી મુજબ લોકલ ક્રાઈમ બ્રાન્ચના માણસો રઘવાણજ ખાતે વડોદરા-અમદાવાદ હાઈવે પર પેટ્રોલીંગમાં હતા ત્યારે અહીયાથી પસાર થતા શંકાસ્પદ લાગતા પીકઅપ ડાલા નંબર (GJ 27 X 7444)ને અટકાવ્યું હતું. જ્યાં ચાલક અને બાજુની સીટમાં બેઠેલા ઈસમની પોલીસે પૂછપરછ હાથ ધરતા આ બંનેએ પોતાના નામ પ્રકાશ ભાનુ ભોઈ (રહે. ઉમરેઠ, આણંદ) અને નિર્મલ ગીરીશ ભોઈ (રહે.ઉમરેઠ, આણંદ) હોવાનું જણાવ્યું હતું.

વધુમાં પોલીસે વાહનની પાછળની બાજુએથી તાડપત્રી નીચે છુપાવેલ દેશી દારૂનો જથ્થો કબજે કર્યો હતો. ગણતરી કરતા ૨૨૫૦ લીટર દેશી દારૂ કિંમત રૂપિયા ૪.૫૦લાખ અને ગુનામાં વપરાયેલ વાહન તેમજ મોબાઈલ ફોન અને રોકડ મળી કુલ રૂપિયા ૧૦ લાખ ૫૬ હજાર ૭૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ દારૂનો જથ્થો ક્યાથી લાવવામાં આવ્યો અને ક્યા લઈ જવાતો હતો તે દિશામાં પોલીસે આ બંને બુટલેગરની પૂછપરછ કરતા આ વાહન વિપુલ બાબુ ભોઈ (રહે.ઉમરેઠ, આણંદ)એ આપ્યું હતું અને સંજય ઉર્ફે ટીનો (રહે.મોગર) અને પ્રકાશ (રહે.નડિયાદ)એ આ દારૂનો જથ્થો ભરી આપ્યો હતો જે અમદાવાદનો બાલા નામનો બુટલેગર અને તેનો માણસ આગળથી આવી લઈ જશે તેવી કબૂલાત કરી છે. આથી પોલીસે આ ગુનામાં કુલ ૭ લોકો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### મહુધા નજીકથી એલસીબીએ કારનો પીછો કરી રૂપિયા ૧.૨૭ લાખનો દારૂ જપ્ત કર્યો

મહુધાના મીનાવાડા ગામે ગતરાત્રીના સમયે જિલ્લા લોકલ ક્રાઇમ બ્રાન્ચ પોલીસના માણસોએ ત્યાથી પસાર થતી કાર નંબર (GJ 23 CB 9400)ને શંકાના આધારે અટકાવવા કોશીષ કરી હતી. પરંતુ કારચાલકે પોતાની કાર હંકારી રામના મુવાડા તરફ જવા દીધી હતી. આથી પોલીસે કારનો પીછો કરી નજીકથી કારને કોર્ડન કરી અટકાવી હતી. પોલીસે કારચાલકને કારમાંથી બહાર કાઢી પૂછપરછ કરતા કારચાલકે પોતાનું નામ નરેન્દ્ર શંકરસિંહ રાજપુત (રહે.ઉદેપુર) હોવાનું જણાવ્યું હતું. કારની તલાશી લેતા કારમાંથી વિદેશી દારૂની ૮૧૬ બોટલો કુલ કિંમત રૂપિયા ૧ લાખ ૨૭ હજાર ૨૦૦ મળી આવી હતી. પોલીસે કાર સાથે અન્ય મુદ્દામાલ મળી કુલ રૂપિયા ૩ લાખ ૩૨ હજાર ૭૦૦ના મુદ્દામાલ કબજે કરી ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેર ખાતે ૨૧મીએ ઔદ્યોગિક ભરતીમેળો યોજાશે

વાંકાનેર, તા.૧૮

રોજગાર વિનિમય કચેરી-મોરબી દ્વારા તા.૨૧/૧૨/૨૦૨૪ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે આઈ.ટી.આઈ, તાલુકા સેવા સદનની સામે, વાંકાનેર-રાજકોટ હાઈવે, વાંકાનેર ખાતે ઔદ્યોગિક ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતીમેળામાં મોરબી જિલ્લાના ખાનગી ક્ષેત્રના વિવિધ નોકરીદાતાઓ ઉપસ્થિત રહીને વિનામુલ્યે પસંદગીની કાર્યવાહી કરશે. ખાનગી ક્ષેત્રે નોકરી મેળવવા ઈચ્છુક, નોનમેટ્રીક / એસએસસી/ એચએસસી/ આઈટીઆઈ/સ્નાતક વગેરેની લાયકાત ધરાવતા તથા ૧૮થી ૩૫ વર્ષની ઉંમર ધરાવતા ઉમેદવારોએ, તેમના તમામ શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ, આધારકાર્ડ, બાયોડાટા વગેરે સાથે સ્વખર્ચે ભરતીના સ્થળે, નિયત સમયે અને તારીખે અચુક ઉપસ્થિત રહેવું. રોજગાર વિનિમય કચેરી ખાતે નામ નોંધણી નહીં કરાવેલ ઉમેદવારો પણ હાજર રહી શકશે તેમ મોરબી જિલ્લા રોજગાર અધિકારીની યાદીમાં જણાવાયું છે.

#### અંકલેશ્વર નજીક ને.હા.૪૮ પર આવેલ મુલદ ટોલ પ્લાઝા પર

# સ્થાનિક વાહનચાલકો પાસે ટોલ વસૂલાતા ખાનગી બસચાલકોએ હાઈવે જામ કર્યો

અંકલેશ્વર, તા.૧૮

અંકલેશ્વર નજીક નેશનલ હાઈવે નંબર ૪૮ પર આવેલા મૂલદ ટોલ પ્લાઝા પર સ્થાનિક વાહન ચાલકો પાસે પણ ટોલ વસુલાતો હોવાના આક્ષેપ સાથે સ્થાનિક ટ્રાન્સપોર્ટરોએ ટોલ બુથ પર વાહનો ખડકી દઇ વિરોધ પ્રદર્શન કર્યું હતું. અંકલેશ્વર નજીક નર્મદા નદી પર ૨૦૧૭માં કેબલ બ્રિજના નિર્માણ બાદ ૮ મહિના પછી ટોલ લેવાની શરૂઆત કરવામાં આવી હતી. જેમાં તે સમયે ભરૂચના સ્થાનિક વાહનોને ટોલમાંથી મુકિત આપવામાં આવી હતી, પરંતુ ફાસ્ટટેગ આવ્યાં બાદ ભરૂચના સ્થાનિક વાહનોનો ટોલ ઓટોમેટીક કપાઈ જતો હતો. આ સમસ્યાના નિરાકરણ માટે ટોલનાકાના છેલ્લા ભાગમાં ભરૂચના વાહનો માટે અલગથી લેન બનાવવામાં આવી હતી પરંતુ આ લેનમાં પણ ફાસ્ટટેગ લગાવી દેતાં આ લેનમાંથી પસાર થતાં વાહનોનો ટોલ કપાઈ જતો હોવાથી તે સમયે પણ સ્થાનિકોએ હોબાળો મચાવી વિરોધ નોધાવ્યો હતો પરતું હજીય ભરૂચ જિલ્લાની અલગ અલગ કંપનીઓમાં કામદારોને લાવવા લઈ જવા માટે લોકલ ટ્રાન્સપોર્ટની લક્ઝરીઓ અવરજવર કરે છે ત્યારે તેમની પાસેથી પણ રોજનો ટોલ વસુલાત કરાતો હોવાના આક્ષેપ સાથે આજ રોજ સ્થાનિક ટ્રાન્સપોર્ટના સંચાલકોએ મુલદ ટોલ પ્લાઝા પર લક્ઝરી ખડકી દઈ વિરોધ પ્રદર્શન કર્યું હતું. ટોલ બુથમાં જ લક્ઝરી ઉભી કરી દેવાતા નેશનલ હાઈવે પર ટ્રાફિકજામની પરિસ્થિતિનું નિર્માણ થયું હતું, જેના પગલે પોલીસ કાફલો પહોંચ્યો હતો અને વાહન વ્યવહાર પૂર્વવ્રત કરાવ્યો હતો.



**(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)**

# પાલીતાણા હેલિપેડ ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું ઉષ્માભર્યું સ્વાગત



આજરોજ ભાવનગરના પાલીતાણા ખાતે ધાર્મિક કાર્યક્રમ અર્થે પધારેલ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું પાલીતાણા હેલિપેડ ખાતે સ્થાનિક પદાધિકારીઓ અને અધિકારીઓ દ્વારા ઉષ્માભર્યુ સ્વાગત કરવામાં આવ્યું હતું. હેલિપેડ ખાતે મુખ્યમંત્રીના સ્વાગત પ્રસંગે ધારાસભ્ય ભીખાભાઈ બારૈયા, કલેક્ટર આર.કે.મહેતા, ઇ.ચા.જિલ્લા વિકાસ અધિકારી ડી.એમ.સોલંકી, રેન્જ આઇ.જી. ગૌતમ પરમાર, પોલીસ અધિક્ષક ડૉ.હર્ષદ પટેલ સહિતના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢના ઝાંઝરડા રોડ વિસ્તારમાં હુમલામાં ઈજાગ્રસ્ત બનેલ યુવાનનું સારવાર વેળા મોત

જૂનાગઢ, તા.૧૮

જૂનાગઢના ઝાંઝરડા રોડ પર પૈસા ઉછીના આપવા બાબતે મારામારી થતા સામસામે બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. દરમ્યાન મારામારીના આ બનાવમાં ઈજાગ્રસ્ત બનેલા ૨૩ વર્ષના મિહિરને અમદાવાદ ખાતે રિફર કરવામાં આવ્યો હતો. જ્યાં ગત સોમવારે સારવાર દરમ્યાન મિહિરનું મૃત્યુ થતાં આ બનાવ હત્યમાં પલટાયો હતો.આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર બી ડિવિઝન પોલીસ મથકે રોહિતભાઈ હમીરભાઈ મુળિયાસિયાએ હિરેન કિરીટભાઈ જોટંગિયા, કિરીટભાઈ જોટંગિયા, હિરેન જોટંગિયાની પત્ની અને હિરેન જોટંગિયાના માતા રહે. બધા નયન સોસાયટીની બાજુમાં, ઝાંઝરડા રોડ, જૂનાગઢવાળા વિરૂદ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી હતી કે, ફરિયાદીએ આરોપી હિરેનને દોઢેક વર્ષ પહેલા હિરેનની પત્નીની સારવાર માટે રૂા. ૨૦,૦૦૦ હાથ ઉછીના આપેલ હોય જે ફરિયાદીએ રૂપિયા પરત માંગતા આરોપી હિરેને ફરિયાદીને બેફામ ગાળો આપી ફરિયાદી તથા મિહિર ઉપર જીવલેણ હુમલો કરી કાતર તથા અસ્ત્રા વડે મિહિરને ગંભીર જીવલેણ ઈજા કર્યાની ફરિયાદ નોંધાવેલ જ્યારે સમાપક્ષે હિરેન જોટંગિયાએ રોહિત હમીરભાઈ મુળિયાસિયા, રાજુભાઈ હમીરભાઈ મુળિયાસિયા અને મિહિરભાઈ પ્રજાપતિ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે કે, ફરિયાદીએ પોતાની નવી સલૂનની દુકાન બનાવવા સારૂં આરોપી રોહિત અને રાજુભાઈ પાસેથી રૂા. ૨૦,૦૦૦ દસ ટકા લેખે વ્યાજે લીધેલ હોય જેમા રૂા.૨૦૦-૨૦૦ના ત્રીસ હપ્તા વ્યાજ સહિતના ફરિયાદીએ આરોપીઓને ચૂકવી આપેલ હોય અને બાકીના આર્થિક સંકળામણના લીધે ચૂકવી ન શકતા ત્રણેય આરોપીઓએ ફરિયાદી પાસે મૂળ રકમ તથા વ્યાજના રૂપિયાની ઉઘરાણી કરી ગાળો આપી ઢીકાપાટુનો માર મારી આરોપી મિહિરે નાના પતરાનો કટકો ફરિયાદીને જમણા હાથમાં તથા સાહેદોને પણ મૂઢ ઈજાઓ કર્યાની ફરિયાદ નોંધાવવામાં આવી હતી. દરમ્યાન મારામારીના આ બનાવમાં ઈજાગ્રસ્ત બનેલા મિહિરને અમદાવાદ ખાતે રિફર કરવામાં આવેલ જ્યાં સોમવારે સારવાર દરમ્યાન મિહિરનું મૃત્યુ થતાં આ બનાવમાં પોલીસે હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સચિન રેલવે ઓવરબ્રિજ પર જોખમી રીલ્સ બનાવતા ચાર યુવકો ઝડપાયા

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૮

સોશિયલ મીડિયામાં છવાઈ જવા માટે યુવાનો જીવના જોખમે પણ રીલ્સ બનાવતા હોય છે. ત્યારે જાહેર મિલકતો પર ચળીને રીલ્સ માટે વીડિયો બનાવતા ૪ યુવકો કેમેરામાં કેદ થયા હતા. જેના આધારે સચિન જીઆઇડીસી પોલીસે કાર્યવાહી કરી હતી. ચારેય યુવકોને ઝડપી લઈને પોલીસે કાયદાના પાઠ ભણાવતા સરખા ચાલી નહોતા શકતા.સુરતના સચિન વિસ્તારમાં આવેલા રેલવે ઓવરબ્રિજ પર ૪ યુવકો ચડી ગયા હતાં. આ યુવકોએ પોતાના જીવને જોખમમાં મૂકતા હોય તે રીતે રેલિંગ પકડીને સ્ટંટ કર્યા હતા. આ સ્ટંટબાજ યુવકો કેમેરામાં કેદ થઈ ગયા હતા. જેના આધારે પોલીસે કાર્યવાહી કરીને ચારેય યુવકોને ઝડપી લીધા હતા. પોલીસે યુવકોને પકડી લઈને કાયદાના પાઠ ભણાવ્યા હતા. જેથી કાન પકડીને સચિન જીઆઈડીસી પોલીસ સામે યુવકો માફી માગી હતી સાથે જ યુવાનોને અને આવા જોખમી રીલ્સ બનાવનારાને મેસેજ આપતાં કહ્યું કે, અમારા જેવી ભૂલ ન કરશો. સાથે જ કાયદો તૂટે અને લોકોના જીવ જોખમમાં મૂકાય તે પ્રકારના વીડિયો બનાવશો નહી.

#### રાજકોટની યુવતીની હત્યાના બનાવમાં

# સિરિયલ કિલર ભુવાની પત્ની સહિત બેની ધરપકડ : બેની શોધખોળ જારી





વાંકાનેર, તા.૧૮

રાજકોટની યુવતીની તાંત્રિક નવલસિંહ ચાવડા અને તેની પત્ની સહિત ચાર આરોપીઓએ ભેગા મળી તેની હત્યા કરી મૃતદેહના ટુકડાકરી વાંકાનેરમાં દાટી દીધા હતા. જેમામલે પોલીસે ચારમાંથી બેઆરોપીની ધરપકડ કરી છે. જે બંનેઆરોપીને પકડી વઢવાણ ખાતે તાંત્રિક નવલસિંહના ઘરે લઈ જઈ વધુ તપાસહાથ ધરી છે. મોરબીના તાંત્રિક નવલસિંહચાવડા અને તેની પત્ની સહિત ચારાઆરોપીઓ વિરૂદ્ધ ગુનો દાખલ થયો હતો. જે મામલામાં પોલીસે બેઆરોપીઓની ધરપકડ કરી છે. ચારેઆરોપીઓએ સાથે મળી રાજકોટની યુવતીની હત્યા કરી નાખી હતી. વાંકાનેર સિટી પોલીસ મથકમાંનવલસિંહ ચાવડા, સોનલ નવલસિંહચાવડા, શક્તિ રાજ ચાવડા અનેજીગર ગોહિલ વિરૂદ્ધ ગુનો નોંધાયો હતો. રાજકોટની યુવતી નગ્મામુકાસમને મારી નાખી મૃતદેહના કટકાકરી વાંકાનેરમાં દાટી દીધા હતા. (૧) નવલસિંહની પત્ની આરોપી સોનલચાવડા અને શક્તિરાજ ચાવડાનીવાંકાનેર સિટી પોલીસે ધરપકડ કરી છે.

# તરસાલી વિસ્તારમાં બાઈક આડે ગાય આવી જતાં ચાલક ઈજાગ્રસ્ત બન્યો

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૧૮

શહેરના તરસાલી વિસ્તારમાં યુવકની બાઇક આડે અચાનક ગાય આવી જતાં બાઇક પરથી પટકાયેલો યુવક ઈજાગ્રસ્ત થયો હતો જેને સારવાર અર્થે એસ.એસ.જી.હોસ્પિટલમા દાખલ કરવામાં આવ્યો હતો દર્દી હાલ સારવાર હેઠળ ભાનમાં હોવાનું જાણવા મળ્યુંછે. એક તરફ વડોદરા મહાનગરપાલિકાનું તંત્ર ગરીબો, લારીધારકો તથા પથારાવાળાઓના દબાણો દૂર કરવાની બહાદૂરી બતાવી રહ્યું છે. પરંતુ બીજી તરફ શહેરમાં રોડ ટેક્ષ ભરતા વાહનચાલકોને રખડતાં પશુઓથી મુક્ત કરવા કોઇપણ પ્રકારની કાર્યવાહી કરી રહ્યું નથી. ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકારને રખડતાં પશુઓના અંકુશ માટે ફટકાર લગાવી હતી તથા કેટલ પોલીસીનો અમલ કરવા સૂચનાઓ આપી હતી જેના પગલે વડોદરા મહાનગરપાલિકાએ અન્ય મહાનગરોની દેખાદેખી થોડો સમય રખડતાં પશુઓને પકડવાની કાર્યવાહી હાથ ધરી હતી સાથે જ પશુપાલકાને દંડની કાર્યવાહી કરી હતી પરંતુ કેટલીક જગ્યાએ પશુપાલકો દ્વારા પાલિકાના ઢોર શાખાના અધિકારીઓ, કર્મીઓ સાથે મારામારી કરી પોતાના પકડેલા પશુઓને છોડાવી જવાના બનાવો બન્યા હતા ત્યારબાદ પાલિકા તંત્ર આ બાબતે આંખ આડા કાન કરતું થયુંછે જેનો ભોગ શહેરના નિર્દોષ નાગરિકો બની રહ્યા છે. ગત તા.૧૬મી ડિસેમ્બરના રોજ તરસાલી વિસ્તારમાં આવેલા વુડાના મકાનમાં રહેતા ચિરાગભાઈ ધનજીભાઇ વણકર નામનો ૨૫વર્ષીય યુવક રાત્રે પોણા દશની આસપાસ શાંતિકુંજ બંગલો તરસાલી પાસેથી પોતાની મોટરસાયકલ પર રોડ પરથી પસાર થઇ રહ્યો હતો તે દરમિયાન અચાનક એક ગાય દોડતી બાઇક સામે આવી જતાં બાઇક ચાલક ચિરાગભાઈને ડાબી આંખ ઉપર તથા દાઢીના ભાગે અને જમણા કપાળમાં ઈજાઓ પહોંચી હતી જેથી આસપાસના લોકોએ ઈજાગ્રસ્ત યુવકને ઇમરજન્સી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે એસ.એસ.જી.હોસ્પિટલમા સારવાર અર્થે ખસેડ્યો હતો જ્યાં સારવાર હેઠળ યુવક ભાનમાં હોવાનું જાણવા મળ્યું છે.

#### ઠંડીમાં વધારો થતાં જનજીવન પ્રભાવિત

# ગિરનાર પર્વત પર ૪.૯ ડિગ્રી જૂનાગઢમાં ૯.૯ ડિગ્રી તાપમાન

જૂનાગઢ, તા.૧૮

જૂનાગઢ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં છેલ્લા ૪ દિવસ થયા ઠંડીની તીવ્રતામાં ચડઉતર થયા રાખે છે. આજે પણ ઠાર અને ઠંડીમાં વધારો થતાં જનજીવન પ્રભાવિત બન્યું છે. આજે મળતા અહેવાલો અનુસાર જૂનાગઢમાં ૪.૯ ડિગ્રી સાથે નીચું તાપમાન નોંધાતા કાતિલ ઠંડીની શીતલહેર પ્રસરી ગઈ છે.ગઈકાલે જૂનાગઢનું લઘુતમ તાપમાન ૧૨.૧ ડિગ્રી નોંધાયા બાદ રાત્રિનું તાપમાન ઘટી ગયું હતું અને આજે સવારે લઘુતમ તાપમાનનો પારો ૨.૨ ડિગ્રી નીચે ઊતરીને ૯.૯ ડિગ્રી સ્થિર થઈ જતાં જૂનાગઢ શહેર અને સોરઠ કાતિલ ઠંડીનું મોજું ફરી વળ્યું છે. ગિરનાર પર્વત પર ઠંડીનો પારો ૪.૯ ડિગ્રીએ પહોંચી ગયો છે. ગિરનારની યાત્રાએ આવેલા પ્રવાસીઓ સહિતના લોકોને અસર પહોંચી છે અને ઠંડીને કારણે ઠૂંઠવાઈ ગયા છે. જ્યારે બીજી તરફ ભેજનું પ્રમાણ ૬૯ ટકા રહ્યું છે અને ૬.૨ કિમીની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે.

# સંયુક્ત રાષ્ટ્ર શાંતિ સૈનિકોએ સીરિયામાં ગોલાન હાઈટ્સ બફર ઝોનમાં ઈઝરાયેલના ધ્વજ હટાવ્યા

(એજન્સી) તા.૧૮

યુનાઈટેડ નેશન્સે મંગળવારે સીરિયાના ગોલાન હાઈટ્સ બફર ઝોનમાં ઈઝરાયેલી સૈનિકોની સતત હાજરીની ખાતરી કરી અને જણાવ્યું કે, શાંતિ રક્ષકોએ બફર ઝોનમાંથી ઈઝરાયેલી ધ્વજ હટાવી દીધા છે. ''ગોલાન હાઈટ્સ પરના અમારા પીસકીપીંગ પાર્ટનર, યુનાઈટેડ નેશન્સ ડિસએંગેજમેન્ટ ઓબ્ઝર્વર ફોર્સ (UNDOF), સમગ્ર વિભાજન ઝોનમાં તેની સ્થિતિનું નિરીક્ષણ અને અહેવાલ આપવાનું ચાલુ રાખે છે,'' પ્રવક્તા સ્ટીફન ડુજારિકે એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન જણાવ્યું હતું. તેમણે જણાવ્યું કે ઈઝરાયેલી સૈન્યની ''(UNDOF) ઓપરેશનલ એરિયામાં હાજરીએ બ્લુ હેલ્મેટને ગંભીર રીતે અસર કરી છે,'' તે નિર્દેશ કરે છે કે પીસકીપીંગ મિશનની ''ચળવળની સ્વતંત્રતા અને તેની ઓપરેશનલ, લોજિસ્ટિક્સ અને વહીવટી પ્રવૃત્તિઓ હાથ ધરવાની ક્ષમતા ગંભીર રીતે ખોરવાઈ ગઈ છે.'' ''વર્તમાન સંદર્ભમાં UNDOF લગભગ ૫૫થી ૬૦ દૈનિક ઓપરેશનલ કાર્યો અને લોજિસ્ટિક્સ પ્રવૃત્તિઓનું સંચાલન કરતી હતી. હાલમાં તે દરરોજ ત્રણથી પાંચ આવશ્યક લોજિસ્ટિક્સ હિલચાલ સુધી મર્યાદિત છે, જે તેની કામગીરીને નોંધપાત્ર રીતે અસર કરે છે. તેમણે શાંતિ રક્ષકોને તેમના કાર્યોને અવરોધ વિના અને સુરક્ષિત રીતે કરવા દેવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. UNDOF મુજબ ઈઝરાયેલી દળોએ વિભાજન ઝોનમાં પ્રવેશ કર્યો, અને બ્રાવો લાઈનની પૂર્વમાં માઉન્ટ હર્મોન અને ''ટેન્ક હિલ'' સહિત ઘણા ''મુખ્ય સ્થાનો'' પર સૈનિકો તૈનાત કર્યા, ''મિશનએ માઉન્ટ હેરમોન વિસ્તારમાં ચાર સ્થળોને લક્ષ્યાંકિત કર્યા.'' આઈડીએફ (ઈઝરાયેલ



આર્મી)ની પ્રવૃત્તિઓ અને બાંધકામ પણ સ્થળોએ જોવામાં આવ્યું છે.'' તેમણે જણાવ્યું કે, ''UNDOFએ વિભાજન ઝોનની અંદર ત્રણ સ્થાનો પર ઈઝરાયલી ધ્વજનું પણ અવલોકન કર્યું; UNDOF અધિકારીઓના વિરોધને પગલે તમામ ઈઝરાયેલી ધ્વજ હટાવી દેવામાં આવ્યા છે. તેમણે જણાવ્યું કે, મિશન તમામ પક્ષોને ૧૯૭૪ની સૈન્ય વાપસી સમજુતીનું પાલન કરવા અને યુદ્ધવિરામ જાળવવા તેના આહ્‌વાનને પુનરાવર્તિત કરે છે. સૈન્ય વાપસી સમજૂતી બફર ઝોન અને ડિમિલિટરાઈઝ્‌ડ ઝોનની સીમાઓ સ્થાપિત કરી. UNDOF દ્વારા તેનું નિરીક્ષણ કરવામાં આવે છે, જેને ૧૯૭૩ના મધ્ય પૂર્વ યુદ્ધ પછી ઈઝરાયેલ અને સીરિયા વચ્ચે યુદ્ધવિરામ જાળવવાનું કામ સોંપવામાં આવ્યું છે.

# શું બશર અલ-અસદે સીરિયામાં નરસંહાર કર્યો હતો ? દમાસ્કસ નજીક સામૂહિક કબરમાંથી ૧ લાખથી વધુ મૃતદેહો મળી આવ્યા

(એજન્સી) તા.૧૮

સીરિયન ઈમરજન્સી ટાસ્ક ફોર્સના પ્રમુખના જણાવ્યા અનુસાર, બશર અલ-અસદ સરકાર દ્વારા કથિત રીતે મૃત્યુ પામેલા દસ લાખથી વધુ લોકોના મૃતદેહ દમાસ્કસ નજીક એક સામૂહિક કબરમાંથી મળી આવ્યા છે. દમાસ્કસથી ૪૦ કિમી ઉત્તરે અલ-કુતૈફાહમાં સામૂહિક કબર મળી આવી હતી. મૌઆઝ મુસ્તફાએ રોઈટર્સને જણાવ્યું કે તે પાંચ સામૂહિક કબરોમાંથી એક છે જેને તેણે છેલ્લા કેટલાક વર્ષોમાં ઓળખી હતી અને હજુ વધુ કબરો શોધવાની બાકી છે. ત્રાસ અને ફાંસીની સજા ઉપરાંત, અસદ પર નાગરિકો પર રાસાયણિક હુમલા તેમજ વંશીય સફાઈનો પણ આરોપ છે. અબુ મોહમ્મદ અલ-જોલાનીની આગેવાની હેઠળની નવી સરકારે અસદ શાસન દ્વારા કરવામાં આવેલા નરસંહાર અને અન્ય યુદ્ધ અપરાધોના આરોપોની તપાસ કરવાની પ્રતિજ્ઞા લીધી છે. મુસ્તફાએ જણાવ્યું કે ઘટનાસ્થળે મૃતદેહોની સંખ્યાનો સૌથી રૂઢિચુસ્ત અંદાજ 'દસ લાખ' છે. જેમાં માત્ર સીરિયન જ નહીં પરંતુ વિદેશીઓ



પણ સામેલ છે. અસદ મોસ્કોથી ભાગી ગયા પછી સીરિયા આવેલા મુસ્તફાએ જણાવ્યું કે યુદ્ધગ્રસ્ત દેશમાંથી ભાગી જતાં પહેલાં સાઈટ્સ પર કામ કરનારા લોકો સાથે વાત કર્યા પછી તેણે સામૂહિક કબરો વિશે જાણ્યું. બુલડોઝર ડ્રાઈવરોનો ઉલ્લેખ કરતાં, તેમણે જણાવ્યું કે તેઓને કબરો ખોદવા અને 'મૃતદેહોને જમીન નીચે દાટી દેવાની ફરજ પાડવામાં આવી હતી.' તેમણે જણાવ્યું કે અસદ શાસન દ્વારા અત્યાચાર ગુજારવામાં આવતા લોકોને સૈન્ય હોસ્પિટલોમાં લાવવામાં આવ્યા હતા. ત્યાંથી, મુસ્તફાએ જણાવ્યું કે, સીરિયન એરફોર્સની ગુપ્તચર શાખાને મૃતદેહોને સામૂહિક કબરોમાં ડમ્પ કરતા પહેલા અલગ-અલગ ગુપ્તચર શાખાઓમાં લઈ જવાની જવાબદારી સોંપવામાં આવી હતી. તેમણે કબરોની જાળવણી અંગે પણ ચિંતા વ્યક્ત કરી જેથી તપાસ માટે પુરાવા એકત્ર કરી શકાય.

# નેતાન્યાહુએ સઉદી અરેબિયા સાથેની વાતચીતમાં પેલેસ્ટીની રાજ્યનો દરજ્જો આપવા માટે સંમત થવા ઈન્કાર કર્યો

(એજન્સી) તા.૧૮

ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુએ કહ્યું છે કે તેઓ પેલેસ્ટીન રાજ્યની સ્થાપના થવા દેશે નહીં. તેમણે સઉદી અરેબિયા સાથેના સંબંધોને સામાન્ય બનાવવાના પ્રયાસોના ભાગરૂપે યહૂદી રાજ્ય ''પેલેસ્ટીની રાજ્ય તરફ આગળ વધવા'' સંમત થયા હોવાનો દાવો કરતા અહેવાલોને ફગાવી દીધા હતા.

સિન્હુઆ ન્યૂઝ એજન્સી અનુસાર ઈઝરાયલી મીડિયાએ અગાઉ અહેવાલ આપ્યો હતો કે સઉદી અરેબિયા સાથે સંબંધો સુધારવાના કરાર પર ચાલી રહેલી વાટાઘાટોના ભાગરૂપે 'પેલેસ્ટીની રાજ્ય'ના દરજ્જાને ધ્યાનમાં લેવામાં આવી રહ્યો છે. દરમિયાન સઉદી



અરેબિયાએ પણ આ અહેવાલને સખત રીતે નકારી કાઢ્યો અને કહ્યું કે હજુ સુધી કોઈ સફળતા મળી નથી. એક અનામી સઉદી અધિકારીએ પત્રકારોને જારી કરેલા નિવેદનમાં જણાવ્યું હતું કે, ''રાજ્યના નેતૃત્વએ સ્વતંત્ર પેલેસ્ટીની રાજ્યની સ્થાપના માટે તેની લાંબા ગાળાની પ્રતિબદ્ધતામાં સુધારો કર્યો છે તે કલ્પના પાયાવિહોણી છે.'' નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, ''સઉદી અરેબિયા ગાઝામાં યુદ્ધને સમાપ્ત કરવા માટે કામ કરવાનું ચાલુ રાખશે અને પેલેસ્ટીની લોકોને સ્વતંત્ર રાજ્યનો અધિકાર પ્રાપ્ત કરવામાં મદદ કરશે.'' લાંબા સમયથી સઉદી અરેબિયા સાથેના ઔપચારિક સંબંધોને મહત્ત્વપૂર્ણ વ્યૂહાત્મક ઉદ્દેશ્ય માનતા નેતાન્યાહુએ આ અહેવાલોને નકારી કાઢ્યા હતા. ઈઝરાયેલે ૧૯૬૭ના મધ્ય પૂર્વ યુદ્ધમાં પશ્ચિમ કાંઠે, પૂર્વ જેરૂસલેમ અને ગાઝા પટ્ટી પર કબજો કર્યો હતો. પેલેસ્ટીની તે વિસ્તારોમાં સ્વતંત્ર રાજ્ય સ્થાપવા માંગે છે.

# સીરિયામાં ૮,૮૦,૦૦૦થી વધુ લોકો વિસ્થાપિત : સંયુક્ત રાષ્ટ્ર

(એજન્સી) તા.૧૮

સંયુક્ત રાષ્ટ્ર માનવતાવાદી સહાયે જણાવ્યું કે સીરિયામાં દુશ્મનાવટના તાજેતરના વિસ્તરણને પગલે ૮૮૦,૦૦૦થી વધુ લોકો વિસ્થાપિત થયા છે. સંયુક્ત રાષ્ટ્ર ભાગીદાર સંસ્થાઓનો અંદાજ છે કે લગભગ ૬ ટકા વિસ્થાપિત ઓછામાં ઓછા એક પ્રકારની વિકલાંગતા સાથે જીવે છે. સંયુક્ત રાષ્ટ્ર ઓફિસ ફોર ધ કોઓર્ડિનેશન ઓફ હ્યુમેનિટેરિયન અફેર્સ (OCHA)એ જણાવ્યું કે, 'વતન પ્રત્યાયન પ્રવૃત્તિઓ ગતિશીલ રહે છે, ગઈકાલે (રવિવાર, ૧૫ ડિસેમ્બર) ૪૦,૦૦૦થી વધુ વિસ્થાપિત લોકો ૨૫૦ સામૂહિકમાં રહે છે.' કાર્યાલયે જણાવ્યું કે સંયુક્ત રાષ્ટ્ર અને તેના ભાગીદારો ખોરાક, પાણી, રોકડ, તંબુ અને ધાબળા સપ્લાય કરીને રાહત પ્રયાસોને સમર્થન આપવાનું ચાલુ રાખશે. વિશ્વ સંસ્થા તબીબી ટીમો અને પુરવઠો પણ તૈનાત કરી રહી છે.યુનાઈટેડ નેશન્સ ચિલ્ડ્રન્સ ફંડ



(યુનિસેફ)ના સહયોગથી સીરિયન અરબ રેડ ક્રેસન્ટ અને રેડ ક્રોસની આંતરરાષ્ટ્રીય સમિતિએ શુક્રવારે ૧૩ ડિસેમ્બરે અલેપ્પો રાજ્યમાં તિશરીન ડેમ સુવિધાની તાત્કાલિક અને જટિલ સમારકામ હાથ ધરવા સંયુક્ત મિશનનું આયોજન કર્યું હતું. યુનિસેફે બેકઅપ જનરેટર ચલાવવા માટે બળતણ પણ એકત્ર કર્યું, ડેમમાંથી સુરક્ષિત ડ્રેનેજની મંજૂરી આપી અને પાણી પુરવઠો સુરક્ષિત કર્યો. ગયા અઠવાડિયે ડેમની નજીક થયેલી હિંસાને કારણે વીજ પુરવઠો ખોરવાયો હતો અને પાણી અને અન્ય મહત્વપૂર્ણ સેવાઓમાં વિક્ષેપ પડ્યો હતો, જેના કારણે વિસ્તારના લાખો લોકોને અસર થઈ છે.

# અમેરિકન સાંસદોએ બાઈડેન વહીવટીતંત્રને ઈઝરાયેલને આક્રમક શસ્ત્રો અટકાવવા વિનંતી કરી

(એજન્સી) તા.૧૮

યુનાઈટેડ સ્ટેટ્સમાં વીસ ડેમોક્રેટિક ધારાસભ્યોએ રાષ્ટ્રપતિ જો બાઈડેનના વહીવટને ઈઝરાયેલમાં આક્રમક શસ્ત્રોના પરિવહનને રોકવા વિનંતી કરી છે, એ નોંધ્યું છે કે ઈઝરાયેલ સરકારે ગાઝામાં પ્રવેશવા માટે વધુ સહાય માટેની યુએસની માંગનું પાલન કર્યું નથી. મંગળવારે સેક્રેટરી ઓફ સ્ટેટ એન્ટોની બ્લિંકનને સંબોધિત એક પત્રમાં, કોંગ્રેસના સભ્યોએ વોશિંગ્ટનને તેના પોતાના કાયદા જાળવવા માંગ કરી હતી જે યુદ્ધ અપરાધ કરનારા દેશોને લશ્કરી સહાય પર પ્રતિબંધ મૂકે છે અને યુએસ સમર્થિત માનવતાવાદી સહાયને અવરોધે છે. પત્રમાં જણાવવામાં આવ્યું છે કે, 'અમે માનીએ છીએ કે ઈઝરાયેલ સરકારને આક્રમક શસ્ત્રો તબદીલ કરવાથી પેલેસ્ટીની લોકોની વેદના લંબાય છે અને વિશ્વને સંદેશો આપીને આપણી પોતાની રાષ્ટ્રીય સુરક્ષાને જોખમમાં મૂકે છે કે યુનાઈટેડ સ્ટેટ્સ તેના કાયદાઓ, નીતિઓ અને આંતરરાષ્ટ્રીય સ્તરનું પાલન કરશે નહીં. પસંદગીપૂર્વક કાયદાનો અમલ કરશે. 'તેણે જણાવ્યું કે કાર્યવાહી કરવામાં નિષ્ફળતા ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુના ગાઝા પરના યુદ્ધને લંબાવશે, 'આંતરરાષ્ટ્રીય મંચ પર ઈઝરાયેલને અલગ પાડશે અને આ ક્ષેત્રમાં વધુ અસ્થિરતા સર્જશે.' આ પત્રનું નેતૃત્વ સમર લી અને ગ્રેગ



કેસર દ્વારા કરવામાં આવ્યું છે, જેમને આગામી વર્ષે કોંગ્રેસનલ પ્રોગ્રેસિવ કોકસનું નેતૃત્વ કરવા માટે તાજેતરમાં પ્રમિલા જયપાલની જગ્યાએ પસંદ કરવામાં આવ્યા હતા. આ પગલું બાઈડેન અને બ્લિંકનને સમજાવે તેવી શક્યતા નથી, જેમણે વારંવાર ઈઝરાયેલ માટે તેમના 'અવિચળ' સમર્થનનું વચન આપ્યું છે, તે માર્ગ બદલવા માટે. પરંતુ તે તેની મધ્ય પૂર્વ નીતિ પર યુએસ વહીવટીતંત્ર પર વધતા પ્રગતિશીલ દબાણને રેખાંકિત કરે છે.

# રઝળતા કૂતરાઓ ઈઝરાયેલના હુમલા વચ્ચે ઉત્તર ગાઝામાં નિર્જીવ પેલેસ્ટીનીઓના મૃતદેહોને ખાઈ રહ્યા છે, વીડિયો વાયરલ

(એજન્સી) તા.૧૮

નેટવર્ક દ્વારા પ્રસારિત કરવામાં આવેલા ફૂટેજમાં રઝળતા કૂતરાઓ ઉત્તરી ગાઝામાં મૃત પેલેસ્ટીનીઓના ઓના મૃતદેહો પર સફાઈ કરતા દર્શાવવામાં આવ્યા હતા, નજીકમાં ઈઝરાયેલી સૈનિકો સાથે. આ દુઃખદ દ્રશ્યોએ વ્યાપક આક્રોશ ફેલાવ્યો છે, પેલેસ્ટીની પ્રતિકાર સમુહ હમાસે આ ઘટનાઓને ઈઝરાયેલી સૈન્ય અને તેના નેતૃત્વની 'નિષ્ઠુરતા, નિર્દયતા અને અમાનવીયતા'ના પ્રતીક તરીકે વખોડી કાઢી છે. મંગળવારે જાહેર કરાયેલા એક નિવેદનમાં, હમાસે વિડિયોને ગાઝામાં 'વ્યવસ્થિત વિનાશ'ની ઝુંબેશના વધુ પુરાવા તરીકે વર્ણવ્યું, જ્યાં માનવતાવાદી ટીમોને મૃતદેહો અને પીડિતોને સહાયતા સુધી પહોંચવાનો ઈનકાર કરવામાં આવ્યો છે. વિડીયોમાં રજળતા કૂતરાઓ એવા વિસ્તારોમાં મૃતદેહ પર સફાઈ કરતા બતાવવામાં આવ્યા છે જ્યાં બચાવ પ્રયાસો અવરોધાયા છે. સમુહે ઈઝરાયેલી દળો પર ઈરાદાપૂર્વક નાગરિકો પર હુમલો કરવાનો અને ગંભીર ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવવાનો પણ આરોપ મૂક્યો, બીટ લાહિયા શહેરમાં કમલ અદવાન હોસ્પિટલ પર ચાલી રહેલા હુમલાઓને ટાંકીને. આ હુમલાઓએ પાણીની ટાંકીઓ, ઈંધણ



પુરવઠો અને તબીબી સંભાળ માટે જરૂરી ઓક્સિજન સુવિધાઓને નુકસાન પહોંચાડ્યું છે. હમાસે ઈઝરાયેલી કાર્યવાહીને 'વિશ્વની સામે ખુલ્લેઆમ કરવામાં આવેલ યુદ્ધ અપરાધો' તરીકે વર્ણવ્યું હતું અને ગાઝામાં નરસંહારની ક્રિયાઓને રોકવા માટે તાત્કાલિક આંતરરાષ્ટ્રીય હસ્તક્ષેપની માંગ કરી. આ સમુહે આંતરરાષ્ટ્રીય સમુદાયને માનવતાવાદી સહાય એકત્ર કરવા અને નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા વિનંતી કરી, અને ઈઝરાયેલમાં ચાલી રહેલા નરસંહાર દરમિયાન આચરવામાં આવેલા યુદ્ધ અપરાધો માટે જવાબદારીની જરૂરિયાત પર ભાર મૂક્યો. ઓક્ટોબર પથી, ઈઝરાયેલે હમાસને ફરીથી સમુહ થવાથી રોકવા માટે ઉત્તર ગાઝામાં મોટા પાયે ગ્રાઉન્ડ ઓપરેશન શરૂ કર્યું છે. જો કે, પેલેસ્ટીનનો આરોપ છે કે ઈઝરાયેલ આ વિસ્તાર પર કબજો કરવા માંગે છે અને તેના રહેવાસીઓને બળજબરીથી વિસ્થાપિત કરવા માંગે છે.

# ઈઝરાયેલની નારાજગી છતાં પેલેસ્ટીનીઓ માટે આઈરિશ સમર્થન મક્કમ છે

(એજન્સી) તા.૧૮

ઈઝરાયેલ પર ગાઝામાં નરસંહાર કરવાનો આરોપ લગાવતા ઈન્ટરનેશનલ કોર્ટ ઑફ જસ્ટિસ (ICJ)માં દક્ષિણ આફ્રિકાના કેસમાં જોડાવાનો આયર્લેન્ડનો નિર્ણય એક રાજદ્વારી તોફાનને વેગ આપી રહ્યો છે, જે ઘણા નિરીક્ષકોના મતે, વર્ષોના નિર્માણમાં હતા. સોમવારે આયર્લેન્ડમાં તેની દૂતાવાસ બંધ કરવાના ઈઝરાયેલના નિર્ણયને પગલે, નવા નિયુક્ત ઈઝરાયેલના વિદેશ મંત્રી ગિડિયોન સારે આયર્લેન્ડના તાઓઈસેચ (વડાપ્રધાન) સિમોન હેરિસ પર હુમલો કર્યો અને તેમના પર યહૂદી વિરોધી હોવાનો આરોપ મૂક્યો. સારે જણાવ્યું કે, ''ઈઝરાયેલની ટીકા અને અમાનવીયીકરણ અને ઈઝરાયેલ પ્રત્યેના બેવડા માપદંડો પર આધારિત યહૂદી વિરોધીમાં તફાવત છે. અન્ય દેશોની તુલનામાં આયર્લેન્ડે પોતાની જાતને ઈઝરાયેલ સાથે આ રીતે વર્તન કરવાની મંજૂરી આપી છે.'' હોબાળાનો જવાબ આપતા, હેરિસે ડબલિનમાં પત્રકારોને જણાવ્યું કે, આયર્લેન્ડને શાંત કરવામાં આવશે નહીં, ભારપૂર્વક જણાવ્યું કે, આયર્લેન્ડ સમગ્ર યુદ્ધ દરમિયાન આંતરરાષ્ટ્રીય કાયદાની મર્યાદામાં ઈઝરાયેલના ''સ્વ-બચાવના અધિકાર''ના સમર્થનમાં અડગ રહ્યું છે. જો કે, ''તમે જાણો છો કે મને શું નિંદનીય લાગે છે ?'' હેરિસે ચેતવણી આપી, ''બાળકોની હત્યા કરવી, મને લાગે છે કે તે નિંદનીય છે. તમે જાણો છો કે મને શું નિંદનીય લાગે છે ? ગાઝામાં નાગરિકોના મૃત્યુના સ્કેલને જોતાં. તમે જાણો છો કે મને શું નિંદનીય લાગે છે ? લોકોને ભૂખે મરવા માટે છોડી દેવામાં આવે છે અને માનવતાવાદી સહાય પ્રાપ્ત કરી રહ્યાં નથી. 'આઈરિશ રાજકારણીઓ મોટે ભાગે ગાઝા પર ઈઝરાયેલના યુદ્ધની ટીકા કરે છે, પરંતુ આ આયર્લેન્ડમાં વ્યાપક લાગણીનું પ્રતિબિંબ છે, જ્યાં મોટાભાગના લોકો પેલેસ્ટીનીના ઈઝરાયેલી કબજાને આયર્લેન્ડ પર સદીઓથી ચાલતા બ્રિટિશ કબજાના અરીસા તરીકે



જુએ છે. જો તેમની ક્રિયાઓ ક્યારેક ઓછી પડી હોય, તો પણ આયર્લેન્ડ અને આઈરિશ રાજકારણીઓ ગાઝા પરના તેના યુદ્ધ દરમિયાન ઈઝરાયેલની ટીકા કરતા હતા, જે એક એવી લાગણીને પ્રતિબિંબિત કરે છે જે પેલેસ્ટીનીઓના વિરોધી છે. ''લોકો કહે છે કે તેઓ તરત જ સમજી જાય છે,'' આયર્લેન્ડ પેલેસ્ટીન સોલિડેરિટી કેમ્પેઈન (IPSC)ના વાઈસ-ચેરમેન ફાતિન અલ તામિમીએ કહ્યું. અલ તામિમીની પોતાની બહેન હાલમાં ગાઝામાં અટવાઈ ગઈ છે અને હેરિસની ઈઝરાયેલની ટીકા છતાં તે ઈચ્છે છે કે તેની સરકાર વધુ કરે અને ઈઝરાયેલ સાથે વેપાર સમાપ્ત કરે. પરંતુ આઈરિશ લોકોમાં અલ તામિમીએ જણાવ્યું કે, તે હંમેશા સમાન લાગણી અનુભવે છે. અલ તમિમીએ જણાવ્યું કે, ''જેમ જ તેમને ખબર પડી કે હું પેલેસ્ટિનિયન છું, તેઓ તરત જ કહે છે કે તેઓ સમજે છે, પરંતુ મારે હજુ પણ તેમને સમજાવવું પડશે કે વ્યવસાય અને રંગભેદનો અર્થ શું છે અને ગાઝામાં કયા સ્કેલ પર નરસંહાર કરવામાં આવી રહ્યો છે.''

# જર્મનીએ ગાઝામાં સ્કૂલ પર ઘાતક ઈઝરાયેલી બોમ્બ વિસ્ફોટની ટીકા કરી

(એજન્સી) તા.૧૮

જર્મનીએ સોમવારે ઉત્તરી ગાઝામાં આશ્રયસ્થાન બનેલી શાળા પરના ઘાતક ઈઝરાયેલી હુમલા અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે, જેમાં ઓછામાં ઓછા ૪૩ લોકો મૃત્યુ પામ્યા છે. વિદેશ મંત્રાલયના નાયબ પ્રવક્તા ક્રિશ્ચિયન વેગનરે બર્લિનમાં એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે, 'અમે બીટ હનુનમાં શાળા વિરૂદ્ધ કરવામાં આવેલી આ કાર્યવાહીથી ખૂબ જ ચિંતિત છીએ, ત્યાં મોટી સંખ્યામાં પીડિતો અને ઘાયલ થયા છે.' ગાઝા પટ્ટીમાં રવિવારે ઈઝરાયેલી હુમલામાં ૧૧૦થી વધુ પેલેસ્ટીની મૃત્યુ પામ્યા છે. ઓક્ટોબર ૨૦૨૩માં, ઈઝરાયેલે ગાઝા પટ્ટી પર નરસંહાર યુદ્ધ શરૂ કર્યું જેમાં અત્યાર સુધીમાં લગભગ ૪૫,૦૦૦ લોકો મૃત્યુ પામ્યા છે. જેમાં મોટાભાગની સ્ત્રીઓ અને બાળકો છે. વેગનરે ગાઝામાં 'આપત્તિજનક માનવતાવાદી પરિસ્થિતિ' પર ફરીથી ભાર મૂક્યો, અને પરિસ્થિતિઓમાં સુધારો કરવાની 'તાકીદની' જરૂરિયાત પર ભાર મૂક્યો ગાઝામાં હત્યાકાંડની આંતરરાષ્ટ્રીય ટીકા તેના બીજા વર્ષમાં વધી રહી છે, અધિકારીઓ અને સંગઠનોએ હુમલાની ટીકા કરી અને સહાય પુરવઠો અટકાવવા માટે વસ્તીનો નાશ કરવાનો ઈરાદાપૂર્વકનો પ્રયાસ કર્યો. વેગનેરે મધ્ય ગાઝામાં



નુસરત કેમ્પમાં પેલેસ્ટીની પત્રકાર અહેમદ અલ-લુઆહ અને પાંચ પેલેસ્ટીની નાગરિક સંરક્ષણ સૈનિકોને માર્યા ગયેલા ઈઝરાયેલી હવાઈ હુમલાની પણ ટીકા કરી હતી.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ......

ગુજરાત ટુડે

# આહ..! ઉસ્તાદ !!: ઝાકિર હુસૈનની તબલા પર ઉછળતી આંગળીઓ કાયમને માટે થંભી ગઈ...

હવામાં લહેરાતાં વાંકડિયા વાળ, ચહેરા પર સ્મિત સાથે પલ્ટાતાં જતાં હાવભાવ અને તબલા પર વીજળીવેગે ઉછળતી કૂદતી આંગળીયો...એટલે સાચાઅર્થમાં નિપૂણ તબલાવાદક ઉસ્તાદ ઝાકિર હુસૈન...નિર્જીવ તબલા પર તેમની સજીવ આંગળીયો ઉછળતી અને જાણે કે તબલા પણ બોલવા લાગતા...ઝાકિર હુસૈને ખરેખર તબલાને દુનિયામાં જીવન બક્ષ્યું એમ કહીએ તો અતિશયોકિત નહીં ગણાય... બાળપણમાં જ તેમને ગળથૂથીમાં તબલાનો વારસો મળ્યો હતો. પિતાના સ્વરૂપમાં તેમને પ્રખ્યાત નિષ્ણાત તબલાવાદક ઉસ્તાદ અલ્લારખા કુરૈશી મળ્યા હતા અને તેઓ જ તેમના ગુરૂ-ઉસ્તાદ હતા... અર્થાત સંગીતમય વાતાવરણમાં જ તેમનો ઉછેર શરૂ થયો પણ ઝાકિર હુસૈન તો જાણે કે તબલા વાદન માટે જ જન્મ્યા હતા. બાળપણથી જ તેમની આંગળીઓ થનગનવા લાગી હતી. તેમના પિતાએ તેમને તબલાની તાલીમ આપવાનું શરૂ કર્યું અને હજી તેઓ તરૂણવયે પહોંચે તે પહેલા તો તેઓ માત્ર ૧૨ વર્ષની ઉંમરે એટલા કાબેલ થઈ ગયા હતા કે તેમણે અમેરિકામાં સંગીત સમારોહમાં પોતાની અદભૂત ક્ષમતાનું પ્રદર્શન કરી પોતાને સાબિત કરી દીધા હતા... અમેરિકામાં તેમના આ પ્રથમ કાર્યક્રમમાં જ એ વખતે એટલી ખ્યાતિ મળી કે પછી ઝાકિર હુસૈને અંતિમ શ્વાસ સુધી કદી પાછું વળીને જોવું જ પડયું ન હતું.

ઝાકિર હુસૈને તબલાને એક વાદ્યના સ્વરૂપમાં ન હતું સાધ્યું પરંતુ તબલાને તેઓ જીવી ગયા હતા. તબલામાં જેટલી સંભાવનાઓને તેમણે શોધી હતી એટલી સૂક્ષ્મતા-બારીકાઈને એમનાથી પહેલા કોઈ તબલા નવાઝ ઉજાગર કરી શકયા ન હતા. તેમના તબલા અને સામે પક્ષે બીજા કોઈ વાદ્યની જુગલબંધીને સાંભળવી અને જોવી એ એક લ્હાવો હતી.. તેમની સામે કોઈપણ વાદ્ય હોય પછી તે તારવાદ્ય હોય કે તાલવાદ્ય હોય એ દરેકની સાથે બેનમૂન જુગલબંધી કરી જાણતા.... તેમણે દેશ અને દુનિયાના દરેક પ્રખ્યાત ગાયક અને વાદક સાથે સંગીતની એવી સંગત કરી કે આવી જુગલબંધી કોઈએ કરી ન હતી. પોતાની પહેલાની પેઢીના પ્રાચીન અને પોતાની પછીની પેઢીના અર્વાચીન સંગીતકારો સાથે તેમણે ગજબનો તાલ મિલાવ્યો હતો. એમણે ભારતીય તબલાને પશ્ચિમી દેશોમાં પણ એટલી જ પ્રતિષ્ઠા અપાવી... ઝાકિર હુસૈન એક અદ્ભૂત તાલવાદક હતા જ, પરંતુ તેમની વગાડવાની શૈલી પણ અનોખી હતી. તબલા વગાડતી વખતે એમના લાંબા વાળ જે રીતે લહેરાતા હતા તે જોઈને લાગતું હતું કે એમના વાળ અને તાલ કોઈ જુગલબંધી કરી રહ્યા છે. તેમની શૈલી સૌને મંત્રમુગ્ધ કરી દેતી હતી. તેઓ એવા પ્રથમ વાદક હતા જેમણે તબલામાંથી અન્ય સંગીતના વાદ્યોના અવાજો કાઢવાનો પ્રયોગ કર્યો, જેમાં તેમના તબલામાંથી ડમરૂના અવાજ ખૂબ લોકપ્રિય થયા. તેઓ તબલામાંથી ધૂન વગાડીને સ્ટેજ પર્ફોર્મન્સમાં પણ અજાયબી સર્જતા હતા. ભારતીય શાસ્ત્રીય સંગીત ઉપરાંત એમણે તેમના તબલા વડે અમેરિકન જાઝમાં પણ નવો રંગ ઉમેર્યો. પરિણામ એ આવ્યું કે આ વર્ષે એપ્રિલમાં તેમને એક સાથે ત્રણ ગ્રેમી એવોર્ડ મળ્યા. આ પહેલા તેમને બે ગ્રેમી મળી ચૂકયા છે. ગ્રેમી એવોર્ડને સંગીતની દુનિયાનું સૌથી મોટું સન્માન માનવામાં આવે છે. એમણે ઘણી ફિલ્મોમાં પણ કામ કર્યું અને વાહ તાજ સહિતની ઘણી જાહેરાતો એમના અભિનયથી યાદગાર બની. ભારત સરકારે તેમને ત્રણેય પદ્મ પુરસ્કારોથી સન્માનિત કર્યા હતા.

ઝાકિર હુસૈન ભારતમાં જેટલા લોકપ્રિય હતા એટલા જ વિદેશમાં પણ લોકપ્રિય હતા. તેમણે હિન્દી અને હોલિવુડની ફિલ્મોમાં સંગીત પણ આપ્યું અને અભિનય પણ કરી બતાવ્યો તબલાને તેમણે દેશ અને વિદેશમાં એટલી અને એવી ઓળખ અપાવી કે ઉસ્તાદ ઝાકિર હુસૈન તબલાના પર્યાય બની ગયા હતા... વ્યકિત તરીકે પણ તેઓ સદાય ખુશ રહેનારા મૈત્રીપૂર્ણ માનવી હતા. તેમની વિદાય ખરેખર તાલ અને લયની દુનિયાને કેટલાક અંશે વેરાન બનાવી ગઈ છે.

# 'જય શ્રી રામ'ના સૂત્રોચ્ચારનો વિવાદ : મસ્જિદમાં 'રામ' નામનો જાપ કરવો ગુનો છે ? અલબત્ત આજના સાંપ્રદાયિક વાતાવરણમાં તે ચોક્કસ ગુનો બને છે

**કાનૂની નિષ્ણાતો કહે છે કે કોઈપણ સૂત્રોચ્ચાર કરવા એ કોઈ નથી પરંતુ તે કેવી રીતે ઉચ્ચારવામાં આવે છે તે મહત્ત્વપૂર્ણ છે અને આજના સાંપ્રદાયિક વાતાવરણમાં તે બોલવું એ ગુનો બને છે**

**બોમ્બે હાઈકોર્ટના પૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ બી.જી. કોલ્સે પાટીલે ધ ટેલિગ્રાફને કહ્યું કેઃ આ અંગે કાયદામાં કોઈ અસ્પષ્ટતા નથી. સુપ્રીમ કોર્ટે દેશનું વાતાવરણ જોવું જોઈએ. જો આપણે એવું માનીએ કે રામ અને રહીમ એક છે, તો તે ત્યારે જ શક્ય બનશે જ્યારે પરિસ્થિતિ સારી હશે**

અનેક કાનૂની નિષ્ણાતોએ સુપ્રીમ કોર્ટના એવા પ્રશ્નના સંદર્ભમાં કહ્યું છે કે શું મસ્જિદની અંદર ''જય શ્રી રામ'' બોલવું એ ફોજદારી ગુનો બને છે ત્યારે તેઓ કહે છે કે, કોઈપણ ઉપાસકોને ડરાવવાના હેતુથી કોઈ પૂજા સ્થળે આક્રમક સૂત્રોચ્ચાર કરવો એ ગુનો છે. કાનૂની નિષ્ણાતો કહે છે કે કોઈપણ સૂત્રોચ્ચાર કરવા એ કોઈ નથી પરંતુ તે કેવી રીતે ઉચ્ચારવામાં આવે છે તે મહત્ત્વપૂર્ણ છે અને આજના સાંપ્રદાયિક વાતાવરણમાં તે બોલવું એ ગુનો બને છે.

સોમવારે, સુપ્રીમ કોર્ટે કર્ણાટક સરકારનો અભિપ્રાય માંગ્યો હતો કે શું મસ્જિદની અંદર ''જય શ્રી રામ'' બોલવું એ સમુદાયની ધાર્મિક લાગણીઓને ભડકાવવાના ફોજદારી ગુના સમાન છે. ન્યાયાધીશ રાજેશ બિંદલ અને સંદીપ મહેતાની ડિવિઝન બેન્ચે અરજદારને પૂછ્યું કેઃ ચાલો એ સ્વીકારીએ કે તેઓ કોઈ ચોક્કસ ધાર્મિક વાક્ય અથવા નામની બૂમો પાડી રહ્યા હતા. પરંતુ તે કેવી રીતે ગુનો છે?

ખંડપીઠે આ અવલોકન દક્ષિણ કર્ણાટકની બદરિયા જામા મસ્જિદના મેનેજમેન્ટ દ્વારા સપ્ટેમ્બરમાં મસ્જિદની અંદર ''જય શ્રી રામ''ના નારા લગાવવા અને ધમકી આપવા બદલ બે યુવકો સામેના ફોજદારી કેસોને રદ કરવાના હાઈકોર્ટના ચુકાદાને પડકારતી અપીલની સુનાવણી દરમિયાન કરી હતી. બોમ્બે હાઈકોર્ટના પૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ બી.જી. કોલ્સે પાટીલે ધ ટેલિગ્રાફને કહ્યું કેઃ આ અંગે કાયદામાં કોઈ અસ્પષ્ટતા નથી. સુપ્રીમ કોર્ટે દેશનું વાતાવરણ જોવું જોઈએ. જો આપણે એવું માનીએ કે રામ અને રહીમ એક છે, તો તે ત્યારે જ શક્ય બનશે જ્યારે પરિસ્થિતિ સારી હશે. જો સુપ્રીમ કોર્ટ કહે છે કે આ સૂત્રોચ્ચાર માન્ય છે, તો તે ખૂબ જ જોખમી છે કારણ કે જાહેર



શાંતિ જોખમમાં આવશે. લોકો નમાઝ દરમિયાન પણ દરેક મસ્જિદમાં ઘૂસી શકે છે અને સૂત્રોચ્ચાર કરવાનું શરૂ કરી શકે છે. જ્ઞાનવાપી કેસમાં જસ્ટિસ ડી.વાય. ચંદ્રચુડના અવલોકનો પછી હવે મસ્જિદો પર અનેક દાવાઓ થઈ રહ્યા છે... તમે તમારા પૂજા સ્થાનમાં પૂજા કરો. આપણે આજે આ દેશને ક્યાં લઈ જઈ રહ્યા છીએ? જસ્ટિસ ચંદ્રચુડની આગેવાની હેઠળની સુપ્રીમ કોર્ટની બેન્ચે ગયા વર્ષે ઑગસ્ટમાં ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI)ને વારાણસીમાં જ્ઞાનવાપી મસ્જિદનું સર્વેક્ષણ કરવાની મંજૂરી આપી હતી, અને ઘણા લોકો એવું માને છે કે આજે અદાલતોમાં આવી અરજીઓ પાછળનું તે એક મુખ્ય કારણ છે. મુસ્લિમ આક્રમણકારો દ્વારા મંદિરો તોડીને મસ્જિદો બાંધવામાં આવી હોવાનો દાવો સતત કરવામાં આવી રહ્યો છે. આ મહિનાની શરૂઆતમાં, જ્ઞાનવાપી મસ્જિદ પ્રબંધન સમિતિએ પ્લેસ ઓફ વર્શીપ (સ્પેશિયલ પ્રોવિઝન્સ) એક્ટ, ૧૯૯૧ના સમર્થનમાં સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. બંધારણીય વકીલ અને કાર્યકર્તા શાહરૂખ આલમે કહ્યું કે કર્ણાટક મસ્જિદમાં ધાર્મિક સૂત્રોચ્ચાર અંગે સંદર્ભ વગર તપાસ થવી જોઈએ નહીં. તેમણે દક્ષિણ આફ્રિકાનું ઉદાહરણ ટાંક્યું જ્યાં મસ્જિદો રંગભેદ વિરોધી ચળવળના કેન્દ્રો બની ગઈ હતી અને ઘણીવાર અન્ય ધર્મોના લોકોને તેમના ધર્મો વિશે બોલવા માટે આમંત્રિત કરતી હતી. વર્તમાન સંદર્ભમાં કર્ણાટકમાં આ સૂત્રો આક્રમક પ્રકારના હતા. તે શુભેચ્છા, કરુણા કે એકતામાં ઉચ્ચારવામાં આવ્યા ન હતા. તેનો ઉપયોગ ભારતની ધરતી પર શ્રેષ્ઠતાનો દાવો કરવા માટે થાય છે. જ્યારે તમે સાર્વજનિક અથવા ખાનગી પૂજા સ્થાનમાં તે સમુદાયના લોકોની સંમતિ વિના આવા સૂત્રો પોકારો છો, તો તે આક્રમકતા છે. તે સંદર્ભમાં, તે આ અલબત્ત એક ગુનો બને છે. વરિષ્ઠ વકીલ સંજય હેગડેએ X પર પોસ્ટ કર્યું કેઃ આ પ્રશ્નને ઊંધું વિચારો અને એવી કલ્પના કરો કે કોઈ મંદિરમાં અલ્લાહ હુ અકબરની બૂમો પાડી રહ્યા છે તો પછી કેવો ચુકાદો આપવામાં આવશે? વકીલ સરીમ નાવેદના જણાવ્યા અનુસાર, આવા સૂત્રોચ્ચાર કરવા એ ગુનો છે કે કેમ તે પૂછવામાં કોર્ટનો પ્રશ્ન ટેકનિકલી ખોટો નથી. જો તે ત્યાં પૂજા કરતા અથવા નમાઝ પઢ્તા લોકોને ડરાવવા અને ગુનાહિત ધાકધમકી આપવાનો આક્રમક ઈરાદો ધરાવે છે તો તે ગુનો બને છે. પોલીસ એક સમુદાયના ધાર્મિક સરઘસને બીજાના પૂજા સ્થળની સામેથી કાઢવાની પરવાનગી આપતી નથી. આ સરઘસ કાઢવું એ કોઈ ગુનો નથી પણ અહીં કોઈપણ અપ્રિય ઘટના ન બને તે માટે પરવાનગી આપવાનો ઈન્કાર કરવામાં આવે છે.

**- ફેરોઝ એલ. વિન્સેન્ટ** (સૌ. : ધ ટેલિગ્રાફ)

# નશીલા પદાર્થોનું સેવન અને ઈસ્લામી શિક્ષાઓ

કોઈપણ વસ્તુનો નશો મનુષ્યને પોકળ અને અયોગ્ય બનાવી દે છે, પરંતુ આ પણ વાસ્તવિકતા છે કે હરહંમેશથી મનુષ્યએ કેટલીક એવી વસ્તુઓનું સેવન કર્યું છે જે નશીલી અર્થાત માદક રહી છે. માનવ ઈતિહાસનો કોઈપણ સમાજ કે યુગ એવો રહ્યો નથી જેમાં નશીલા પદાર્થોના સેવનનું પ્રચલન રહ્યું ન હોય. જો આ વાતને સમજવાનો પ્રયત્ન કરવામાં આવે કે વાસ્તવિક રીતે કયા કારણો છે જેને કારણે મનુષ્ય આ જાણવા છતાં પણ કે આ માદક પદાર્થ આપણા આરોગ્ય માટે હાનિકારક છે. છતાંય તેનું સેવન કરે છે અને તેનો ત્યાગ કરવા માટે તૈયાર નથી. તો આ વાત સ્પષ્ટ થઈ જાય છે કે મનુષ્ય આ માદક પદાર્થોના સેવન દ્વારા પોતાના સાંસારિક



**ઈસ્લામની ઝલક**

**- પ્રો. અખ્તરૂલ વાસે**

જીવનની વિટંબણાઓ તથા સમસ્યાઓથી વિચલિત થઈને શાંતિ અને સુખને શોધવાનો પ્રયત્ન કરે છે.

સાથોસાથ આ પણ એક યથાર્થ છે કે વર્તમાન યુગની જુદી જુદી સરકારો પણ આ માદક પદાર્થો પર પ્રતિબંધ આ કારણે નથી મુક્તી કેમ કે આ તેમની આવકનું એક મોટું સ્રોત છે. સરકારો માત્ર જાહેરાતો દ્વારા માનવ સમાજને આ પદાર્થોથી થતી હાનિ અંગે વાકેફ કરતી રહે છે !

આ સંબંધમાં ઈસ્લામી શિક્ષાઓનો પક્ષ સંપૂર્ણપણે સુસ્પષ્ટ છે. અલ્લાહે પોતાના અંતિમ સંદેશ અર્થાત કુર્આનમાં એ તમામ વસ્તુઓના સેવનને અનુચિત અર્થાત હરામ કહેવામાં આવ્યા છે જે માનવ શરીર અથવા માનવ સમાજ માટે હાનિકારક છે. માદક પદાર્થોના સેવનને શૈતાનના કાર્યોમાં સામેલ કરવામાં આવ્યા છે તથા તેનાથી બચવા અને દૂર રહેવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. આ જ પ્રકારે અંતિમ પયગમ્બર મોહમ્મદ (સ.અ.વ.) સાહેબના જુદા જુદા કથનોથી પણ આ વાત સ્પષ્ટ થાય છે જેમાં આ પ્રકારની વસ્તુઓથી બચવાનો આદેશ આપવામાં આવ્યો છે.

ઈસ્લામી શિક્ષાનુસાર માનવ શરીર મનુષ્યની પાસે અલ્લાહની એક અમાનત (ધરોહર)ના સ્વરૂપમાં છે. આ કારણે તેની દેખરેખ મનુષ્યનું પરમ કર્તવ્ય છે અને તે આ અલ્લાહની અમાનતની સાથે કોઈપણ પ્રકારનો દુર્વ્યવહાર કરી શકતો નથી. જો તે આવું કરે તો અલ્લાહને ત્યાં તેને દંડિત કરવામાં આવશે અર્થાત તે વ્યક્તિ સજાને પાત્ર થશે.

માદક પદાર્થોના સેવનથી કોઈપણ મનુષ્યનું ફકત વ્યક્તિગત અને અંગત જીવન જ પ્રભાવિત થાય છે એટલું જ નહીં પરંતુ તેના પારિવારિક અને સામાજિક જીવન પર પણ આનો પ્રભાવ પડે છે. કેટલાક માદક પદાર્થોનું સેવન કર્યા બાદ મનુષ્ય એ અવસ્થામાં રહેતો નથી કે તે સારા-નરસા તથા અનુચિત અર્થાત અયોગ્યની વચ્ચે અંતર, ફરક કે ભિન્નતા કરી શકે. પરિણામ સ્વરૂપે જુદા જુદા પ્રકારની સામાજિક બુરાઈઓ અને પાપ સમાજમાં જન્મે છે. જેના જુદા જુદા સ્વરૂપ આપણને મીડિયામાં વાંચવા અને જોવા મળે છે. આ જ કારણે દારૂને ઈસ્લામી શિક્ષાઓમાં તમામ પ્રકારની બુરાઈઓનો સ્રોત બતાવવામાં આવ્યો છે.

ઈસ્લામ આ તમામ પ્રકારની સામાજિક બુરાઈઓનો અંત ઈચ્છે છે. આ સંબંધમાં તેનો આ નિયમ છે કે તમામ સ્રોતો અને માધ્યમોનું સમાપન થવું જોઈએ અને અંત આણવો જોઈએ જેને કારણે કોઈપણ બુરાઈ જન્મ લે છે.

આ જ નિયમોને અપનાવતા ઈસ્લામે તે તમામે તમામ પ્રકારના માદક પદાર્થોના સેવનને અનુચિત કે હરામ ગણાવ્યા છે એટલું જ નહીં પરંતુ તે તમામ પ્રકારની વસ્તુઓની ઉત્પત્તિ, પ્રવૃત્તિ અને વેપારને પણ અનુચિત કે હરામ ઠરાવ્યા છે.

જો વર્તમાન યુગના વિશેષ સંદર્ભમાં આ ઈસ્લામી શિક્ષાઓને જોવામાં આવે તો ફકત તેની પ્રાસંગિકતા સંપૂર્ણપણે સ્પષ્ટ થઈ જાય છે. એટલું જ નહીં પરંતુ આ પણ જાણવા મળે છે કે જો માનવ સમાજમાં આ શિક્ષાઓને પ્રચલિત અને લાગુ કરી દેવામાં આવે તો સમાજને ઘણી બધી બુરાઈઓ અને ગુનાખોરીથી બચાવી શકાય છે.

**(લેખક ડૉ. ઝાકીર હુસૈન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈસ્લામિક સ્ટડીઝના ડાયરેક્ટર છે.)**

## ઓપનર, ઝડપી બોલર અને પછી અશ્વિન બન્યો દુનિયાનો બેસ્ટ સ્પિનર

# ક્રિકેટર બનવા માટે અશ્વિને એન્જિનિયરિંગ છોડી હતી

### ૨૦૧૦માં ઈન્ટરનેશનલમાં ડેબ્યુ કરનાર અશ્વિન ઈજાના કારણે સ્પિનર બન્યો હતો

ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર સ્પિનર રવિચંદ્રન અશ્વિને ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી સંન્યાસ લઈ લીધો છે. અશ્વિને એન્જિનિયરીંગ છોડી ક્રિકેટને અપનાવ્યું અને અનેક યાદગાર પ્રદર્શન આપ્યા. તેણે પોતાની કારકિર્દીની શરૂઆત ઓપનિંગ બેટસમેન અને મીડિયમ પેસરના રૂપમાં કરી હતી પણ બાદમાં ઓફ સ્પિનમાં અનેક રેકોર્ડ બનાવ્યા છે. ૩૮ વર્ષના અશ્વિનનો જન્મ ૧૭ સપ્ટેમ્બરે ૧૯૮૬ના રોજ ચેન્નાઈના માયલાપુરમમાં થયો હતો. તેના પિતા રવિચંદ્રન પોતે એક કલબ ક્રિકેટર અને ઝડપી બોલર હતા. અશ્વિન અભ્યાસમાં પણ ઘણો હોંશિયાર હતો. તેણે ચેન્નાઈમાં શાળાનું શિક્ષણ પૂરૂં કર્યું અને પછી એસએસએન કોલેજ ઓફ એન્જિનિયરીંગથી આઈટીમાં ગ્રેજ્યુએશન કર્યું. જો કે તેણે એન્જિનિયરીંગને અલવિદા કરી ક્રિકેટને પોતાનું ઝનૂન બનાવી લીધું. ઘણા ઓછા લોકો જાણે છે કે અશ્વિને પોતાની ક્રિકેટ કારકિર્દીની શરૂઆત એક ઓપનિંગ બેટસમેનના રૂપમાં કરી હતી. બાદમાં તેણે મીડિયમ પેસ બોલિંગ પણ કરી. તેના બાળપણના કોચ સીકે વિજયે તેને ઓફ સ્પિન બોલિંગ કરવાની સલાહ આપી. તેની પાછળ બે કારણ હતા. પહેલું અશ્વિનની લંબાઈ ૬ ફૂટ બે ઈંચ હતી જે સ્પિન માટે પરફેક્ટ માનવામાં આવે છે. બીજું અન્ડર-૧૬ ક્રિકેટ દરમ્યાન તેને ઈજા થઈ હતી. ત્યારબાદ દોડવામાં મુશ્કેલી થવા લાગી એટલા માટે તેને સ્પિન બોલિંગ કરવાનું સૂચન આપવામાં આવ્યું. અશ્વિનને ક્રિકેટ પ્રશંસક 'એશ'ના નામથી પણ ઓળખે છે. તેણે ૨૦૦૬માં હરિયાણા વિરૂદ્ધ પોતાની પ્રથમ ઘરેલુ મેચ રમી. આ મેચમાં તેણે ૬ વિકેટ ઝડપી બધાને પ્રભાવિત કર્યા. તેણે ૨૦૧૦માં ઝિમ્બાબ્વે વિરૂદ્ધ પોતાનું વન-ડે ડેબ્યુ કર્યું અને બે વિકેટ ઝડપી. અશ્વિને ૨૦૧૧માં વેસ્ટઈન્ડિઝ વિરૂદ્ધ દિલ્હીમાં પોતાનું ટેસ્ટ ડેબ્યુ કર્યું. આ મેચમાં તેણે ધમાકેદાર પ્રદર્શન કરતા કુલ નવ વિકેટ ઝડપી. પ્રથમ ઈનિંગમાં ત્રણ અને બીજી ઈનિંગમાં ૬ વિકેટ ઝડપી. તેણે બધાને હેરાન કરી દીધા હતા. તેને પ્લેયર ઓફ ધ મેચ પણ જાહેર કરાયો હતો. તે ૨૦૧૧ વર્લ્ડકપ વિજેતા ભારતીય ટીમનો પણ હિસ્સો હતો. અશ્વિને ભારત માટે કુલ ૨૮૭ મેચ રમી છે. એમાંથી ૧૦૬ ટેસ્ટ મેચોમાં કુલ ૫૩૭ વિકેટ પોતાના નામે કરી છે. ૨૦૦ ઈનિંગોમાં તેને બોલિંગ કરવાની તક મળી. તે ૩૭ વખત ફાઈવ વિકેટ હોલ પ્રાપ્ત કરવામાં સફળ રહ્યો છે. જ્યારે આઠ વખત તે મેચમાં ૧૦ અથવા તેનાથી વધારે વિકેટ મેળવવામાં સફળ રહ્યો છે. તેની બેસ્ટ બોલિંગમાં ૫૯ રનમાં ૭ વિકેટ ઈનિંગમાં અને મેચમાં ૧૪૦ રન આપી ૧૩ વિકેટ લેવી છે. જ્યારે ૧૧૬ વન-ડે ઈન્ટરનેશનલ મેચોમાં તેણે ૧૫૬ વિકેટ ઝડપી છે. અશ્વિનને કયારેય પણ વન-ડે ક્રિકેટમાં ફાઈવ વિકેટ હોલ મળ્યો નથી.




ટી-૨૦ ઈન્ટરનેશનલ ક્રિકેટમાં પણ તે એકવાર પણ પાંચ વિકેટ ઝડપી શકયો નથી. ૬૫ મેચોમાં તેની ૭૨ વિકેટ છે. અશ્વિન એક બેટસમેન તરીકે પણ ટેસ્ટ ક્રિકેટમાં સફળ રહ્યો છે. તેણે ઓલરાઉન્ડર તરીકે ઘણા રન બનાવ્યા છે. ટેસ્ટ ક્રિકેટની ૧૫૧ ઈનિંગોમાં તેણે ૩૫૦૩ રન બનાવ્યા. જેમાં ૬ સદી અને ૧૪ અર્ધસદી સામેલ છે. તેનો બેસ્ટ સ્કોર ૧૩૪ રન છે. વન-ડે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં તેને ૧૧૬માંથી ૬૩ ઈનિંગોમાં બેટિંગ કરવાની તક મળી અને તે ૭૦૭ રન જ બનાવી શકયો. તેણે એક અર્ધસદી વન-ડે ક્રિકેટમાં ફટકારી છે. ટી-૨૦ ઈન્ટરનેશનલ ક્રિકેટમાં અશ્વિનની ૧૯ વખત બેટિંગ આવી તે ૧૮૮ રન જ બનાવી શકયો. તેનો બેસ્ટ સ્કોર ૩૧ રન છે. અશ્વિન ભારત માટે ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધારે વિકેટ લેનાર બીજો બોલર પણ છે. તેણે ત્રણેય ફોર્મેટમાં મળી ટીમ ઈન્ડિયા માટે ૭૬૫ વિકેટ પોતાના નામે કરી છે. અશ્વિને પૂરી દુનિયામાં પોતાની જાદુઈ સ્પિન બોલિંગથી ધૂમ મચાવી છે. તે ભારતીય ક્રિકેટનો સુપરસ્ટાર રહ્યો પણ તેની લાઈફ સ્ટાઈલ ખૂબ જ સાધારણ રહી. આટલો મોટો ક્રિકેટર હોવા છતાં અશ્વિને કયારેય પણ કોઈ જાતનો દેખાવ કર્યો નથી. જો કે તેમ છતાં અશ્વિન ભારતના સૌથી અમીર ક્રિકેટરોમાંથી એક છે. આલીશાન ઘરથી લઈ અશ્વિન લકઝરી કારોનો માલિક છે. ટીમ ઈન્ડિયા માટે ૧૬ વર્ષની કારકિર્દીમાં અશ્વિને ખૂબ જ કમાણી કરી છે.

મીડિયા રિપોર્ટ અનુસાર અશ્વિનની કુલ નેટવર્થ લગભગ ૧૩૫ કરોડની છે. અશ્વિનની

### ભારતના સૌથી અમીર ક્રિકેટરોમાંથી એક અશ્વિનની કુલ નેટવર્થ લગભગ ૧૩૫ કરોડની છે

કમાણીની વાત કરીએ તો તેનો સૌથી મોટો સોર્સ એન્ડોર્સમેન્ટ રહ્યો છે. અશ્વિન ભારત માટે અનેક મોટી બ્રાન્ડ માટે જાહેરાત કરે છે. જેમાંથી તેને કરોડોની કમાણી થાય છે. આ ઉપરાંત તે લાંબા સમયથી બીસીસીઆઈના સેન્ટ્રલ કોન્ટ્રાકટના ટોપ કેટેગરીનો ખેલાડી રહ્યો છે. આવામાં દર વર્ષે તેને સેલેરીના રૂપમાં બીસીસીઆઈ તરફથી ઓછામાં ઓછા પાંચ કરોડ મળતા હતા. આ ઉપરાંત અશ્વિનને આઈપીએલમાંથી પણ ઘણી કમાણી થાય છે. અશ્વિન આ લીગમાં ચેન્નાઈ સુપર કિંગ્સ, પંજાબ કિંગ્સ, દિલ્હી કેપિટલ્સ અને રાજસ્થાન રોયલ્સ જેવી ફ્રેન્ચાઈઝી માટે પણ રમી ચૂક્યો છે. આ ટીમો તરફથી પણ અશ્વિનને દર વર્ષે કરોડોની ફી મળતી રહી છે. આ બધા ઉપરાંત અશ્વિને રિયલ એસ્ટેટમાં પણ પૈસા લગાવ્યા છે. જ્યાં તેને મોટી કમાણી થાય છે. કમાણી ઉપરાંત અશ્વિન અન્ના એક આલીશાન ઘરમાં રહે છે. ચેન્નાઈ સ્થિત અશ્વિનના ઘરની કિંમત લગભગ ૯ કરોડ છે. અશ્વિનને લકઝરી કારોનો પણ શોખ છે. તેની પાસે ૬ કરોડની રોલ્સ રોયસ પણ છે. તેના કાર કલેકશનમાં ઓડીક્યુ, ૭ એસયુવી સામેલ છે. જેની કિંમત ૮૮ લાખ રૂપિયા છે.

# અશ્વિને સંન્યાસ લઈ બધાને ચોંકાવ્યા

બ્રિસ્બેન, તા.૧૮

ટીમ ઈન્ડિયાના દિગ્ગજ ઓફ સ્પિનર અશ્વિને બોર્ડર-ગાવસ્કર ટ્રોફી ૨૦૨૫ વચ્ચે ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી સંન્યાસની જાહેરાત કરી છે. અશ્વિનને ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ પાંચ મેચોની ટેસ્ટ સિરીઝની બીજી મેચમાં તક મળી હતી પણ તેણે સારૂં પ્રદર્શન કર્યું નથી. આગળ તેને તક મળવાની આશા ઓછી છે કારણ કે બ્રિસ્બેનમાં રવીન્દ્ર જાડેજાએ સારી બેટિંગ કરી છે. અશ્વિનના સંન્યાસની ભનક તો તે સમયે લાગી ગઈ હતી જયારે ડ્રેસિંગ રૂમમાં ઈમોશનલ દેખાયો હતો અને વિરાટ કોહલીએ હગ કર્યું હતું પણ આની સત્તાવાર જાહેરાત મેચ બાદ કરવામાં આવી. અશ્વિન પ્રેસ કોન્ફરન્સમાં કપ્તાન રોહિત શર્મા સાથે આવ્યો અને તેણે તાત્કાલિક અસરથી પોતાના સંન્યાસની જાહેરાત કરી. અશ્વિને કહ્યું કે આ ભારતીય ક્રિકેટરના રૂપમાં બધા ફોર્મેટમાં અને આંતરરાષ્ટ્રીય સ્તરે મારો અંતિમ દિવસ હશે. મનો લાગે છે કે એક ક્રિકેટરના રૂપમાં મારામાં હજી પણ દમ છે પણ હું કલબ સ્તરના ક્રિકેટમાં તોનો દેખાડવા માંગીશ પણ આ અંતિમ દિવસ હશે. મેં મારી કારકિર્દીનો આનંદ લીધો છે. મારે કહેવું જોઈએ કે મેં પોતાના અને અન્ય કેટલાક સાથીઓ સાથે ખૂબ જ સારી યાદો બનાવી છે. ભલે પછી મેં છેલ્લા અમુક વર્ષોમાં તોમાંથી અમુકનો ગુમાવી દીધા હોય. અશ્વિને કહ્યું કે ઘણું વિચાર્યા બાદ મેં ટેસ્ટ ક્રિકેટમાંથી સંન્યાસની જાહેરાત કરી છે. ભારતનું પ્રતિનિધિત્વ કરતા આ એક અવિશ્વસનીય યાત્રા રહી છે. જે અવિસ્મરણીય ક્ષણોથી ભરેલી છે. મારા સાથીઓ, કોચો, બીસીસીઆઈ અને સૌથી મહત્ત્વપૂર્ણ રૂપમાં પ્રશંસકોને તેમના અતૂટ સમર્થન બદલ આભાર. આગળ નવા પડકારો રાહ જોઈ રહ્યા છે પણ ટેસ્ટ ક્રિકેટનું હંમેશા મારા હૃદયમાં એક સ્થાન રહેશે. ૨૮૭ ઈન્ટરનેશનલ મેચ રમનાર અશ્વિન હવે તમને ઈન્ટરનેશનલ ક્રિકેટમાં જોવા મળશે નહીં. જો કે તે આઈપીએલમાં રમવાનું ચાલુ રાખશે.

# પેલેસ્ટીન સમર્થિત બેગ મુદ્દે યોગી આદિત્યનાથના કટાક્ષ પર પ્રિયંકા ગાંધીનો જવાબ : યુવાઓને રોજગાર આપવાને બદલે યુદ્ધના મેદાનમાં ધકેલી દીધા, આને પોતાની સિદ્ધિ ના ગણાવે

(એજન્સી) તા.૧૮

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે વિધાનસભાના શિયાળુ સત્ર દરમિયાન કોંગ્રેસના નેતા અને વાયનાડના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રા પર નિશાન સાધ્યું હતું અને કહ્યું હતું કે કોંગ્રેસના એક નેતા પેલેસ્ટીનનું સમર્થન દર્શાવતી બેગ લઈને ફરતા હતા અને અમે યુપીના યુવાનોને ઈઝરાયલ મોકલી રહ્યા છીએ. સીએમ યોગીની આ વાત પર પ્રિયંકા ગાંધીએ પણ વળતો જવાબ આપતા કહ્યું છે કે ઉત્તર પ્રદેશમાં યુવાનોને રોજગાર આપવાને બદલે તેમને ઈઝરાયેલ મોકલવામાં આવી રહ્યા છે અને ત્યાં તેઓ બંકરોમાં છુપાઈને પોતાનો જીવ બચાવી રહ્યા છે. સીએમ યોગી પર નિશાન સાધતા પ્રિયંકા ગાંધીએ કહ્યું કે આપણા યુવાનોને રોજગાર માટે યુદ્ધ ક્ષેત્રમાં મોકલવા એ શરમજનક છે. પ્રિયંકા ગાંધીએ X પર પોસ્ટ કરતા કહ્યું, ‘‘અહીં યુપીના યુવાનોને રોજગાર આપવાને બદલે, જેઓ તેમને યુદ્ધગ્રસ્ત ઈઝરાયલમાં મોકલે છે તેઓ તેને પોતાની સિદ્ધિ ગણાવી રહ્યા છે. તેઓ (યુપી સીએમ) ન તો રાજયમાં બેરોજગારીની સ્થિતિ જાણે છે કે ન તો તે યુવાનો અને તેમના પરિવારોની વેદના. કોંગ્રેસ નેતાએ આગળ લખ્યું, ‘‘અહેવાલ



મુજબ, ઈઝરાયેલમાં કામ કરવા ગયેલા યુવાનો બંકરોમાં છુપાઈને પોતાનો જીવ બચાવી રહ્યા છે અને કંપનીઓ તેમનું શોષણ કરી રહી છે. તેના પરિવારના સભ્યો હંમેશા ડરે છે. અમારા આશાસ્પદ યુવાનો રોજગાર માટે પોતાનો જીવ જોખમમાં મુકવા મજબૂર છે કારણ કે તમે રોજગાર આપી શકતા નથી. આપણા યુવાનોને રોજગાર માટે યુદ્ધના ક્ષેત્રમાં ફેંકી દેવા એ પીઠ પર થપથપાવવાની વાત નથી, પરંતુ શરમજનક બાબત છે. જેઓ યુપીના યુવાનોને અહીં રોજગાર આપવાને બદલે યુદ્ધગ્રસ્ત ઈઝરાયલમાં મોકલે છે તેઓ તેને પોતાની સિદ્ધિ ગણાવી રહ્યા છે. તેઓ ન તો રાજયમાં બેરોજગારીની સ્થિતિ જાણે છે કે ન તો તે યુવાનો અને તેમના પરિવારોની વેદના. સીએમ યોગીએ કહ્યું હતું કે, ‘ગઈકાલે કોંગ્રેસના એક નેતા પેલેસ્ટીનની બેગ લઈને સંસદમાં ફરતા હતા, જયારે અમે યુપીના યુવાનોને ઈઝરાયલ મોકલી રહ્યા છીએ. અત્યાર સુધીમાં યુપીમાંથી ૫૬૦૦થી વધુ યુવાનો ઈઝરાયેલ ગયા છે. કન્સ્ટ્રક્શન વર્ક માટે, જયાં તેમને ફ્રીમાં રહેવાની સગવડ અને ૧.૫ લાખ રૂપિયાનો માસિક પગાર મળી રહ્યો છે.’

# ભુતાન નજીક ડોકલામમાં ચીને ગામડાઓનું નિર્માણ કર્યું, સેટેલાઈટ ડેટામાં ખુલાસો

(એજન્સી) તા.૧૮

હાલમાં જ ચીન અને ભારતના સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ વચ્ચે એલએસી (લાઈન ઑફ કંટ્રોલ) મુદ્દે સમાધાન કરવા બેઠક કરી હતી. તો બીજી તરફ ચીન ષડયંત્રો રચી ભારત પર કબજો જમાવવાનું ચાલુ રાખી રહ્યો છે. ચીન ડોકલામમાં છેલ્લા આઠ વર્ષમાં ૨૨ ગામો વસાવી ચૂક્યું છે. ૨૦૨૦ બાદ ચીને ડોકલામ પઠાર નજીક આઠ ગામો અને વસાહત વસાવી હોવાનું સેટેલાઈટ તસવીરો પરથી જાણવા મળ્યું છે. ભૂટાનના પશ્ચિમી ક્ષેત્રમાં ડોકલામ નજીક આઠ ગામડાંઓ પર ચીન પોતાનો અધિકાર દર્શાવી રહ્યો છે. જેમાં ઘણા ગામમાં ચીનની સેનાની ચોકીઓ પણ આવેલી છે. આ ૨૨ ગામમાં સૌથી મોટુ ગામ જિવુ છે. ચીન ભૂટાન નજીક આવેલી સરહદો પર છેલ્લા આઠ વર્ષથી નવા ગામડાંઓ બનાવી વસાહત સ્થાપિત




કરી રહ્યું છે. જે ભારત માટે ચિંતાનું મોટું કારણ બન્યું છે. ડોકલામમાં ચીનની સ્થિતિ મજબૂત બનતાં સિલિગુડી કોરિડોરની સુરક્ષા જોખમાય છે. આ કોરિડોર ભારતની મુખ્ય જમીનને ઉત્તર-પૂર્વીય રાજ્યો સાથે જોડે છે. આ સેટેલાઈટ તસવીરો અંગે હાલ વિદેશ મંત્રાલયે કોઈ પ્રતિક્રિયા આપી નથી. હાલ છેલ્લાં કેટલાક વર્ષોથી ચીન દ્વારા ભૂટાનની સરહદો પર બનાવવામાં આવેલા ગામડાંઓની સેટેલાઈટ તસવીરો હોવા છતાં ભૂટાને ચીનની વસાહતનો ઈન્કાર કર્યો છે. ૨૦૨૩માં ભૂટાનના પૂર્વ વડાપ્રધાન લોતે ત્શેરિંગે જણાવ્યું હતું કે, ભૂટાનમાં ચીનના કોઈ ઠેકાણા નથી. રોબર્ટ બાર્નેટ દ્વારા રજૂ રિપોર્ટ અનુસાર, ચીન દ્વારા ૨૦૧૬થી અતિક્રમણ થઈ રહ્યું હોવાનો દાવો કરવામાં આવ્યો છે. ૨૦૧૬માં ચીને ભૂટાનના ક્ષેત્રમાં પ્રથમ ગામ સ્થાપિત કર્યું હતું. આજે ૨૨ ગામ અને વસાહતો વસાવી છે. જેમાં ૨૨૮૪ ઘર છે અને ૭૦૦૦થી વધુ લોકો રહે છે.

# ‘‘પ્લેસિસ ઓફ વર્શિપ એક્ટ’’ કાયદાને પડકારનાર અરજદારોમાં સિરિયલ અરજદારો, આધ્યાત્મિક નેતાઓ અને પૂર્વ રાજવી પણ સામેલ છે

## ગયા અઠવાડિયે CJIએ તમામ અદાલતોને હાલના પૂજા સ્થાનોના પાત્ર પર વિવાદ કરતી અરજીઓ પરના ચુકાદાને અટકાવવાનો નિર્દેશ આપ્યો હતો કારણ કે ૧૯૯૧ના આ કાયદાને પડકારવા અંગેનો કેસ SCમાં પેન્ડિંગ છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮

ભારતના મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્નાની આગેવાની હેઠળની બેન્ચે દેશભરની તમામ અદાલતોને સુનાવણીની આગામી તારીખ સુધી અથવા આ કેસના વધુ આદેશો સુધી હાલના પૂજા સ્થાનોના પાત્રને લઈને વિવાદ કરતી અરજીઓ પર વચગાળાના અથવા અંતિમ આદેશો આપવાથી દૂર રહેવાનો નિર્દેશ આપ્યો હતો. પ્લેસ ઓફ વર્શીપ (PoW) એક્ટને પડકારવા અંગે સુપ્રીમ કોર્ટ સમક્ષ વિચારણા ચાલી રહી છે. અયોધ્યા રામ મંદિર ચળવળ વચ્ચે, ૧૯૯૧નો આ કાયદો કોઈપણ પૂજા સ્થળના ધર્માંતરણને પ્રતિબંધિત કરવા અને તેના ધાર્મિક પાત્ર તે ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના દિવસે હતો તે મુજબ રાખવા માટે કહે છે. જો કે, આ કાયદો અયોધ્યા વિવાદને મુક્તિ આપે છે અને જમ્મુ અને કાશ્મીરને છોડીને સમગ્ર ભારતમાં લાગુ પડે છે. પ્રથમ આ અધિનિયમની કલમ ૩ અને ૪ને પડકારતી એડવોકેટ અશ્વિની કુમાર ઉપાધ્યાય દ્વારા દાખલ કરાયેલી અરજી ૨૦૨૦થી કોર્ટ સમક્ષ પેન્ડિંગ છે. આ અરજી આ જોગવાઈઓને ગેરબંધારણીય તરીકે જાહેર કરવા કહે છે અને કહે છે કે તે સમાનતાના અધિકારનું ઉલ્લંઘન કરે છે. કલમ ૩ ધાર્મિક પૂજા સ્થળ અથવા ધાર્મિક સ્થળના ધાર્મિક સ્થળના એક ભાગને અલગ ધર્મ અથવા સમાન ધર્મના અલગ સંપ્રદાયના પૂજા સ્થાનમાં રૂપાંતરિત કરવા પર પ્રતિબંધ મૂકે છે, જ્યારે કલમ ૪ કોઈપણ દાવો દાખલ કરવા પર પ્રતિબંધ મૂકે છે. તે ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ અસ્તિત્વમાં હોય તેવા પૂજા સ્થળના ધાર્મિક પાત્રને રૂપાંતરિત કરવા માટેની અન્ય કોઈપણ કાનૂની કાર્યવાહીને રોકે છે. તેમની અરજીમાં, ઉપાધ્યાય દલીલ કરે છે કે ૧૯૯૧નો આ કાયદો અરજદારોને આક્રમણકારો દ્વારા નાશ પામેલા તેમના પૂજાના સ્થળો અને તીર્થસ્થાનો પુનઃસ્થાપિત કરવાના અધિકારથી વંચિત રાખે છે. એક વકીલ અને ભાજપના નેતા અશ્વિની ઉપાધ્યાય, જેઓ સુપ્રીમ કોર્ટમાં પ્રેક્ટિસ કરે છે અને ૨૦૧૧માં અણ્ણા હજારેના ભ્રષ્ટાચાર વિરોધી ચળવળમાં સામેલ હતા. ઉપાધ્યાયને રાજકીય હિત દાવાઓના રાજા તરીકે પણ ઓળખવામાં આવે છે, અને તેઓ દેશની અદાલતો, મુખ્યત્વે SC અને દિલ્હી હાઈકોર્ટ સમક્ષ જાહેર હિતની અરજીઓ (PILs) વારંવાર દાખલ કરે છે. તેમણે જણાવ્યું હતું કે તેને ‘PILs ફાઈલ કરવાનો શોખ’ છે અને તેમણે સપ્ટેમ્બર ૨૦૧૮ સુધીમાં સર્વોચ્ચ અદાલતમાં ૩૫ અને દિલ્હી HCમાં અન્ય ૧૫ કેસ દાખલ કર્યા છે. ઉપાધ્યાયે હિંદુઓને લઘુમતીનો દરજ્જો આપવા, મુઘલ સમ્રાટોના નામ પરથી નામ બદલવા અને ૬-૧૪ વર્ષની વય વચ્ચેના શાળાના વિદ્યાર્થીઓ માટે યોગને ફરજિયાત બનાવવા અંગે PIL દાખલ કરી છે. દિલ્હી સ્થિત આની એક વકીલ ચંદ્ર શેખર અને એન્જિનિયરમાંથી વકીલ બનેલા રૂદ્ર વિક્રમ સિંહ અન્ય એવા વકીલો છે જેમણે ૧૯૯૧ના કાયદાને પડકાર્યો છે. સિંઘની LinkedIn પ્રોફાઈલ અનુસાર, તેઓ આ વર્ષના એપ્રિલથી અદાણી ગ્રૂપના સલાહકાર તરીકે સેવા આપી રહ્યા છે. આ પહેલા, તેમણે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC)માં પસંદગી સમિતિના સભ્ય તરીકે બે વર્ષ માટે સેવા આપી હતી. સિંઘ ૨૦૧૮થી સુપ્રીમ કોર્ટ સમક્ષ પ્રેક્ટિસ કરી રહ્યા છે, તેમણે ઉત્તર પ્રદેશ ટેકનિકલ યુનિવર્સિટીમાંથી BTech ડિગ્રી મેળવી છે. આ વર્ષે જુલાઈમાં, તેણે દિલ્હી હાઈકોર્ટમાં એક અરજી દાખલ કરી હતી જેમાં કોચિંગ સેન્ટરના ભોંયરામાં ભારે વરસાદ અને પાણી ભરાવાને કારણે દિલ્હીના રાજેન્દ્ર નગરમાં ત્રણ UPSC ઉમેદવારોના મૃત્યુની તપાસ કરવા માટે ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરવાની માંગ કરી હતી. અન્ય અરજદારોમાં દેશમાં વસ્તીને નિયંત્રિત કરવાની માંગ કરી હતી અને કેન્દ્રને વસ્તીને નિયંત્રિત કરવા માટે નિયમો, વિનિયમો અને માર્ગદર્શિકા ઘડવા માટે નિર્દેશો માટે કહ્યું હતું. તેમની અરજીમાં દલીલ કરવામાં આવી હતી કે, ૧૨૫ કરોડ ભારતીયો પાસે આધાર કાર્ડ છે જ્યારે લગભગ ૨૦ ટકા એટલે કે ૨૫ કરોડ નાગરિકો આધાર વગરના છે અને લગભગ ૫ કરોડ બાંગ્લાદેશી અને રોહિંગ્યા ઘૂસણખોરો ભારતમાં ગેરકાયદેસર રીતે રહે છે. તેથી એ સ્પષ્ટ છે કે ભારતની કુલ વસ્તી ૧૫૦ કરોડથી વધુ છે અને ભારત ચીન કરતાં પણ આગળ નીકળી ગયું છે. કાશી નરેશ વિભૂતિ નારાયણ સિંહની પુત્રી, કાશી,



સુબ્રમણ્યમ સ્વામી છે, જે વિરાટ હિન્દુસ્તાન સંગમ (VHS)ના સ્થાપક છે. સ્વામી, જેઓ ભારતીય જનતા પાર્ટી (BJP)ના નેતા હતા અને ઓક્ટોબર ૨૦૨૧ સુધી પાર્ટીની રાષ્ટ્રીય કારોબારી સમિતિમાં સેવા આપી હતી, તે ભાજપના ટીકાકાર છે. પૂર્વ રાજ્યસભા સાંસદ, સ્વામી ૨૦૧૩માં ભાજપમાં ગયા ત્યાં સુધી જનતા પાર્ટીના અધ્યક્ષ પણ હતા અને ભારતના આયોજન પંચના સભ્ય તરીકે સેવા આપી હતી. તેમણે સુપ્રીમ કોર્ટ સમક્ષ દાખલ કરેલી અન્ય મુખ્ય અરજીઓમાં તિરૂપતિ લાડુમાં પ્રાણીની ચરબીના કથિત ઉપયોગની કોર્ટ દ્વારા દેખરેખ હેઠળની તપાસ અને ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનો (EVM)ની તપાસની માગણી કરતી અરજીઓનો સમાવેશ થાય છે. અન્ય અરજદાર અનિલ કબોત્રા જે હરિયાણા સ્થિત એક નિવૃત્ત સૈન્ય અધિકારી છે. મધ્ય પ્રદેશના રતલામ જિલ્લામાં આવતા અલોટ શહેરના ધારાસભ્ય ડો.ચિંતામણી માલવિયા પણ આ કેસમાં અરજીકર્તાઓમાંના એક છે. તેમણે ઉજ્જૈનથી સંસદ સભ્ય તરીકે પણ સેવા આપી છે. તેમનું અધિકૃત એક્સ એકાઉન્ટ કહે છે કે તેઓ રાજ્ય ભાજપના ઉપાધ્યક્ષ પણ છે.

### આધ્યાત્મિક નેતા દેવકીનંદન ઠાકુર

આધ્યાત્મિક નેતા અને ધાર્મિક ઉપદેશક, દેવકીનંદન ઠાકુર દ્વારા PoW એક્ટને પડકારતી અરજી દાખલ કરવામાં આવી છે. લગભગ બે વર્ષ પહેલાં, જૂનમાં, ઠાકુરે લઘુમતીઓને ઓળખવા માટે માર્ગદર્શિકા બનાવવાના નિર્દેશોની માંગ કરતી વખતે લઘુમતી માટે રાષ્ટ્રીય કમિશન (NCM) એક્ટની જોગવાઈને પડકારતી સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. ૨૦૨૨માં સર્વોચ્ચ અદાલત સમક્ષ દાખલ કરવામાં આવેલી અન્ય અરજીમાં, તેણે અને ઉત્તર પ્રદેશના રાજવી પરિવારના વડા, મહારાજા કુમારી કૃષ્ણ પ્રિયાએ પણ લગભગ ૨ વર્ષ પહેલાં કાયદાને પડકારતી મુખ્ય અરજીમાં હસ્તક્ષેપની અરજી દાખલ કરી હતી. તેણીએ કહ્યું હતું કે કાશીના અગાઉના શાહી પરિવારના વડા તરીકે, તે મંદિરોના મુખ્ય આશ્રયદાતા હતા. અરજીમાં એમ પણ કહેવામાં આવ્યું હતું કે રાજકુમારી આ પરિવારની પ્રતિનિધિ હોવાને કારણે કોર્ટનો સંપર્ક કરવા માંગે છે.

### સ્વામી જિતેન્દ્રાનંદ સરસ્વતી

ધાર્મિક ગુરૂ સ્વામી જીતેન્દ્રનંદ સરસ્વતી અખિલ ભારતીય સંત સમિતિના મહાસચિવ છે, જે હિંદુ સાધુઓ અને ધાર્મિક નેતાઓની ટોચની સંસ્થા છે. લગભગ બે વર્ષ પહેલાં, આ સંસ્થાએ એક ઠરાવ પસાર કર્યો હતો જેમાં બોલિવૂડ ફિલ્મોમાં બતાવવામાં આવતી હિંદુ વિરોધી કથાને સંબોધવા માટે સનાતન સેન્સર બોર્ડની માંગણી કરવામાં આવી હતી. ગયા વર્ષે જૂનમાં, તેઓએ ‘તમારા મંદિરને જાણો’ પહેલ શરૂ કરી, જેના ઉદ્ઘાટન સમયે તેમણે વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના ૨૦૧૫ના જૂના અહેવાલને ટાંકીને દાવો કર્યો કે ભારતના મંદિરોમાં ૨૨,૦૦૦ ટન સોનું છે, જે ૧ ટ્રિલિયન ડોલર જેટલું છે. ત્યારબાદ, સપ્ટેમ્બર ૨૦૨૩માં, તેમની સંસ્થાએ ચાર દિવસીય સંસ્કૃતિ સંસદનું આયોજન કર્યું કરી, જ્યાં ‘સનાતન ધર્મ’ વિરૂદ્ધ DMK નેતા ઉદયનિધિ સ્ટાલિનની ટિપ્પણીઓ પર ચર્ચા થવાની હતી. આ કોન્કલેવની કાર્યસૂચિમાં એમ પણ કહેવામાં આવ્યું હતું કે સહભાગીઓ ‘સનાતન હિન્દુ સંસ્કૃતિ સામે બાહ્ય અને આંતરિક કાવતરૂં, સનાતન હિન્દુ ધર્મની મંદિર-કેન્દ્રિત વ્યવસ્થા, ઈતિહાસમાં મજાક, હિન્દુ મંદિરો, મહિલાઓ અને યુવાનો પર સરકારોનું ગેરકાયદે નિયંત્રણ જેવા વિષયો પર ચર્ચા કરશે.

# અમેરિકન મહિલાને ડુક્કરમાંથી મેળવેલી કિડનીની મદદથી સ્વસ્થ જીવનદાન મળ્યું, તેને આશીર્વાદરૂપ ગણાવ્યું

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮

અલાબામાની એક ૫૩ વર્ષીય મહિલાને ડુક્કરમાંથી મળેલી જીન-એડિટેડ કિડની મળ્યા બાદ એક નવું જીવન દાન મળ્યું છે. ડોક્ટરોના જણાવ્યા અનુસાર, ટોવના લૂની ન્યૂયોર્કમાં ટ્રાન્સપ્લાન્ટ કરાવ્યા પછી એક મહિના કરતાં વધુ સમયથી તેના નવા અંગ સાથે સ્વસ્થ જીવન જીવી રહી છે. લૂનીની કિડની ફેલ્યોર ૧૯૯૯માં શરૂ થઈ જ્યારે તેણે તેની એક કિડની તેની બીમાર માતાને દાન કરી. પરંતુ પાછળથી, ગર્ભાવસ્થાને લીધે થતી મુશ્કેલીઓને કારણે બ્લડ પ્રેશરમાં વધારો થયો જેના કારણે બાકીની કિડની ફેલ થઈ ગઈ. ૨૦૧૬ સુધીમાં, લૂની ડાયાલિસિસ પર હતી અને તેને કિડની ટ્રાન્સપ્લાન્ટની યાદીમાં મૂકવામાં આવી હતી. તેણીના કિસ્સામાં, માનવ કિડની માટેની તેણીની ઉમેદવારી એ ઉચ્ચ સંભાવના દ્વારા મર્યાદિત હતી કે તેણીની રોગપ્રતિકારક શક્તિ દાતા અંગને નકારી શકતી. જો કે, આઠ વર્ષ સુધી કોઈ સફળતા મળી ન હતી અને લૂનીએ ડાયાલિસિસ માટેની મહત્વપૂર્ણ રક્તવાહિનીઓ ગુમાવી. આખરે, તે યુએસ ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશનના વિસ્તૃત એક્સેસ પ્રોગ્રામના કરૂણાપૂર્ણ ઉપયોગ વિભાગ માટે પાત્ર બની હતી જેમાં ડુક્કરની કિડનીનો પ્રાયોગિક ઉપયોગ સામેલ હતો. ડોકટરોએ



જણાવ્યું હતું કે, લૂનીને મળેલી પિગની કિડનીમાં ઓછામાં ઓછા દસ આનુવંશિક ફેરફારો કરવામાં આવ્યા હતા જેથી તે મનુષ્યમાં ટ્રાન્સપ્લાન્ટ કરી શકાય. ઝેનોટ્રાન્સપ્લાન્ટેશન અથવા પ્રજાતિ-થી-પ્રજાતિ પ્રત્યારોપણ તરીકે ઓળખાતી પ્રક્રિયા હજુ તેના પ્રારંભિક તબક્કામાં છે, પરંતુ તેના ડોકટરોએ જણાવ્યું હતું કે, સર્જરીના લગભગ ૪૦ દિવસ પછી, લૂનીની તબિયત સારી છે. તેણીએ લેંગોન સમાચાર પ્રકાશનમાં કહ્યું, તે એક આશીર્વાદરૂપ છે.મને લાગે છે કે મને જીવનમાં બીજી તક આપવામાં આવી છે. હું ફરીથી મુસાફરી કરવા અને મારા પરિવાર અને પૌત્રો સાથે વધુ ગુણવત્તાયુક્ત સમય પસાર કરવા માટે આતુરતાથી રાહ જોઈ રહી છું. ડોકટરોએ જણાવ્યું હતું કે, લૂની વિશ્વભરમાં જનીન-સંપાદિત પિગની કિડની મેળવનાર ત્રીજી વ્યક્તિ છે, અને તે હાલમાં કોઈપણ પ્રકારના ડુક્કરના અંગ સાથે જીવતી એકમાત્ર વ્યક્તિ છે. તે ૧૦ અલગ-અલગ આનુવંશિક સંપાદનો સાથે ડુક્કરની કિડની મેળવનારી એકમાત્ર વ્યક્તિ છે, જે વ્યક્તિની અંદર અંગને સામાન્ય રીતે કાર્ય કરવા દે છે. ડો.રોબી મોન્ટગોમેરીએ, જેમણે જટિલ ટ્રાન્સપ્લાન્ટ ઓપરેશનનું નેતૃત્વ કર્યું હતું, એનવાયયુ લેંગોનની નવી રજૂઆતમાં જણાવ્યું હતું, ટોવાના ૨૦૨૧માં પ્રથમ સર્જરી કર્યા પછી ઝેનોટ્રાન્સપ્લાન્ટેશનમાં અમે જે પ્રગતિ કરી છે તેની પરાકાષ્ઠાને રજૂ કરે છે.તેઓ કિડનીની નિષ્ફળતા સાથે સંઘર્ષ કરી રહેલા લોકો માટે આશાના કિરણ તરીકે કામ કરે છે. અમે આ અદ્ભુત વૈજ્ઞાનિક સિદ્ધિ દ્વારા ટોવાનાના જીવનને સુધારવા માટે શું કર્યું છે. લેંગોનના એક સમાચાર પ્રકાશન મુજબ, યુનાઈટેડ સ્ટેટ્સમાં આશરે ૧૦૪,૦૦૦ લોકો હાલમાં અંગ પ્રત્યારોપણ માટે રાહ જોઈ રહેલા સૂચિમાં છે, તેમાંથી ૯૦,૪૦૦થી વધુ દર્દીઓ કિડનીની રાહ જોઈ રહ્યા છે. ઘણાં લોકો માટે પરિસ્થિતિ ભયંકર છે. ૮૦૮,૦૦૦થી વધુ અમેરિકનો હાલમાં અંતિમ તબક્કામાં કિડની રોગ ધરાવે છે, પરંતુ ૨૦૨૩માં ફક્ત ૨૭,૦૦૦ લોકોને જ નવી કિડની મળી શકી છે.

# ન્યૂયોર્કથી લંડન એક કલાકમાં; એલોન મસ્કે ૨૦ અબજ ડોલર ટનલ પ્લાનનો પ્રસ્તાવ મૂક્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮

એલોન મસ્કની ધ બોરિંગ કંપનીએ ન્યૂ યોર્ક અને લંડનને જોડતી ૨૦ અબજ ડોલર ટ્રાન્સએટલાન્ટિક ટનલની દરખાસ્ત કરી છે, જેમાં એક કલાકથી ઓછાં સમયમાં મુસાફરીનો સમય હાંસલ કરવા માટે હાઈપરલૂપ ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ નોંધપાત્ર તકનીકી, નાણાંકીય અને પર્યાવરણીય પડકારોનો સામનો કરે છે, પરંતુ મસ્ક માને છે કે ટનલિંગ તકનીકમાં પ્રગતિ તેને શક્ય બનાવે છે. પ્રોજેક્ટના સ્કેલ અને અપ્રમાણિત તકનીકને નોંધીને નિષ્ણાંતો શંકાસ્પદ છે. ન્યૂ યોર્ક સિટી અને લંડનને જોડતી ટ્રાન્સએટલાન્ટિક ટનલનો મહત્ત્વાકાંક્ષી વિચાર ફરી સામે આવ્યો છે, જે એલોન મસ્કના તાજેતરના નિવેદનમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે તેમની કંપની, ધ બોરિંગ કંપની, તેને ૨૦ અબજ ડોલરમાં બાંધી શકે છે. દાયકાઓથી ચર્ચા કરાયેલા આ ખ્યાલમાં એટલાન્ટિક મહાસાગરની નીચે ૩,૦૦૦ માઈલ (૪,૮૦૦કિલોમીટર) સુધી ફેલાયેલી વિશાળ ટનલ બનાવવાનો સમાવેશ થાય છે. ઐતિહાસિક રીતે, આવા પ્રોજેક્ટને તેની પ્રચંડ કિંમત, તકનીકી પડકારો અને જરૂરી એન્જિનિયરિંગ સ્કેલને કારણે અવ્યવહારૂ માનવામાં આવે છે. જો કે, મસ્કના નવીન અભિગમ અને ટેક્નોલોજીમાં થયેલી પ્રગતિએ આ અભૂતપૂર્વ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટમાં વૈશ્વિક રસને પુનર્જીવિત કર્યો છે. ટ્રાન્સએટલાન્ટિક ટનલનો વિચાર નવો નથી અને લાંબા સમયથી એન્જિનિયરો અને ભવિષ્યવાદીઓમાં આકર્ષણનો વિષય રહ્યો છે. પ્રસ્તાવિત ડિઝાઈન સામાન્ય રીતે એટલાન્ટિક મહાસાગરની નીચે વિસ્તરેલી ટનલની કલ્પના કરે છે, જે યુનાઈટેડ સ્ટેટ્સ અને યુનાઈટેડ કિંગડમ વચ્ચે હાઈ-સ્પીડ રેલ મુસાફરીની સુવિધા આપે છે. જો સમજાયું, તો તે વૈશ્વિક મુસાફરી અને લોજિસ્ટિક્સમાં નોંધપાત્ર પરિવર્તન કરશે. હાલમાં લંડન અને ન્યૂયોર્ક વચ્ચેની ફલાઈટમાં લગભગ આઠ કલાકનો સમય લાગે છે. એક ટ્રાન્સએટલાન્ટિક ટનલ, સૈદ્ધાંતિક રીતે આ મુસાફરીના સમયને એક કલાકથી ઓછી કરવામાં સક્ષમ, માનવ પરિવહનમાં એક ક્રાંતિકારી પગલું હશે. અગાઉના અંદાજમાં આવા પ્રોજેક્ટની કિંમત ખગોળશાસ્ત્રીય ૧૯.૮ ટ્રિલિયન ડોલર (૧૫.૫ ટ્રિલિયન બ્રિટિશ પાઉન્ડની સમકક્ષ) હતી. સરખામણી કરીએ તો, ઈંગ્લેન્ડ અને ફ્રાન્સને જોડતી ૩૮ કિલોમીટરની પાણીની અંદરની ટનલ-ચેનલ ટનલનું નિર્માણ કરવામાં છ વર્ષ લાગ્યાં અને ૧૨ અબજ ડોલરનો ખર્ચ થયો. ટ્રાંસએટલાન્ટિક ટનલનો સ્કેલ વધુ મોટો હશે, જે નાણાંકીય અને એન્જિનિયરિંગ બંને અવરોધો રજૂ કરશે જેને ઘણા લોકો દુસ્તર માને છે. ટેસ્લા, સ્પેસએક્સ અને ધ બોરિંગ કંપનીના સીઈઓ એલોન મસ્ક, બોલ્ડ અને પરિવર્તનશીલ પ્રોજેક્ટ્સ પ્રસ્તાવિત કરવા માટે પ્રતિષ્ઠા ધરાવે



છે. તાજેતરની ચર્ચાઓ દરમિયાન, મસ્કે દાવો કર્યો હતો કે તેમનું ટનલિંગ સાહસ, ધ બોરિંગ કંપની, માત્ર ૨૦ અબજ ડોલરમાં ટ્રાન્સએટલાન્ટિક ટનલ પૂર્ણ કરી શકે છે. આ નિવેદને નોંધપાત્ર ધ્યાન ખેંચ્યું છે, કારણ કે તે અગાઉના અંદાજોનો માત્ર એક અપૂર્ણાંક છે. મસ્કનો આત્મવિશ્વાસ ટનલિંગ ટેક્નોલૉજીમાં પ્રગતિ અને તેની અગ્રણી હાયપરલૂપ ખ્યાલથી ઉદ્ભવ્યો છે, જે લોકો લાંબા અંતરની મુસાફરી કરવાની રીતમાં ક્રાંતિ લાવી શકે છે. મસ્કના જણાવ્યા અનુસાર નવીન ટનલિંગ તકનીકો, ઓટોમેશન અને માપનીયતા દ્વારા ખર્ચમાં ઘટાડો કરવામાં આવશે. બોરિંગ કંપનીએ લાસ વેગાસ કન્વેન્શન સેન્ટર લૂપ જેવા નાના પ્રોજેક્ટ્સમાં અસરકારક રીતે અને ઓછા ખર્ચે ટનલ બનાવવાની તેની ક્ષમતા પહેલેથી જ દર્શાવી છે. જો કે, ટ્રાન્સએટલાન્ટિક ટનલની તીવ્ર તીવ્રતા અભૂતપૂર્વ પડકારો ઉભી કરે છે જે હાલના પ્રોજેક્ટ્સથી આગળ વધે છે. છદ્મ સસ્કની દરખાસ્તમાં કેન્દ્રિય હાયપરલૂપ ટેક્નોલોજીનું સંકલન છે, જેનો ખ્યાલ તેણે ૨૦૧૩માં રજૂ કર્યો હતો. હાયપરલૂપમાં દબાણયુક્ત વાહનોનો સમાવેશ થાય છે જે વેક્યૂમ-સીલ ટનલમાંથી મુસાફરી કરે છે, હવાના પ્રતિકારને દૂર કરે છે અને પરંપરાગત ટ્રેનોથી ઘણી આગળ ગતિને સક્ષમ કરે છે. ટેક્નોલોજી ટનલની અંદર નજીકના શૂન્યાવકાશ વાતાવરણને જાળવવા પર આધાર રાખે છે, જે વાહનોને ન્યૂનતમ ઘર્ષણ સાથે સરકવા દે છે. હાઈપરલૂપ પોડ્સને મેગ્નેટિક લેવિટેશન (મેગ્લેવ) ટેક્નોલોજીનો ઉપયોગ કરીને પ્રોપેલ કરવામાં આવશે, જે જાપાન અને ચીન જેવા દેશોમાં પહેલેથી જ હાઈ-સ્પીડ ટ્રેનોમાં કાર્યરત છે. હજુ પ્રાયોગિક તબક્કામાં હોવા છતાં હાયપરલૂપને વાસ્તવિકતાની નજીક લાવવા માટે તાજેતરના વર્ષોમાં નોંધપાત્ર પ્રગતિ કરવામાં આવી છે. મસ્કની દરખાસ્ત આ ભાવિ પરિવહન મોડલને નવીન ટનલિંગ સોલ્યુશન્સ સાથે જોડે છે, તેને આંતરખંડીય મુસાફરી માટેના શક્ય વિકલ્પ તરીકે સ્થાન આપે છે. મસ્કના આશાવાદ હોવા છતાં ટ્રાન્સએટલાન્ટિક ટનલ અનેક જટિલ પડકારોનો સામનો કરે છે જેને અવગણી શકાય નહીં, જે આ પ્રમાણે છે :

- ટેક્નિકલ સંભવિતતા : એટલાન્ટિક મહાસાગરની નીચે ૩,૦૦૦ માઈલની ટનલ બનાવવા માટે વિશાળ એન્જિનિયરિંગ અવરોધોને દૂર કરવાની જરૂર પડશે. સમુદ્રી દબાણ, પાણીની અંદરની ભૂગોળ અને પર્યાવરણીય ચિંતાઓ જેવા પરિબળો નોંધપાત્ર જોખમો ઊભી કરે છે. કોઈપણ બાંધકામને પાણીની અંદરની કઠોર પરિસ્થિતિઓ અને સંભવિત ધરતીકંપની પ્રવૃત્તિનો સામનો કરવાની જરૂર પડશે.
- ખર્ચ અને ભંડોળ : મસ્કના ૨૦ અબજ ડોલરના અંદાજ સાથે પણ, આવા પ્રોજેક્ટ માટે ભંડોળ સુરક્ષિત કરવું પડકારજનક હશે. જાહેર-ખાનગી ભાગીદારી, આંતરરાષ્ટ્રીય સહકાર અને મોટા પાયે રોકાણો ટનલના વિકાસ માટે નાણાં પૂરાં પાડવા માટે જરૂરી રહેશે.
- તકનીકી તત્પરતા : જ્યારે હાયપરલૂપ ટેક્નોલોજી વચન બતાવે છે, તે ટ્રાન્સએટલાન્ટિક ટનલ માટે જરૂરી સ્કેલ પર મોટાભાગે અપ્રમાણિત રહે છે. આટલી ઊંચી ઝડપે સલામતી, વિશ્વસનીયતા અને કાર્યક્ષમતા સુનિશ્ચિત કરવી એ નોંધપાત્ર પડકાર છે.
- પર્યાવરણીય અસર : એટલાન્ટિક મહાસાગરની નીચે ટનલ બાંધવાથી થતી પર્યાવરણીય અસરોનો કાળજીપૂર્વક અભ્યાસ કરવો જોઈએ. દરિયાઈ જીવસૃષ્ટિમાં વિક્ષેપ, બાંધકામમાંથી કાર્બન ઉત્સર્જન અને લાંબા ગાળાની જાળવણીની ચિંતાઓ માટે સંપૂર્ણ વિશ્લેષણની જરૂર છે.
- નિયમનકારી અને ભૌગોલિક રાજકીય મુદ્દાઓ : બે ખંડોમાં બહુવિધ સરકારો, એજન્સીઓ અને હિસ્સેદારો વચ્ચે આ તીવ્રતાના પ્રોજેક્ટનું સંકલન જટિલતાનું બીજું સ્તર ઉમેરે છે. નિયમનકારી મંજૂરી, કાનૂની માળખા અને આંતરરાષ્ટ્રીય કરારો સ્થાપિત કરવાની જરૂર પડશે. મસ્કની દરખાસ્તને નિષ્ણાંતો, નીતિ નિર્માતાઓ અને લોકો તરફથી મિશ્ર પ્રતિસાદ મળ્યો છે. સમર્થકો દલીલ કરે છે કે ટ્રાન્સએટલાન્ટિક ટનલ, જો સાકાર થાય, તો વૈશ્વિક કનેક્ટિવિટી, વાણિજ્ય અને મુસાફરી માટે ગેમ-ચેન્જર હશે. તે મુસાફરીના સમયમાં નોંધપાત્ર ઘટાડો કરી શકે છે, વેપારને વેગ આપી શકે છે અને બાંધકામ અને કામગીરી દરમિયાન લાખો નોકરીઓનું સર્જન કરી શકે છે.

વિવેચકો, જોકે, શંકાસ્પદ રહે છે. તેઓ મહત્વાકાંક્ષી સમયરેખા, હાયપરલૂપ ટેક્નોલોજીની અપ્રમાણિત પ્રકૃતિ અને મોટા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં ખર્ચ ઓવરરન્સનો ઈતિહાસ દર્શાવે છે. ટનલના અભૂતપૂર્વ સ્કેલને જોતાં ઘણાં લોકો પ્રશ્ન કરે છે કે શું મસ્કનો ૨૦ અબજ ડોલર અંદાજ વાસ્તવિક છે, તેમ છતાં સ્પેસએક્સ સાથે પુનઃ ઉપયોગી રોકેટ અને ટેસ્લા સાથે ઈલેક્ટ્રિક વાહનો જેવા ગ્રાઉન્ડબ્રેકિંગ ઈનોવેશન્સે મસ્કના ટ્રેક રેકોર્ડે કેટલાકને એવું માનવા તૈયાર કર્યું છે કે તેની દૃષ્ટિ, બહાદુર હોવા છતાં અન્વેષણ કરવા યોગ્ય છે.

# PMJAYમાં ગેરરીતિ બદલ વધુ બે હોસ્પિટલ સસ્પેન્ડ : બે હોસ્પિટલને રૂ.૩.૧૮ કરોડનો દંડ ફટકારાયો

## બે હોસ્પિટલને પેનલ્ટી, રાજકોટ-ભરૂચ બાદ વડોદરામાં ગોટાળા

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૧૮

ખ્યાતિકાંડ બાદ પ્રધાનમંત્રી જન આરોગ્ય-મા યોજના અંતર્ગત ગેરરીતિ આચરતી હોસ્પિટલો પર તવાઇ આવી છે. સ્ટેટ એન્ટી ફ્રોડ યુનિટે તજજ્ઞોને સાથે રાખી તપાસ હાથ ધરી હતી જેમાં રાજકોટ, ભરૂચ અને વડોદરાની હોસ્પિટલોમાં વ્યાપક પ્રમાણમાં ગેરરિતી જોવા મળી હતી. આ જોતાં વધુ બે હોસ્પિટલોને પીએમજેવાયએ યોજનામાંથી સસ્પેન્ડ કરી દેવાઇ હતી. ગેરરીતી બદલ બે હોસ્પિટલોને કુલ મળીને રૂા.૩.૧૮ કરોડનો દંડ ફટકારવામાં આવ્યો છે. આરોગ્ય વિભાગે પીએમજેવાયએ યોજના અંતર્ગત હોસ્પિટલોની તપાસ શરૂ કરી છે ત્યારે રાજકોટની ક્રિષ્ના સર્જીકલ હોસ્પિટલ અને સ્વસ્તિક મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલને વ્યાપક ગેરરિતી જોવા મળી હતી. આ ઉપરાંત ભરૂચની જયાબેન મોદી હોસ્પિટલ અને વડોદરાની બેન્કર્સ સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલમાં ઘણી ગેરરિતીઓ ધ્યાને આવી હતી. રાજકોટની સ્વસ્તિક મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલમાં તપાસ કરતાં એવી ચોંકાવનારી વિગતો બહાર આવી હતી કે, ૧૯૬ સોનોગ્રાફીના રિપોર્ટ સાથે છેડછાડ કરવામાં આવી હતી. આ જોતાં આ હોસ્પિટલને યોજનામાંથી સસ્પેન્ડ કરવામાં આવી હતી સાથે સાથે કુલ રૂ.૨,૯૪ કરોડનો દંડ ફટકારવામાં આવ્યો હતો. સ્પેશ્યાલિસ્ટ ડો.રાજેશ કંડોરીયાને પણ યોજનામાંથી બરતરફ કરાયા હતાં. રાજકોટ શહેરમાં ક્રિષ્ના સર્જીકલ હોસ્પિટલ હોસ્પિટલમાં બીયુ પરમિશન ન હતું. જરૂરી સ્ટાફ પણ ન હતો. આ કારણોસર હોસ્પિટલને સસ્પેન્ડ કરવામાં આવી હતી. જ્યારે ભરૂચમાં જયાબેન મોદી હોસ્પિટલમાં એવી ગેરરિતી જોવા મળી કે, ટ્યુમર બોર્ડ સર્ટીફિકેટમાં ખોટા સહી અને સિક્કા કરી સોફટવેરમાં અપલોડ કર્યા હતાં. આ કારણોસર હોસ્પિટલ સંચાલકો પાસેથી કુલ રૂા.૩૩,૪૪,૦૩૧/- રકમ રીકવરી કરવા નક્કી કરાયુ છે. વડોદરામાં બેન્કર્સ સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલમાં ઓન્કોલોજી સર્જરીમાં આયુષ્માન યોજનાની માર્ગદર્શિકાનું ઉલ્લંઘન કરાતુ હોવાનું ધ્યાને આવ્યું છે ત્યારે કુલ રૂા.૫૭,૫૧,૬૮૯/- રકમ રીકવરી કરવામાં આવશે. આમ, ગુજરાતમાં ખાનગી હોસ્પિટલોમાં ગેરરિતીઓ રોકવા માટે સ્ટેટ એન્ટી ફ્રોડ યુનિટે તપાસનો દોર આગળ ધપાવ્યો છે તે જોતાં આગામી દિવસોમાં વધુ ખ્યાતિકાંડ ખુલે તેવી સંભાવના છે.

### કાર્ડિયોલોજી, રેડિયોથેરાપી, નીઓનેટલ કેરની માર્ગદર્શિકા જાહેર કરાશે

પ્રધાનમંત્રી જન આરોગ્યમાં યોજનામાં ઘણી ગેરરિતી સામે આવી છે ત્યારે રાજ્ય આરોગ્ય વિભાગે કાર્ડિયોલોજી અને કાર્ડિયોવાસ્ક્યુલર સર્જરી, રેડિયોથેરાપી અને નીઓનેટલ કેર સહિતની સારવાર માટેની નવી માર્ગદર્શિકાને આખરી ઓપ આપી દીધો છે. આજે આ માર્ગદર્શિકા જાહેર થઇ શકે છે. જેનો રાજ્યના ખાનગી હોસ્પિટલોમાં તાકીદે અમલ કરવા રાજ્ય આરોગ્ય વિભાગે નક્કી કર્યુ છે.

## ટક્કર એટલી જબરજસ્ત હતી કે લોખંડની ગડર તૂટી ગઇ

# સુરતના ઓએનજીસી બ્રિજ નીચે લોખંડની ગડર સાથે બસ અથડાતા નાસભાગ મચી

(સંવાદદાતા દ્વારા)
સુરત, તા.૧૮

ઓએનજીસી બ્રિજ નીચેથી આજે સવારે પસાર થતી વખતે એક ખાનગી બસના ડ્રાઇવરની ગંભીર બેદરકારીને કારણે લોંખડની ગડર સાથે બસ ધડાકભેર અથડાઈ ગઈ હતી જેને કારણે લોખંડની ગડર તૂટી ગઈ હતી જેથી થોડી વાર માટે ટ્રાફિક જામના દશ્યો પણ સર્જાયા હતા. પોલીસે ક્રેન દ્વારા રસ્તામાં પડેલી લોખંડની ગડરને ખસેડવાની કામગીરી કરી હતી.ઓએનજીસી બ્રિજ નીચેથી આજે સવારે ડુમસ રોડ તરફ જતા પહેલાં એક ખાનગી કંપનીની બસ પસાર થઈ રહી હતી. જોકે હાઈટ મર્યાદાના વાહન પ્રવેશી શકે તે માટે ત્યાં લોંખડની ગડર લગાવામાં આવી હતી. ત્યારે આ ખાનગી કંપનીના બસના ડ્રાઈવરે હાઈટ નીચેથી બસ લઈ જવાનો પ્રયાસ કરતા બસ લોખંડની ગડર સાથે અથડાઈ ગઈ હતી. ટક્કર એટલી જબરજસ્ત હતી કે લોખંડની ગડર તૂટીને રસ્તા ઉપર પડી ગઈ હતી. જેને કારણે સ્થળ ઉપર હાજર અન્ય વાહન ચાલકોમાં અફરાતફરી મચી ગઈ હતી. જ્યારે થોડી વાર માટે ટ્રાફિક જામના દશ્યો પણ સર્જાયા હતા. અકસ્માત અંગે જાણ કરવામાં આવતા પોલીસ પણ ત્યાં દોડી આવી હતી. તેમજ ક્રેન દ્વારા રસ્તામાં પડેલી લોખંડની ગડરને ખસેડવાની કામગીરી કરવામાં આવી હતી. જોકે આ અકસ્માતમાં જાનહાની કે ઈજા થતા રહી ગઈ હતી.

# ભાવનગર ઝૂંપડપટ્ટી હિત રક્ષા સમિતિ દ્વારા જિલ્લા કલેકટર-મ્યુ. કમિ.ને આવેદન

## મોતીતળાવ વિસ્તારના રહીશોએ આવેદન પાઠવી વૈકલ્પિક વ્યવસ્થાની માંગ કરી



ભાવનગર,તા.૧૭

ભાવનગર ઝૂંપડટ્ટી હિત રક્ષા સમિતિના આગેવાનો તેમજ કુંભારવાડા મોતી તળાવ વિસ્તારના રહેવાસીઓ મોટી સંખ્યામાં આજરોજ સાંજે ભાવનગર જિલ્લા કલેકટર અને ભાવનગર મહાનગર પાલિકાના કમિશનરને રૂબરૂ મળી રજૂઆતો કરી હતી કે થોડા દિવસ પૂર્વ શહેરના મોતી તળાવ વિસ્તારમાં વસતા લોકોને નોટિસો ફટકારી દબાણો દુર કરવા જણાવ્યું હતું. જેના ઘેરા પડઘા પડયા છે આ વિસ્તારમાં વસતા લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યા છે આજે મ્યુનિ. કમિશનર કચેરી સામે લોકોના ટોળા ઉમટી પડયા હતા અને સરકારી તંત્ર સામે ભારે સૂત્રોચ્ચાર અને દેખાવો કર્યા કરતા આગેવાનોએ જવાબદાર અધિકારીઓને આવેદન પત્ર પાઠવી રજૂઆતો કરી હતી કે મોતીતળાવ અને આજુબાજુના વિસ્તારોમાં છેલ્લા ૪૦-૫૦ વર્ષથી લોકો વસવાટ કરી રહ્યા છે. આ લોકોને તાત્કાલિક અસરથી મકાનો ખાલી કરી દેવા મહાનગર પાલિકા દ્વારા નોટિસો ફટકારી ગરીબ લોકોના ઝૂંપડા,મકાનો હટાવી લેવા જણાવાયું છે. આ વિસ્તારમાં ગરીબ અને મજુર લોકો વસવાટ કરે છે તેમને સરકારે વૈકલ્પિક વ્યવસ્થા કરી આપવી પડે તેવી માગણી ભાવનગર ઝૂંપડપટ્ટી હીત રક્ષા સમિતિના આગેવાનોએ રજૂઆતો કરી હતી. આગેવાનોએ આવેદન પત્રમાં તેમ પણ જણાવ્યું છે કે છેલ્લા પચ્ચીસ વર્ષથી ભાવનગરના લોકોને આ સત્તાધારી પક્ષના શાસકો કંસારા શુદ્ધિકરણના પ્રોજેકટની વાતો કરતા હજુ સુધી કોઈ ઠોસ કાર્યવાહી થઈ નથી. ઉપરાંત આ પ્રોજેકટનું ત્રણવાર નામ બદલવામાં આવ્યું છે અને ત્રણેક વખત ખાત મુહુર્ત પણ કરવામાં આવ્યા છે. જેમ કે (૧) કંસારા શુદ્ધિકરણ (૨) કંસારા નવીનીકરણ (૩) કંસારા સજીવીકરણ નામ અપાયું છે પરંતુ આજ દિન સુધી કામ ચાલુ કર્યા પછી પણ ઘણો સમય પસાર થયો હતો પણ આ કામ પૂર્ણ થયું નથી ભાવનગરના વિકાસ માટે ખુબ સારી વાત છે પરંતુ ગરીબ લોકોના ઝૂંપડા, મકાનો હટાવી પ્રોજેકટ કરવા હોય તો સૌ પ્રથમ ગરીબ અને મજુર માણસોને સરકારે વૈકલ્પિક વ્યવસ્થા કરી આપવી પડે એવી માંગ કરવામાં આવી હતી.

# મોડાસા પોલીસ હેડક્વાર્ટર ખાતે લોક દરબાર યોજાયો




મોડાસા, તા.૧૮

અરવલ્લી જિલ્લામાં પોલીસ હેડક્વાર્ટર મોડાસા ખાતે લોક દરબારનું આયોજન કરવામાં આવ્યું હતું. રેંજ આઈ.જી. વિરેન્દ્રસિંહ યાદવની અધ્યક્ષતામાં યોજાયેલા આ લોક દરબારમાં જિલ્લા નાગરિકોની વિવિધ સમસ્યાઓ સાંભળવામાં આવી હતી. લોકોએ મુખ્યત્વે ટ્રાફિકની સમસ્યાઓ તેમજ કાયદો વ્યવસ્થાને લગતા પ્રશ્નો ઉઠાવ્યા હતા. મોડાસામાં ટ્રાફિકની સમસ્યા સતત વધતી હોવાની રજૂઆત લોકોએ કરી હતી. ખાસ કરીને મોડાસા ચાર રસ્તા અને પેલેટ ચોકડી પર સર્જાતા ટ્રાફિક જામ અંગે સ્થાનિક નાગરિકોએ તાકીદે પગલાં લેવા માગણી કરી હતી.મેઘરજ વિસ્તારમાં કાયદો વ્યવસ્થાની કથળી સ્થિતિ અંગે પણ લોકોએ રજૂઆત કરી હતી. જણાવાયું કે કેટલાક તત્વો હીરોગીરી કરીને શાંતિભંગ પેદા કરી રહ્યા છે. આ અંગે રેંજ આઈ.જી.એ મેઘરજ પોલીસને આવા તત્વો સામે કડક કાર્યવાહી કરવા સૂચના આપી હતી. આ લોક દરબારમાં નાગરિકોએ વિવિધ ચિંતાઓ દર્શાવી હતી, જેને ધ્યાનમાં લેતા રેંજ આઈ.જી.એ સંબંધિત અધિકારીઓને તાત્કાલિક પગલાં લેવાની સૂચના આપી હતી.

# વડોદરા : સરદાર ભવનના ખાચામાંથી શંકાસ્પદ હાલતમાં આધેડની લાશ મળી

## હત્યા કે આત્મહત્યા ઘૂંટાતું રહસ્ય

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૧૮

વડોદરાના સરદાર ભવનના ખાંચામાં ઈજાગ્રસ્ત હાલતમાં એક આધેડ વ્યક્તિનો શંકાસ્પદ મૃતદેહ મળી આવ્યો હતો. કારેલીબાગ પોલીસ દ્વારા લાશને પીએમ માટે ખસેડી કયા કારણોસર વ્યક્તિનું મોત થયું છે તે દિશામાં તપાસ શરૂ કરી છે. ત્યારે આ વ્યક્તિએ આત્મહત્યા કરી છે કે પછી તેની હત્યા કરવામાં આવી છે તેને લઈને શંકા કુશંકાઓ ઉપજી રહી છે.

વડોદરા શહેરના ખંડેરાવ વિસ્તારમાંથી તાજેતરમાં જ એક આધેડની લાશ મળી હતી. જેના વાલી વારસોને પોલીસ દ્વારા શોધી કાઢીને પીએમ કર્યા બાદ લાશ તેમને સોંપવામાં આવી હતી. ત્યારે ફરી સરદાર ભવનના ખાંચામાં શિવ ચેમ્બર્સ પાસે આજે ૧૮ ડિસેમ્બરના રોજ વહેલી સવારે ૫૫ વર્ષીય આધેડની લાશ મળી આવતા ચકચાર મચી ગઈ હતી. રોડ ઉપરથી અવાજ જવર કરતા લોકોએ ઉહાપોહ કરતા સ્થાનિક લોકો નીચે આવ્યા હતા અને ૧૦૮ ઈમર્જન્સી વાનને ફોન કરતા તાત્કાલિક ડોક્ટરે સ્થળ પર આવી આધેડને ચેક કરતા મૃત હોવાનું માલુમ પડ્યું હતું. તેથી સ્થાનિક લોકો દ્વારા પોલીસને જાણ કરતા કારેલીબાગ પી આઈ એચ એમ વ્યાસ સહિતના ટીમના માણસો તુરંત સ્થળ પર દોડી આવ્યા હતા. ત્યારબાદ આ આધેડ વ્યક્તિએ હત્યા કરી છે કે પછી તેમની કોઈ શખ્સ દ્વારા હથિયારથી હુમલો કરીને હત્યા કરવામાં આવી છે તે દિશામાં તપાસ શરૂ કરવામાં આવી છે. પોલીસ દ્વારા લાશને પોસ્ટમોર્ટમ માટે સયાજી હોસ્પિટલમાં ખસેડી તેમના વાલી વારસોની હાથ ધરવામાં આવી છે.

# વડોદરાના ધનિયાવી ગામના ૫૦૦ જેટલા ઝૂંપડાવાસીઓને ખાલી કરવા અંતિમ નોટિસ

## નોટિસ બજાવવા ગયેલ મનપાના સ્ટાફ વચ્ચે બોલાચાલી

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૧૮

વડોદરા કોર્પોરેશનની હદમાં સમાવવામાં આવેલા ધનિયાવી ગામના ૫૦૦ જેટલા ઝૂંપડાવાસીઓને વિવિધ સરકારી આવાસમાં શિફ્ટ કરવા માટે પાલિકાના ટાઉન પ્લાનિંગ વિભાગે આજે કાર્યવાહી હાથ ધરી હતી. જોકે, ઝૂપડાવાસીઓ ઝૂંપડા ખાલી કરવા તૈયાર નથી. આજે પાલિકાની ટીમ દ્વારા ઝૂંપડાવાસીઓને સમજાવવા સાથે અંતિમ નોટિસો આપી ઝૂંપડા ખાલી કરવા જણાવ્યું હતું. એક તબક્કે ઝૂંપડાવાસીઓ અને અધિકારીઓ વચ્ચે ચકમક ઝરી હતી. વડોદરા પાલિકા હદમાં સમાવવામાં આવેલા ધન્યાવી ગામમાં અંદાજે ૪૦૦થી ૫૦૦ ઝૂંપડા આવેલા છે. તે પૈકી કેટલાક ઝૂંપડા ખાલી છે. અહીંના બાકીના ઝૂંપડામાં રહેતા રહીશોને પાલિકા પોતાના ખાલી પડેલા ૨૫૦૦ જેટલા સરકારી આવાસમાં શિફ્ટ કરવાની તજવીજ હાથ ધરી છે. અગાઉ પણ તંત્રએ અહીંના રહીશોને ઝૂંપડા ખાલી કરી આવાસ યોજનામાં ખસી જવા તાકીદ કરી હતી પરંતુ તેઓ માન્યા ન હતા. ત્યારે આજે પાલિકાના ટાઉન પ્લાનિંગ વિભાગે અહીંના ઝુંપડાવાસીઓને જગ્યા ખાલી કરવા અંતિમ નોટીસ બજાવી છે અને અન્યત્ર ખસી જવાની તાકીદ કરી છે. આ સાથે તેઓને ફોર્મ ભરાવાની પ્રક્રિયા પણ શરૂ કરાવતા રહીશોએ ભારે ઉશ્કેરાટ સાથે નારાજગી વ્યક્ત કરી હતી. પોતે અહીંના ઝૂંપડા ખાલી કરવા નથી તેમ જણાવતા રહીશો અને નોટિસ બજાવવા ગયેલા પાલિકાના સ્ટાફ વચ્ચે બોલાચાલી થઈ હતી.

# ઉધનામાં હિટ એન્ડ રનની ઘટના, રાહદારીનું ઘટનાસ્થળે જ મોત

(સંવાદદાતા દ્વારા) સુરત તા.૧૮

શહેરના ઉધના વિસ્તારમાં ઉધના નવસારી મેઈન રોડ પર લિયો સનરાઈઝ સ્કૂલ પાસે ગતરોજ અજાણ્યા વાહન ચાલકે એક રાહદારીને અડફેટે લીધો હતો. જેના કારણે તેને શરીર તથા માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા ઘટના સ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું. બનાવને પગલે ઉધના પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ફેટલ અકસ્માતનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. બનાવની વિગત એવી છે કે ઉધના નવસારી મેઈન રોડ પર આવેલ લિયો સનરાઈઝ સ્કૂલ આગળથી ૧૭/૧૨/૨૦૨૪ના રોજ સવારે ૭:૪૫ વાગ્યાના અરસામાં એક ૪૦થી ૪૫ વર્ષનો અજાણ્યો યુવક ચાલતો ચાલતો પસાર થતો હતો. આ દરમિયાન કોઈ અજાણ્યા ઈસમે પુરપાટ ઝડપે પોતાનું વાહન લઈ આવી અજાણ્યા યુવકને અડફેટે લીધો હતો. જેના કારણે તેને માથામાં તથા શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ ઉપરાંત મોઢા પર અને આંખમાં પણ ગંભીર ઈજાઓ પહોંચતા તેનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જો કે અકસ્માત બાદ અજાણ્યો વાહન ચાલક પોતાનું વાહન લઈને ત્યાંથી ફરાર થઈ ગયો હતો. બનાવની જાણ થતા જ ઉધના પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી.

# ત્રાપજ ગામે ગોઝારા અકસ્માતમાં ડમ્પરચાલક સામે મનુષ્યવધનો ગુનો દાખલ

ભાવનગર, તા.૧૮

ત્રાપજ નજીક મંગળવારે વહેલી સવારે રોડ ઉપર ઉભેલ ડમ્પર ટ્રક પાછળ ખાનગી ટ્રાવેલ્સ બસ ઘુસી જતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો જેમાં છ લોકોના મોત નિપજેલ અને ૨૨થી વધુ ઈજાગ્રસ્ત થયા હતા ત્યારે અલગ પોલીસે તપાસ કરી ડમ્પર ચાલકની સામે મનુષ્ય વધનો ગુનો નોંધી અટકાયત કરી હતી. ઈજાગ્રસ્ત મહેશભાઈ માધુભાઈ નકુમ રહે વાઘનગર તાલુકો મહુવા વાળાએ અલગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ મુજબ ડમ્પર જી જે ૨૭ ટીડી ૭૯૨૧ રોડ ઉપર બંધ હાલતમા ઉભુ રાખેલ હતુ ત્યારે ડમ્પર પાછળ ટ્રાવેલ્સ બસ ઘૂસી જતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો અંલગ પોલીસે મનુષ્યવધનો ગુનો દાખલ કરેલ બીએસએનની કલમ ૧૦૫,૧૨૫, ૨૮૫, મુજબ માણસની જીંદગી જોખમાય તે રીતે અને જાહેર માર્ગ પર અવરોધ સર્જવા સહિતની અલગ-અલગ કલમો હેઠળ ગુનો નોંધાયો છે. અલગ પોલીસે તપાસ કરતા આ ડમ્પર હાથબ ગામના પ્રવિણભાઈ બારૈયાની માલીકીનું હોવાનું બહાર આવેલ અને ડમ્પરનો ડ્રાઈવર હાથબ ગામનો રાજુ સગરામભાઈ ચુડાસમા ઉમર વર્ષ ૩૯ વહેલી સવારે ડમ્પર બંધ પડતા સ્થળ ઉપર મૂકીને જતો રહેલ તપાસ કરી ડમ્પર ચાલકને ઝડપી પાડેલ અને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ડીસામાં ચેક રિટર્ન કેસમાં વેપારીને એક વર્ષની કેદ

(સંવાદદાતા દ્વારા)
ડીસા, તા.૧૭

ડીસાના બટાકાના વેપારી પાસેથી માલ લઈ કલોલના વેપારીએ રૂા.૭.૫ લાખનું પેમેન્ટ ન ચૂકવતા અને તે પેટે આપેલો ચેક પણ રિટર્ન થતા ડીસાની બીજી એડિશનલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટે જેતપુરના વેપારીને એક વર્ષની કેદની સજા તેમજ રૂપિયા ૭.૫૦ લાખ વળતર પેટે ચૂકવવાનો હુકમ કર્યો છે. જે કેસ ચાલી જતા ડીસા કોર્ટના બીજા એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ (ફ. ક) હર્ષદભાઈ એસ. ચાવડાએ ફરિયાદી પક્ષના વકીલની દલીલોને ગ્રાહ્ય રાખી હતી તેમજ આરોપી ગીરીશ ઘનશ્યામદાસ નરવાની (રહે. જેતપુર)ને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ના ગુના માટે એક વર્ષની સાદી કેદની સજા તેમજ હુકમની તારીખથી ૩૦ દિવસમાં ફરિયાદીને રૂા. ૭,૫૦,૦૦૦ની રકમ ચૂકવી દેવાનો આદેશ કર્યો હતો. જો આરોપી બાકીની રકમ ન ચૂકવે તો વધુ ત્રણ માસની સાદી કેદ ભોગવવાનો પણ હુકમ કર્યો હતો.

## સુરતમાં હીરાની મંદીએ વધુ એકનો ભોગ લીધો

# આર્થિક તંગીથી કંટાળીને રત્નકલાકારે તાપી નદીમાં મોતનો ભૂસકો માર્યો

## ત્રણ દિવસ પહેલાં ઘરેથી કામ શોધવા જતો હોવાનું કહીને નીકળ્યો હતો

(સંવાદદાતા દ્વારા)
સુરત, તા.૧૮

છેલ્લા એક વર્ષથી વધુ ચાલી રહેલી હીરાની મંદી હવે વધુ ઘેરી બની છે. સુરતમાં રત્નકલાકારોની હાલત કફોડી થઈ ગઈ છે. આર્થિક તંગીથી કંટાળીને ઉધના વિસ્તારમાં રહેતા રત્નકલાકારે તાપી નદીમાં કુદીને આત્મહત્યા કરી લેતા પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો છે. મૃતકનો મૃતદેહ મકાઇ પુલ નદીમાંથી મળી આવ્યો હતો.મૂળ મહારાષ્ટ્રના વતની હાલ ઉધના હરિનગર વિસ્તારમાં આવેલા વિજયનગરમાં રહેતા અનિકેત દિપકભાઇ ઠાકુર છેલ્લા પાંચ વર્ષથી તે રત્નકલાકાર તરીકે કામ કરતો હતો. જો કે, હીરાની મંદીમાં તેને દિવાળી બાદ કામ મળતું નહોતું. રોજ કામ શોધવા જતો પરંતુ સફળતા મળતી નહોતી. જેથી ત્રણ દિવસ પહેલા ઘરેથી કામ શોધવા જતો હોવાનું કહીને કેબલ સ્ટેટ બ્રિજ પરથી તાપી નદીમાં ઝંપલાવી દીધું હતું. ત્યારબાદ ફાયરે નદીમા શોધખોળ કરતાં ગઇ કાલે રાત્રિના સમયે મૃતદેહ મળી આવ્યો હતો. હાલ તેના મૃતદેહને પીએમ માટે મૂકી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. મૃતકના સંબંધીએ કહ્યું હતું કે, અનિકેત દિપકભાઇ ઠાકુર દિવાળી સુધી હીરામાં કામ કરતો હતો. દિવાળી બાદ વેકેશન બાદ શોધવા છતાં નોકરી મળતી નહોતી. જેથી આ પગલું ભર્યું છે. ભાડાના મકાનમાં રહેતા હતા. પરિવારમાં બહેન અને માતા-પિતા હતા. ઘરેથી નોકરી શોધવા જવાનું કહીને નીકળી ગયો હતો. અમે તપાસ કરી તો કેબલ બ્રિજ પરથી બાઈક મળી આવી હતી.ત્યારબાદ મકાઇ પુલ નીચે નદીના કિનારા પર કાદવમાંથી મૃતદેહ બહાર કાઢ્યા બાદ તપાસ કરવામાં આવતા તેના ખિસ્સામાંથી ડ્રાઈવિંગ લાઈસન્સ મળી આવ્યું હતું, જેના આધારે તેની ઓળખ થઇ હતી. ફાયર જવાનોએ મૃતદેહનો કબજો પોલીસને સોંપ્યો હતો.

## પુરૂષ પ્રધાન રિક્ષાના વ્યવસાયમાં મહિલાઓની એન્ટ્રી

# વડોદરામા પિંક કલરની રિક્ષાઓ દેખાશે : ૯ મહિલાઓ રિક્ષા ચલાવશે

## CSR અંતર્ગત ૯ રિક્ષાઓ ફાળવી મહિલાઓને પગભર કરાઈ



(તસવીર : અતિક શેખ, વડોદરા)

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૧૮

ભારતમાં ૯૯% ઓટો-રિક્ષા પુરૂષો દ્વારા ચલાવવામાં આવે છે. એલેમ્બિક સીએસઆર ફાઉન્ડેશને વડોદરામાં પિંક ઓટો રિક્ષાની પહેલ શરૂ કરી છે, જે અંતર્ગત આજરોજ ૯ રિક્ષાઓ મહિલાઓને ફાળવી આ જરૂરિયાતમંદ મહિલાઓને પગભર કરવામાં આવી હતી. વડોદરા શહેર પોલીસ કમિશનર નરસિંહા કોમારની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાયો હતો.શહેરમાં ફરતી પિંક (ગુલાબી) કલરની રિક્ષાઓ મહિલાઓ ચલાવી પોતાં પરિવારનું ગુજરાન ચલાવશે. આ અનોખી પહેલ માટે સહુપ્રથમ, એલેમ્બિક ફાઉન્ડેશન દ્વારા જરૂરિયાતમંદ મહિલાઓની પસંદગી કરવામાં આવી હતી. તેઓને ડ્રાઈવિંગ સ્કૂલ ટ્રેનરની મદદથી ઓટો રિક્ષા ડ્રાઈવિંગ માટે યોગ્ય તાલીમ આપવામાં આવી હતી અને વડોદરા RTO તરફથી ડ્રાઈવિંગ લાયસન્સ મેળવવાની સુવિધા આપવામાં આવી હતી. આમાંથી બે પસંદ કરાયેલી લાભાર્થી મહિલાઓ વિધવા છે , જ્યારે એક છોકરી માત્ર ૨૪ વરસની અને અપરિણીત છે, જ્યારે બાકીની તમામ મહીલાઓ પરિણીત છે. આ તમામ મહિલાઓ નાના મોટા કામ, દુકાનમાં નોકરી અને લોકોના ઘરે કામ કરી પોતાની આજીવિકા રળે છે. આ તમામ મહિલાઓ તેમના પરિવાર માટે એકમાત્ર કમાઉ વ્યક્તિ પણ કહી શકાય. આ અગાઉના પ્રથમ રાઉન્ડમાં, આસપાસના પંચમહાલના ગામોની ૦૬ જરૂરિયાતમંદ મહિલાઓની પસંદગી કરવામાં આવી હતી. તેઓને ડ્રાઈવિંગ સ્કૂલ ટ્રેનરની મદદથી ઓટો રિક્ષા ડ્રાઈવિંગ માટે યોગ્ય તાલીમ આપવામાં આવી હતી અને વડોદરા RTO તરફથી ડ્રાઈવિંગ લાયસન્સ મેળવ્યા બાદ તેઓ છેલ્લા ૯ માસથી દર મહિને આશરે ૧૪ હજારની કમાણી કરે છે. જેમાં એક ગામથી બીજે ગામની વર્ધી, દૂધ કેન્દ્ર પર દૂધ પહોંચાડવા સહિતનું કામ કરે છે. આ અંગે એલેમ્બિક ફાઉન્ડેશનના વડા મલ્લિકા અમીને જણાવ્યું હતું કે, એલેમ્બિક ફાઉન્ડેશન દ્વારા મહિલાઓને આત્મનિર્ભર બનાવવાના સંકલ્પ સાથે પિંક રીક્ષા અભિયાનની શરૂઆત કરી છે. આજે આ મહિલાઓ જો રીક્ષા ફેરવતી થાય તો તેઓ માથું ઊંચું રાખી ને જીવી શકે. આ તમામ મહિલાઓ વિધવા કે ત્યક્તા છે, ઘરે કમાનાર કોઈ પુરૂષ નથી, ત્યારે તેઓ ઘરકામ તથા અન્ય છૂટક કામ થકી તેઓ ખાસ કંઈ આવક કમાઈ શકે એમ નહોતા, જ્યારે પિંક રીક્ષા અભિયાનમાં જોડતા તેમને રોજેરોજની આવક શરૂ થઈ ગઈ. જે અમારા આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય હતો.

# ઘોઘામાં શિક્ષણના મહત્ત્વ અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન અપાયું



ભાવનગર, તા.૧૭

ઘોઘાના મચ્છીવાડા હોલ ખાતે શિક્ષણનું મહત્ત્વ અને માર્ગદર્શન અંગે સેમિનાર યોજવામાં આવ્યો હતો. જેમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને વાલીઓ હાજર રહ્યા હતા. કાદિરભાઈ શેખ દ્વારા આયોજન કરવામાં આવેલ આ સેમિનારમાં વક્તાઓ તરીકે રઈશભાઈ કાઝી (અંગ્રેજી પ્રોફેસર-જ્ઞાનમંજરી ઈનોવેટિવ યુનિવર્સિટી), તોફિકભાઈ શેખ (માજી પ્રમુખ, કસ્બા અંજુમને ઈસ્લામ ભાવનગર), ઈલ્યાસભાઈ બેલીમ, ઈમ્તિયાઝભાઈ અફઝલભાઈ પોપટીયા, તસ્લીમભાઈ કાગદી, નુસરતબેન, ઉમ્મી સલમાબેન, સાનિયાબેને માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં મહેમાન તરીકે હાજી સતારભાઈ રેડીયેટરવાળા, મચ્છીવાડા તથા ઘોઘા કસ્બા જમાતના પ્રમુખ વહાબભાઈ શેખ હાજર રહી લોકોને પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રોગ્રામને સફળ બનાવવા માટે કાદિરભાઈ શેખની ટીમે જહેમત ઉઠાવી હતી. વધુમાં કાદિરભાઈ શેખએ જણાવ્યું હતું કે ઘોઘામાં શિક્ષણ, આરોગ્ય અને સેવાના કાર્યો આગળ પણ થતા રહેશે.


**નામ બદલેલ છે**

મારૂં નામ દિલીપકુમાર શિવસિંહ રાઠોડથી બદલી દિલીપસિંહ શિવસિંહ રાઠોડ રાખેલ છે.

રાધે ગોવિંદ ફાર્મ, મહેતાપુરા, હિંમતનગર, જિ.સા.કાં., ગુજરાત-૩૮૩૦૦૧.



**GUJARAT STATE WAQF BOARD**
**ગુજરાત રાજ્ય વક્ફ બોર્ડ**

Established under the Wakf Act, 1995
Constituted by the Government of Gujarat
Under Wakf Act, 1995 (Central Act - 43 )

ડો.જીવરાજ મહેતા ભવન, બ્લોક નંબર ૮, ભોયતળિયે, જૂના સચિવાલય, સેક્ટર-૧૦, ગાંધીનગર

Dr.jivraj bhai Mehta Bhavan, Block No.8, Ground Floor, Old Secretariat, Sector- 10, Gandhinagar.

વકફઅધિનિયમ-૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ-૩૬

વિષય :- **"જામા મસ્જિદ તથા મદ્રેસા દારૂલ ફુરકાન વકફ"**

ઉપરોક્ત જણાવેલ વકફના મુતવલ્લી **મોડ રાયબ નોડે મુ.પો.ધ્રદ્ધર મોટી, જિ.કચ્છ**નાઓએ મજકુર વકફના ઉદ્દેશો પૂર્ણ કરવાના હેતુ માટે નીચે જણાવેલ સ્થાવર મિલકત/જંગમ મિલકત વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરાવવા માટે નિયત નમૂનામાં દરખાસ્ત કરેલ છે. જેના રેવન્યુ રેકર્ડની ચકાસણી કરતાં સદર સંસ્થાના નામથી સ્પષ્ટ નોંધ થયેલ છે.

| ગામ/મુ.પો./હે | તાલુકો અને જિલ્લો | મિલકતનો પ્રકાર | સર્વે નં/ મિલ્કત નં |
|---|---|---|---|
| મુ.પો. ધ્રદ્ધર મોટી, | તા. ભુજ, જિ. કચ્છ. | મસ્જિદ મદ્રેસા | મિલ્કત નં. ૪૪, મિલ્કત નં. ૪૫. |

ઉક્ત જણાવેલ સ્થાવર મિલકત વકફ અધિનિયમ-૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ ૩૬ અન્વયે નોંધણીની દરખાસ્ત ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરની વિચારણા હેઠળ હોઈ આ સંબંધે કોઈ વ્યક્તિ કે સંસ્થાના વાંધાસૂચનો હોય તો તે દિન-૭માં ગુજરાત વકફ બોર્ડ, ગાંધીનગરની કચેરીને મળી જાય તે રીતે લેખિતમાં આપવા જણાવવામાં આવે છે. જો કોઈ વાંધા સૂચનો કે રજૂઆત જણાવેલ સમય મર્યાદામાં બોર્ડની કચેરીમાં નહીં મળે તો ઉક્ત જણાવેલ વકફના વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(એમ.એ.શેખ)
કચેરી અધિક્ષક,
ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગર.

# ‘કેદીઓ તરીકે જીવીએ છીએ’ : અમારી પીડાને સમજનારનો આભાર : હાથરસ પીડિતાનો ભાઈ

(એજન્સી) તા.૧૮

કોંગ્રેસના સાંસદ અને લોકસભામાં વિપક્ષના નેતા, રાહુલ ગાંધીએ ગયા અઠવાડિયે હાથરસમાં સામૂહિક બળાત્કાર બાદ જીવ ગુમાવનાર છોકરીના પરિવારને મળ્યો હતો. લગભગ ૪૫ મિનિટ સુધી ચાલેલી બેઠક બાદ તેઓ દિલ્હી પરત ફર્યા હતા. હવે તેણે પીડિતાના પરિવાર સાથેની વાતચીતનો વીડિયો શેર કર્યો છે. ૧૧ મિનિટ ૫૭ સેકન્ડના વીડિયોમાં પરિવારના સભ્યો રાહુલ ગાંધીની સામે દર્દ વ્યક્ત કરતા અને ન્યાયની વાત કરતા જોવા મળે છે. પોતાના સોશિયલ મીડિયા એક્સ અને યુટ્યુબ પર વીડિયો શેર કરતી વખતે રાહુલ ગાંધીએ લખ્યું-હાથરસ રેપ પીડિતાના પરિવારની નિરાશાના દરેક શબ્દને ધ્યાનથી સાંભળો અને અનુભવો. તેઓ હજુ પણ ભયમાં છે. તેમની સ્થિતિ પુષ્ટિ કરે છે કે દલિતો માટે ન્યાય મેળવવો અત્યંત મુશ્કેલ બની ગયો છે. અમે આ પરિવાર સાથે છીએ અમે તેમનું ઘર બદલીશું અને તમામ જરૂરી સહાય પૂરી પાડીશું. રાહુલ પીડિત પરિવારના ઘરે જઈને માતા-પિતા, ભાઈઓ અને મહિલાઓ સાથે વાત કરતો જોવા મળે છે. પરિવારે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને જણાવ્યું કે આરોપીઓને મુક્ત કરવામાં આવ્યા છે. ગામમાં રખડતા. એક જેલમાં ગયો છે અને બાકીના ૩ નિર્દોષ



છૂટ્યા છે. પરિવારે કહ્યું કે આરોપીને છોડાવવા માટે કરોડોની ડીલ કરવામાં આવી છે. પરિવારે કોંગ્રેસ નેતાને કહ્યું કે ઘરની બહાર જવા માટે પણ સીઆરપીએફની પરવાનગી લેવી પડશે. છેલ્લા ચાર વર્ષથી અમે કેદીઓનું જીવન જીવીએ છીએ. હવે અમારે આ ગામમાં રહેવું નથી. અમને ખૂબ ત્રાસ આપવામાં આવ્યો. તેઓએ દુનિયાને બતાવ્યું છે કે તેઓએ અમારા પરિવારોને નોકરી અને મકાન આપ્યા છે, પરંતુ એવું કંઈ નથી. પરિવારનો આરોપ છે કે મુખ્યમંત્રી યોગી એક વીડિયોમાં કહી રહ્યા છે કે મૃતદેહ પરિવારને સોંપવામાં આવે. અને પરિવારજનોની સંમતિથી રાત્રે લાશને અગ્નિદાહ આપવામાં આવ્યો હતો. પરિવારે આગળ કહ્યું, ‘દુનિયાએ જોયું છે કે તેઓ જૂઠું બોલે છે. પીડિતાની માતાએ કહ્યું કે સરકારને કોઈના મૃતદેહને બાળવાનો અધિકાર હોવો જોઈએ નહીં. પીડિતાની માતાએ રાહુલને કહ્યું કે દિલ્હીમાં નિર્ભયા કેસનો પીડિતા જાતિ દ્વારા બ્રાહ્મણ હતી. તે સમયે સમગ્ર દેશે સમર્થન આપ્યું હતું અને દેશમાં કોંગ્રેસની સરકાર હતી. જેના કારણે તેમને ન્યાય મળ્યો, પરંતુ આ દેશમાં ભાજપની સરકાર છે અને અમે દલિત છીએ. અમે નાની જાતિના છીએ જેના કારણે અમને ન્યાય નથી મળી રહ્યો. અમને તમારી પાસેથી જ આશા છે.

# ભાજપ શાસિત તમામ રાજ્યો UCC લાવશે : શાહે રાજ્યસભામાં કહ્યું; કોંગ્રેસને પૂછ્યું કે શું તે મુસ્લિમ પર્સનલ લોને ટેકો આપે છે

(એજન્સી) નવી દિલ્હી, તા. ૧૮

યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી) લાગુ કરવા માટે ભાજની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરતા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મંગળવારે કહ્યું કે તે દરેક ભાજપ શાસિત રાજ્યમાં લાગુ કરવામાં આવશે. શાહે “ભારતના બંધારણના ૭૫ વર્ષની ગૌરવપૂર્ણ યાત્રા” પર ચર્ચાનો જવાબ આપતા આ ટિપ્પણીઓ કરી હતી કે, “ભાજપ સરકાર દરેક રાજ્યમાં સમાન નાગરિક કોડ લાવશે” જેમાં તેમણે ઉત્તરાખંડ સરકારે રાજ્યમાં નાગરિક કોડ દાખલ કરવા માટે કેવી રીતે પહેલ કરી તે દર્શાવ્યું હતું. તેમણે રાજ્યસભામાં કહ્યું કે, “ઉત્તરાખંડમાં અમારી સરકારે યુસીસી લાગુ કર્યું. અમારી કાર્ય કરવાની રીત એ છે કે અમે લોકશાહી પ્રક્રિયાઓનું પાલન કરીએ છીએ. એક કાયદો જે સમાજમાં આવા મોટા ફેરફારો લાવશે, ઉત્તરાખંડ સરકારે તેને એક મોડેલ કાયદા તરીકે પસાર કર્યો. આની ચર્ચા તમામ મોરચે કરવામાં આવશે અને તેનો અમલ કરવામાં આવશે.” ઉત્તરાખંડ વિધાનસભાએ ફેબ્રુઆરીમાં યુસીસી પસાર કર્યો હતો જેને બીજા મહિને રાષ્ટ્રપતિની મંજૂરી મળીજ હતી.

શાહે પછી કોંગ્રેસ પર ‘તૃષ્ટિકરણની



રાજનીતિ’નો આરોપ લગાવ્યો અને કહ્યું કે વિપક્ષી પાર્ટીથી વિપરીત ભાજપ સમાજના તમામ વર્ગો માટે કામ કરે છે. તેમણે કોંગ્રેસ પર તેના કાર્યકાળ દરમિયાન યુસીસી લાવવામાં નિષ્ફળતા માટે પ્રશ્ન ઉઠાવ્યો અને ભાર મૂક્યો કે ભાજપ દરેક રાજ્યમાં તેનો અમલ કરશે. અમિત શાહે કહ્યું કે, “યુસીસી હજુ સુધી કેમ નથી આવ્યો ? તે એટલા માટે આવ્યો નહીં કારણ કે બંધારણ સભા પૂર્ણ થયા પછી અને ચૂંટણીઓ પૂર્ણ થયા પછી દેશના પ્રથમ વડાપ્રધાન નહેરૂજીએ યુસીસી નહીં પરંતુ મુસ્લિમ પર્સનલ લો રજૂ કર્યો હતો. હું આ ગૃહમાં કોંગ્રેસ પાર્ટીને પૂછવા માંગુ છું કે, એક ધર્મનિરપેક્ષ રાષ્ટ્રમાં દરેક ધર્મ માટે એક સમાન કાયદો હોવો જોઈએ કે નહીં ? તેઓ મુસ્લિમ પર્સનલ લોને કેમ ટેકો આપે છે?” તેમણે કોંગ્રેસ પર ‘અનામત વિરોધી’ હોવાનો પણ આરોપ લગાવ્યો અને કહ્યું કે તેના શબ્દો અને કાર્યો વિરોધાભાસી છે.

# જાતિ આધારિત વસતી ગણતરીને ચિરાગ પાસવાનનું સમર્થન પરંતુ આંકડા જાહેર કરવાની તરફેણમાં નથી, કહ્યું - ફરી ભાગલા પડશે

(એજન્સી) તા.૧૮

કેન્દ્રીયમંત્રી અને લોક જનશક્તિ પાર્ટી (રામ વિલાસ)ના વડા ચિરાગ પાસવાને રાષ્ટ્રવ્યાપી જાતિ આધારિત વસતી ગણતરીને સમર્થન આપ્યું હતું, પરંતુ એમ પણ કહ્યું હતું કે જો તેનો ડેટા સાર્વજનિક કરવામાં આવશે, તો તે સમાજમાં વિભાજન થશે. તેમણે કહ્યું કે સત્તારૂઢ રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન (NDA)માં એકસાથે ચૂંટણી અને સમાન નાગરિક સંહિતા (UCC) અંગે હજુ સુધી કોઈ ચર્ચા થઈ નથી. એકસાથે ચૂંટણી યોજવા અને UCC લાગુ કરવાના મુદ્દાઓ ભાજપના ચૂંટણી ઢંઢેરામાં સામેલ છે. ‘PTI’ના સંપાદકો સાથે વાત કરતી વખતે, તેમણે UCC વિશે ચિંતા વ્યક્ત કરી અને કહ્યું કે જ્યાં સુધી તેમની સામે ડ્રાફ્ટ મૂકવામાં ન આવે ત્યાં સુધી તેઓ કોઈ સ્ટેન્ડ લઈ શકે નહીં. જો કે, તેમણે કહ્યું કે તેમની પાર્ટી એલજેપી (રામ વિલાસ) એકસાથે ચૂંટણી યોજવાનું ભારપૂર્વક સમર્થન કરે છે. યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી) પરના તેમના મંતવ્યો વિશે પૂછવામાં આવતા, પાસવાને કહ્યું, અમારી પાસે હજુ સુધી તેનો ડ્રાફ્ટ નથી. ‘જ્યાં સુધી આપણે તે ડ્રાફ્ટ



પર વિચાર ન કરીએ ત્યાં સુધી કંઈપણ કહેવું યોગ્ય નથી, કારણ કે તેમાં ઘણી ચિંતાઓ છે. ભારત વિવિધતાનો દેશ છે. તેમણે કહ્યું કે ભાષા હોય, સંસ્કૃતિ હોય કે જીવનશૈલી, દેશના અલગ-અલગ ક્ષેત્રોમાં બધું જ અલગ-અલગ છે. તેમણે પૂછ્યું, ‘તમે બધાને એક છત્ર હેઠળ કેવી રીતે લાવી શકો?’ જ્યારે યુનિફોર્મ સિવિલ કોડ પરની ચર્ચા મોટાભાગે હિંદુ-મુસ્લિમ મુદ્દા પર ધ્યાન કેન્દ્રિત કરે છે, તે હિંદુઓ માટે પણ છે કારણ કે તેમના રિવાજો અને પરંપરાઓ, જેમાં લગ્ન સંબંધિત છે, દેશભરમાં અલગ-અલગ છે. પાસવાને કહ્યું, “મને લાગે છે કે છત્તીસગઢમાં આદિવાસીઓને તેનાથી દૂર રાખવામાં આવી રહ્યા છે. તો તમે તેમને આ છત્ર હેઠળ કેવી રીતે લાવી શકો ? તેથી ડ્રાફ્ટ આવે ત્યાં સુધી મને નથી લાગતું કે હું આ પ્રશ્નનો જવાબ આપી શકીશ. તેમણે કહ્યું, “આ હિંદુ-મુસ્લિમને વિભાજિત કરવાનો મામલો નથી. તે દરેકને એક સાથે લાવવા વિશે છે.” પાસવાને જણાવ્યું હતું કે જાતિ આધારિત વસ્તી ગણતરી આગામી વસ્તી ગણતરીનો એક ભાગ હોવી જોઈએ કારણ કે સમુદાય આધારિત વિકાસ યોજનાઓને પર્યાપ્ત ભંડોળની ફાળવણી માટે ચોક્કસ ડેટાની જરૂર પડે છે. તેમણે કહ્યું કે કોર્ટ કેટલીકવાર વિવિધ જાતિઓની વસ્તીના આંકડા પણ માંગે છે. ત્રીજી વખત લોકસભામાં પ્રતિનિધિત્વ કરી રહેલા પાસવાને કહ્યું કે જાતિ ગણતરીના આંકડા માત્ર સરકાર પાસે જ રાખવા જોઈએ અને તેને સાર્વજનિક ન કરવા જોઈએ. તેણે કહ્યું, “હું આને સાર્વજનિક કરવાના પક્ષમાં બિલકુલ નથી. આનાથી સમાજમાં વિભાજન જ થાય છે.” તેમણે કહ્યું કે બિહાર સરકારે જાતિ સર્વેક્ષણના આંકડા જાહેર કર્યા બાદ હવે રાજ્યમાં લોકોની કુલ વસ્તીમાં તેમની જાતિની ટકાવારીના આધારે જોવામાં આવી રહી છે.

# જમ્મુ અને કાશ્મીર સરકારે શાળાના પુસ્તકમાંથી કાશ્મીરી સૂફી સંત શેખ-ઉલ-આલમના પ્રકરણ પર કાતર ફેરવી

(એજન્સી) તા.૧૮

જમ્મુ અને કાશ્મીર સરકારના ધોરણ ૯ના અંગ્રેજી પાઠ્યપુસ્તકમાંથી આદરણીય કાશ્મીરી સૂફી સંતોમાંના એક શેખ નૂરૂદ્દીન વલી અંગેના એક પ્રકરણને દૂર કરવાના નિર્ણયે મહિનાઓ પછી વિવાદ સર્જી દીધો છે. ટીકાકારોએ આ પગલા માટે ઓમર અબ્દુલ્લા સરકારની ટીકા કરી છે, જોકે જમ્મુ અને કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી પહેલા લેફ્ટનન્ટ ગવર્નરના વહીવટીતંત્ર દ્વારા આ ફેરફાર કરવામાં આવ્યો હતો. શેખ-ઉલ-આલમ તરીકે જાણીતા, તેઓ મુસ્લિમો તેમજ ઘણા કાશ્મીરી પંડિતો માટે પણઆદરણીય છે. ૧૯૯૫માં સુરક્ષા દળો દ્વારા કુખ્યાત ઘેરાબંધી દરમિયાન આ વિસ્તારના ઘણા ઘરો સાથે તેમના ચારાર-એ-શરીફ મંદિરને જમીન પર તોડી પાડવામાં આવ્યું હતું, જેથી ત્યાં આશ્રય આપતા આતંકવાદીઓને બહાર કાઢવામાં આવ્યા હતા, પરંતુ પછીથી તેનું પુનઃનિર્માણ કરવામાં આવ્યું હતું. શ્રીનગરના પૂર્વ મેયર જુનૈદ અઝીમ મટ્ટૂ અને તેમના ભૂતપૂર્વ નાયબ શેખ ઈમરાને સંત પરના પ્રકરણને દૂર કરવા માટે ઓમર સરકારને જવાબદાર



ઠેરવી હતી. “નવી NC સરકારની નવી સિદ્ધિ. શેખ નૂર-ઉદ-દીન વલી (રએ) દ્વારા ગદ્ય પરનું પ્રકરણ J&K બોર્ડના ધોરણ ૯ના અંગ્રેજી પાઠ્યપુસ્તકમાંથી દૂર કરવામાં આવ્યું હતું અને આ લોકો આપણા ‘તશાખો’ (કાશ્મીરની વિશેષ ઓળખ) સ્ટેટસ માટે લડશે ? મટ્ટુએ બે વર્ષનાં પુસ્તકોની સામગ્રીના ચિત્રો પણ પોસ્ટ કર્યા, જેમાં એક પ્રકરણો સાથે અને બીજું ખૂટે છે.શેખ ઈમરાને કહ્યું કે પ્રકરણને હટાવવા એ ‘કાશ્મીરના સમૃદ્ધ સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસા’ પર સીધો હુમલો છે. જમ્મુ-કાશ્મીર સરકાર હેઠળના આ બેશરમ કૃત્ય કરવા માટે તાત્કાલિક જવાબદારીની જરૂર છે અને મુખ્યમંત્રીએ આ મામલે જવાબ આપવો જોઈએ.

# ‘આપ’ની સરકાર બનશે તો ૬૦ વર્ષથી વધુ ઉંમરના લોકોને મફત સારવાર મળશે’ : અરવિંદ કેજરીવાલે ‘સંજીવની’ યોજનાની જાહેરાત કરી

(એજન્સી) તા.૧૮

દિલ્હી વિધાનસભા ચૂંટણી પહેલા અરવિંદ કેજરીવાલે બુધવારે વૃદ્ધો માટે ‘સંજીવની યોજના’ની જાહેરાત કરી હતી. કેજરીવાલે કહ્યું કે દિલ્હીમાં સરકાર બન્યા બાદ દિલ્હી સરકાર વૃદ્ધો માટે સંજીવની યોજના લાવશે. જેમાં ૬૦ વર્ષથી ઉપરના તમામ નાગરિકોને મફત સારવાર મળશે. આમાં કોઈ મર્યાદા કે શ્રેણી નથી. દિલ્હીમાં આમ આદમી પાર્ટીની સરકાર બન્યા બાદ આ યોજના લાગુ કરવામાં આવશે. સંજીવની યોજનાની જાહેરાત કરતા કેજરીવાલે કહ્યું કે આજે હું વૃદ્ધો માટે જે યોજના જાહેર કરી રહ્યો છું તે ઈતિહાસમાં ક્યારેય બની નથી. અમે વડીલોને ખૂબ માન આપીએ છીએ. તમે દેશને આગળ લઈ જવા માટે ઘણું કર્યું છે. હવે આપણો વારો છે. કેજરીવાલે કહ્યું કે શ્રવણ કુમારથી પ્રેરિત થઈને અમે વૃદ્ધો માટે મુખ્યમંત્રી તીર્થયાત્રા યોજના શરૂ કરી. અત્યારસુધીમાં અંદાજે ૧ લાખ વૃદ્ધોએ આ યોજનાનો લાભ લીધો છે. તે દેશના તમામ તીર્થસ્થળો પર મોકલવામાં આવે છે. તમામ ખર્ચ દિલ્હી સરકાર ઉઠાવે છે. અરવિંદ કેજરીવાલે વધુમાં કહ્યું કે જેમ જેમ ઉંમર વધે છે તેમ ૧૦૦ બીમારીઓ આપણને ઘેરી લે છે. સારવાર કેવી રીતે કરવી તેની ચિંતા ઘેરી વળે છે. ઘણી વખત બાળકો તેમના માતા-પિતાની કાળજી લેતા નથી. જેમ લક્ષ્મણજી સંજીવની




જડીબુટ્ટી લઈને આવ્યા હતા. તેવી જ રીતે દિલ્હીમાં સરકાર બન્યા બાદ દિલ્હી સરકાર વૃદ્ધો માટે સંજીવની યોજના લાવશે. જેમાં મફત સારવાર થશે. કોઈ મર્યાદા કે શ્રેણી નથી. દિલ્હીમાં ૬૦ વર્ષથી વધુ ઉંમરના તમામ વૃદ્ધોને આ યોજનાનો લાભ મળશે. યોજનાના લાભો મેળવવા માટે કોઈ મર્યાદા રહેશે નહીં. કેજરીવાલે કહ્યું કે સરકાર બનતા જ તેઓ તમારા માટે આ સ્કીમ લાવશે. રજીસ્ટ્રેશન ટૂંક સમયમાં તમારા ઘરે શરૂ થશે. તમે બસ તમારા આશીર્વાદ રાખો.

# “જો તેઓ આપણા પર વેરો નાંખશે તો આપણે એમના પર વેરા નાંખીશું” : ડોનાલ્ડ ટ્રમ્પની ફરી ભારતને ચેતવણી

(એજન્સી) તા.૧૮

અમેરિકાના આગામી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર પારસ્પરિક ટેક્સ લાદવાની ધમકી આપી છે. મતલબ કે જો ભારત અમેરિકન ઉત્પાદનો પર સમાન ટેક્સ લાદશે તો હવે ટ્રમ્પ ભારતીય ઉત્પાદનો પર પણ સમાન ટેક્સ લગાવવાની વાત કરી રહ્યા છે. તેમણે અમુક અમેરિકન ઉત્પાદનોની આયાત પર ભારત દ્વારા લાદવામાં આવેલા “ઉચ્ચ ટેરિફ” ના જવાબમાં પારસ્પરિક ટેરિફ લાદવાના તેમના ઈરાદાનો પુનરોચ્ચાર કર્યો.ડોનાલ્ડ ટ્રમ્પ જ્યારે મીડિયા સાથે વાત કરી રહ્યા હતા ત્યારે તેમણે કહ્યું હતું કે, “જો તેઓ અમારા પર ટેક્સ લગાવે છે, તો અમે તેમના પર સમાન ટેક્સ લગાવીશું. તેમણે કહ્યું કે “તેઓ અમારા પર ટેક્સ લગાવે છે, લગભગ તમામ કેસોમાં, તેઓ અમારા પર ટેક્સ લગાવે છે, અને અમે તેમના પર ટેક્સ લગાવતા નથી,” અમેરિકાના આગામી પ્રમુખ ટ્રમ્પે ચીન સાથે સંભવિત વેપાર



કરાર અંગેના પ્રશ્નનો જવાબ આપતાં આ ટિપ્પણી કરી હતી. ટ્રમ્પે કહ્યું કે, ભારત અને બ્રાઝિલ એવા દેશોમાં સામેલ છે જે કેટલાક અમેરિકન ઉત્પાદનો પર ઉંચી ટેરિફ લાદે છે.

# શરદ પવાર મહારાષ્ટ્રના બે ખેડૂતો સાથે PM મોદીને મળ્યા

(એજન્સી) તા.૧૮

દેશમાં ચાલી રહેલા કિસાન આંદોલન વચ્ચે શરદ પવારે કેટલાક ખેડૂતો સાથે આજે સંસદ ભવનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી છે. આ દરમિયાન તેમણે ખેડૂતો સાથે સબંધિત મુદ્દા પર ચર્ચા કરી હતી. મુલાકાત દરમિયાન શરદ પવાર સાથે સતારા અને ફલ્તાનના દાડમના બે ખેડૂતો પણ હતા. પવારે જણાવ્યું કે, પીએમ મોદી સાથે મારી આ મુલાકાત ખેડૂતોના દાડમના ફળ મુદ્દે હતી. તેમણે પીએમ મોદી સાથે કોઈ પ્રકારની રાજનીતિક ચર્ચા નથી કરી. આ દરમિયાન તેમણે પીએમ મોદીને દાડમ પણ ભેટ કર્યા હતા. શરદ પવાર અને પીએમ મોદીની આ મુલાકાત એવા સમયે થઈ છે જ્યારે ખેડૂતો ફરી એક વખત રસ્તા પર ઉતર્યા છે. MSPની લીગલ ગેરંટી સહિતની અનેક માગણીઓને લઈને ખેડૂતો ફરી વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. ગત વર્ષે મહારાષ્ટ્રના પુણેમાં પીએમ મોદી અને શરદ પવારની મુલાકાત થઈ હતી. ત્યારે એક



કાર્યક્રમમાં પીએમ મોદી અને શરદ પવારે મંચ શેર કર્યો હતો. તે કાર્યક્રમમાં પીએમ મોદીનું સન્માન કરવામાં આવ્યું હતું. આ મુલાકાત પર રાજનીતિ પણ ખૂબ થઈ હતી. NCPમાં ભંગાણ બાદ મોદી અને પવારની આ પહેલી મુલાકાત હતી.

# ૨૦૨૫થી NCERT પાઠ્યપુસ્તકોની કિંમત ઓછી થશે : ધર્મેન્દ્ર પ્રધાન

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮

કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને મંગળવારના રોજ જાહેરાત કરી હતી કે કેટલાક વર્ગો માટે NCERT પાઠ્યપુસ્તકો આવતાં વર્ષથી ઓછા કિંમતના મળશે. તેમણે જણાવ્યું હતું, નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (NCERT), જે હાલમાં વર્ષે પાંચ કરોડ પાઠ્યપુસ્તકો છાપે છે, તે આગામી વર્ષથી ક્ષમતા વધારીને ૧૫ કરોડ કરવા માટે કામ કરી રહી છે. મંત્રીએ કહ્યું કે, નવા પાઠ્યપુસ્તકો, ધોરણ ૯-૧૨ માટેના અપડેટ કરેલ અભ્યાસક્રમ મુજબ, ૨૦૨૬-૨૦૨૭ના શૈક્ષણિક સત્રથી ઉપલબ્ધ થશે. પ્રધાને પત્રકારોને જણાવ્યું હતું, આગામી શૈક્ષણિક વર્ષમાં, NCERT ૧૫ કરોડ ગુણવત્તાયુક્ત અને સસ્તું પુસ્તકો પ્રકાશિત કરશે. હાલમાં, તે લગભગ પાંચ કરોડ પાઠ્યપુસ્તકો પ્રકાશિત કરશે. અગાઉ, પાઠ્યપુસ્તકોની માંગ અને પુરવઠા અંગે ચિંતા હતી. જો કે, હવે તેનું નિરાકરણ કરવામાં આવશે. પુસ્તકોના પ્રિન્ટિંગનું પ્રમાણ વધુ હોવાથી કેટલાક વર્ગો માટે પાઠ્યપુસ્તકોના ભાવમાં ઘટાડો કરવામાં આવશે. જો કે, માતા-પિતા પર કોઈ નાણાંકીય બોજ ન પડે તેની ખાતરી કરવા માટે કોઈપણ વર્ગ માટે કિંમતમાં વધારો કરવામાં આવશે નહીં. મંત્રીએ કહ્યું કે, નવા રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક નવા પાઠ્યપુસ્તકો ૧૫ માંથી ૭ ગ્રેડ માટે ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે, જેમાં આગામી શૈક્ષણિક વર્ષમાં વધુ ચાર ગ્રેડ માટે પાઠયપુસ્તકો બહાર આવશે. કલા, શારીરિક શિક્ષણ અને સુખાકારી (વર્ગ ૩-૮) અને વ્યવસાયિક શિક્ષણ (વર્ગ ૬-૮) માટે પાઠયપુસ્તકો તમામ અનુસૂચિત ભારતીય ભાષાઓમાં પાઠ્યપુસ્તકો તૈયાર કરવામાં આવી રહી છે અને તેને ઓનલાઈન પ્લેટફોર્મ દ્વારા સુલભ બનાવવામાં આવી રહી છે. પ્રધાને જણાવ્યું હતું કે, સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) સાથે સંલગ્ન શાળાઓની સંખ્યા બમણીથી વધુ છે, જે ૨૦૧૪માં ૧૪,૯૭૪થી વધીને ૨૦૨૫માં ૩૦,૪૧૫ થઈ ગઈ છે. એડમિશન, ટ્રાન્સફર અને CBSE એફિલિએશન પ્રક્રિયાઓ હવે સંપૂર્ણપણે ઓનલાઈન છે. કેન્દ્રીય વિદ્યાલય, નવોદય વિદ્યાલય અને CBSE ૧૦૦ ટકા ઈ-ઓફિસ પ્લેટફોર્મ પર કાર્યરત છે. વ્યાવસાયિક અભ્યાસક્રમો ઓફર કરતી શાળાઓ ૨૦૧૪માં ૯૬૦થી વધીને ૨૯૩,૨૪૨ વિદ્યાર્થીઓની નોંધણી થઈ છે. કૌશલ્ય શિક્ષણ ૨૦૧૪માં ૫૮,૭૨૦થી ૨૦૨૪માં ૩૦.૮ લાખ સુધી વધ્યું છે.

### બોરસદ પાલિકા દબાણો હટાવ કામગીરી સામે લોકોમાં રોષ

# બોરસદની આણંદ ચોકડી પાસે બે કોમ્પ્લેક્ષની બહાર કરાયેલા ગેરકાયદે દબાણો દૂર કરાયા

## દબાણકર્તાઓએ પોલીસની હાજરીમાં પાલિકાના કર્મચારીઓની ટીમ સામે પડી કામગીરી અટકાવી

(સંવાદદાતા દ્વારા)
આણંદ, તા.૧૮

બોરસદ નગરપાલિકા હદ વિસ્તારમાં ખડકાયેલા દબાણોને સ્વેચ્છાએ દૂર કરવા માટે પાલિકા તંત્ર દ્વારા અનેક નોટીસો આપ્યા બાદ પણ દબાણકર્તાઓ દ્વારા દબાણો દૂર કરવામાં આવ્યા નથી. જેને લઈ પાલિકા દ્વારા ગત માસથી દબાણો દૂર કરવાની કાર્યવાહી આરંભી હતી પરંતુ અમુક ચોક્કસ દબાણો દૂર કર્યા બાદ પાલિકાએ દબાણ હટાવ અભિયાન બંધ કરી દીધું હતું જેને લઈ પાલિકાના ચીફ ઓફિસર સામે સવાલો ઉભા થયા હતા.ત્યારે પાલિકા દ્વારા શહેરના અન્ય વિસ્તારના દબાણો દૂર કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. જેમાં બપોરે પાલિકાની ટીમ પોલીસ બંદોબસ્ત સાથે આણંદ ચોકડી નજીક આવેલ ભાઈશ્રી મોલ અને અક્ષર મોલ કોમ્પ્લેક્ષના દબાણો દૂર કરવા પહોંચ્યું હતું. જેમાં બન્ને મોલના સંચાલકો દ્વારા મોલની બહાર મુખ્ય માર્ગ પર ગેરકાયદેસર હોર્ડિંગ અને મોટા બોર્ડ લગાવી દીધા હતા તેમજ માર્ગ સુધી આરસીસી કરી દીધેલ હતું. જેને લઈ મુખ્ય માર્ગ ઉપરથી પસાર થતા વાહનચાલકોને અડચણ ઉભી થતી હતી જેને લઈ પાલિકા દ્વારા અગાઉ નોટિસ આપીને સ્વેચ્છાએ દબાણો દૂર કરવા જણાવેલ પરંતુ દબાણકર્તાઓ દ્વારા દબાણો દૂર કરવામાં આવ્યા ન હતા ત્યારે આજે પાલિકા ટીમ જેસીબી મશીન સાથે ત્રાટકી હતી અને બન્ને મોલની બહાર રસ્તા પર ગેરકાયદેસર લગાવેલ મોટા બેનરો અને હોર્ડિંગને દૂર કર્યા હતા તેમજ માર્ગ સુધી બનાવેલ આરસીસીને પણ તોડી પાડવામાં આવ્યો હતો. બપોરે ૨:૩૦ કલાકથી દબાણો દૂર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી પરંતુ માત્ર ૧૦૦ મીટરના દબાણોને દૂર કરતા કરતા સાંજના ૬:૩૦ થઈ ગયા હતા અને માત્ર ૧૦૦ મીટર જ દબાણો દૂર કરવામાં આવ્યા હતા અન્ય દબાણો હટાવવાની કામગીરી બાકી રહી ગઈ હતી.



(તસવીર : બુરહાન પઠાણ, આણંદ)

### દબાણ હટાવવાના સમયે પાલિકાના ચીફ ઓફિસર રફુચક્કર થઈ ગયા

બોરસદ પાલિકા દ્વારા મંગળવારે બપોરે દબાણ હટાવવાની શરૂઆત કરવામાં આવી હતી જેમાં પાલિકાના ચીફ ઓફિસર વિરાજ શાહ શરૂઆતમાં માર્ગ પરના ઝાડી ઝાખરા દૂર કરતા સમયે હાજર રહ્યા હતા પરંતુ જેસીબી મશીન અક્ષર મોલ પાસે પહોંચતા જ ચીફ ઓફિસર કામગીરી પાલિકાના કર્મચારીઓ પર ઢોળીને રફુચક્કર થઈ ગયા હતા. દબાણ તોડતા સમયે કોમ્પ્લેક્ષના સંચાલક દ્વારા પાલિકાના કર્મચારીઓ સાથે પોલીસની હાજરીમાં દાદાગીરી કરીને કામગીરી અટકાવી દીધી હતી અને જેસીબી મશીન બંધ કરાવી દીધું હતું.ત્યારબાદ પાલિકાના ચીફ ઓફિસરને ફોન કરી બોલાવવામાં આવ્યા હતા તે આવ્યા બાદ કામગીરી શરૂ કરવામાં આવી હતી ત્યારે પણ પાલિકાના ચીફ ઓફિસર સાથે દબાણકર્તાને ચકમક ઝરી હતી. થોડીવાર બાદ ચીફ ઓફિસર ફરી સ્થળ પરથી ગાયબ થઈ જતા ફરી દબાણકર્તાએ દબાણો તોડવાની ના પાડીને કામગીરી અટકાવી દીધી હતી. થોડીવાર બાદ પાલિકાના એન્જીનીયર આવતા કામગીરી શરૂ કરવામાં આવી હતી અને દબાણો દૂર કરવામાં આવ્યા હતા. ત્યારે દબાણ હટાવવાના સમયે બોલાચાલી અને વાત વણસે તેવી સ્થિતિ હોવા છતાં પાલિકાના ચીફ ઓફિસર સ્થળ પરથી નૌ દો ગ્યારહ થઈ જતા પાલિકાના કર્મચારીઓમાં પણ છૂપો રોષ જોવા મળ્યો હતો.

### પાલિકાની બેધારી નીતિને લઈ સ્થાનિકોમાં આક્રોશ ફેલાયો

બોરસદ પાલિકા દ્વારા દબાણકર્તાઓને નોટિસ આપ્યા બાદ પણ દબાણો દૂર કરવામાં ન આવે તો ગરીબ લારીચાલકોની લારીઓ, ગલ્લા, ઝુપડાના પતરા સહિતનો લોખંડનો માલસામાન કબજે કરીને તેને લઈ જવામાં આવે છે. ત્યારે અક્ષર મોલ પાસે પાલિકાએ નોટિસ આપ્યા બાદ પોતાના ખર્ચે મોટા મોટા હોર્ડિંગ અને બેનરો દૂર કર્યા હતા જેની મોટી લોખંડની એંગલો સહિતના સામાનને ત્યાં જ રહેવા દીધો હતો અને પાલિકાની ટીમ પરત આવી ગઈ હતી. ત્યારે પાલિકાની ગરીબ લોકો પર તાનાશાહી અને મોલ ધરાવતા સંચાલકો સામે નમતું જોખવાની બેધારી નીતિને લઈ સ્થાનિક લોકોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે.આ બાબતે ચીફ ઓફિસર વિરાજ શાહનો ટેલિફોનિક સંપર્ક કરતા તેઓએ કોઈ રીપ્લાય આપ્યો ન હતો

### 'અર્ધ બંધ પદ્મ પશ્ચિમોત્તાનાસન' કરી યુવતીએ સિધ્ધિ મેળવી

# નડિયાદની ટ્વિન્કલ આચાર્યએ સતત ૧૭ મિનિટ ૧૪ સેકંડ સુધી આસન કરી વર્લ્ડ રેકોર્ડ સર્જ્યો

નડિયાદ, તા.૧૮

નડિયાદની ૨૮ વર્ષિય યુવતીએ સતત ૫મી વખત યોગાસનમાં વિશ્વ રેકોર્ડ સર્જ્યો છે. તેણીએ 'અર્ધ બંધ પદ્મ પશ્ચિમોત્તાનાસન' સતત ૧૭ મિનિટ ૧૪ સેકંડ સુધી ટકાવી રાખી પાંચમી વખત વિશ્વ રેકોર્ડ સર્જ્યો છે.નડિયાદમાં કપડવંજ રોડ પર નિર્મલ નગર એ-૩માં રહેતી ટવીક્કલ હિતેશભાઈ આચાર્ય હાલ એસ્ટ્રોલોજી એન્ડ યોગ પર રિસર્ચ કરી રહી છે. તેણીએ તાજેતરમાં ૨ સપ્ટેમ્બરના રોજ યોગાશ્રમ,ઓમ કારેશ્વર મંદિર ખાતે આસનોમાં કઠિન ગણાતું આસન 'અર્ધ બંધ પદ્મ પશ્ચિમોત્તાનાસન' સતત ૧૭ મિનિટ ૧૪ સેકંડ સુધી ટકાવી રાખી પાંચમી વખત વિશ્વ રેકોર્ડ સર્જ્યો છે. ટવીક્કલે ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડમાં નામ નોંધાવતા સ્થાન અપાયું છે. આ અગાઉ પણ ટવીક્કલ આચાર્યએ ૨૭ માર્ચ ૨૦૨૨ના રોજ સંતરામ મંદિર નડિયાદમાં 'પિંડાસનયુક્તા સર્વાંગઆસન' સતત ૧૧ મિનિટ સુધી ટકાવી રાખી ઈન્ટરનેશનલ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો. ૨૧ જુન ૨૦૨૨ના રોજ 'મરિચ્યાસના'માં સતત ૯ મિનિટ ૧૫ સેકંડ સુધી આસન ટકાવી રાખી બીજી વખત વિશ્વ રેકોર્ડ બનાવ્યો હતો અને ઈન્ટરનેશનલ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં ફરીથી સ્થાન મેળવ્યું હતું. યોગાસનમા કુલ ૫ રેકોર્ડ ટવીક્કલે પોતાના નામે કરી નડિયાદનુ નામ રોશન કર્યું છે. મહત્વનુ છે કે, ટવીક્કલ યોગ સાથે છેલ્લા ૩-૪ વર્ષથી જોડાયેલી છે અને ખુબજ ઓછા સમયમાં ગાળામાં ૫ રેકોર્ડ બનાવ્યા છે.






### પોણા બે વર્ષ અગાઉનો બનાવ

# કપડવંજ પોલીસ સ્ટેશનના ASI અને કોન્સ્ટેબલ સામે પોણા ચાર લાખની લાંચ માંગવા બદલ ફરિયાદ

નડિયાદ, તા.૧૮

કપડવંજ શહેર પોલીસ મથકમાં વર્ષ ૨૦૨૩માં ફરજ બજાવતા એ.એસ.આઈ અને. કોન્સટેબલ એસીબીના આમાંથી છાકટામાં ઝડપાયા ન હતા જોકે ત્યાર પછી એસીબીએ હાથ ધરેલ તપાસમાં પુરાવા મળતા બંને પોલીસ કર્મચારી વિરૂદ્ધ લાંચની ફરિયાદ નોંધવામાં આવી છે

નડિયાદ એસીબીએ આ મામલે તપાસનો સિલસિલો શરૂ કર્યો હતો. દરમિયાન એસીબી પોલીસને એએસઆઈ ધીરા પગી અને પો.કો. પ્રવીણ સોલંકીએ મહિલા સાથે લાંચની લેતી-દેતી સબંધે હેતુલક્ષી વાતચીત કરી હોવાના દસ્તાવેજી પુરાવા તથા વૈજ્ઞાનીક તથા સાંયોગિક પુરાવા મળ્યા હતા. જેના પગલે ગઈકાલે નડિયાદ એસીબી પોલીસ દ્વારા આ સંદર્ભે કપડવંજ શહેર પોલીસ મથકે જે તે સમયે એ.એસ.આઈ તરીકે ફરજ બજાવતા અને હાલ નિવૃત્ત ધીરા મોહન પગી અને પોકો પ્રવીણ ભારત સોલંકી વિરૂદ્ધ લાંચનો ગુનો દાખલ કર્યો છે.

### ઝઘડિયાના દુષ્કર્મ પીડિત બાળાના પરિવારજનોની ઝારખંડના મહિલા મંત્રીએ મુલાકાત લીધી

# નરાધમના પાશવી બળાત્કારનો ભોગ બનેલ બાળાને વધુ સારવાર માટે લઈ જવા ઝારખંડ સરકારની તૈયારી

## ઝારખંડ સરકાર તરફથી બાળાના પરિવારને ૪ લાખની સહાય : આરોપીને સખતમાં સખત સજા મળે તેવી પંચાયતી રાજ્યમંત્રી દીપિકા પાંડેની માંગ



### 'રાજકારણથી દૂર રહી બાળકીને સારવાર માટે તેના પર ધ્યાન આપવું જોઈએ'

મહિલા મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં જો પ્રવાસી મજૂરો સાથે આ પ્રકારની ઘટના બનતી હોય તો ગુજરાત સરકારે જોવું જોઈએ. ઝારખંડના મજૂરો જો અહીંથી જતા રહેશે તો ગુજરાતના ઉદ્યોગો ઠપ્પ થઈ જશે.

આવી ઘટનામાં રાજકારણથી દૂર રહી બાળકીને સારી સારવાર કઈ રીતે મળે તેના પર ધ્યાન આપવું પડશે. દુષ્કર્મ પીડિતાને વડોદરામાં બેસ્ટ સારવાર મળશે- સુપ્રિટેન્ડેન્ટ

વડોદરાની સયાજી હોસ્પિટલના RMO ડો. હિતેન્દ્ર ચૌહાણે જણાવ્યું હતુ કે, બાળકીની સ્થિતિ ગંભીર ગણી શકાય, તેની તબિયતમાં સુધારો છે. નિષ્ણાત તબીબો યોગ્ય ધ્યાન આપી રહ્યા છે તેને બેસ્ટ સારવાર મળશે.

ઝઘડિયામાં નરાધમ દ્વારા બાળકી પર દુષ્કર્મ આચર્યા બાદ જે રીતે ક્રૂરતા આચરવામાં આવી છે તેના કારણે ગંભીર ઈજાઓ પહોંચી છે. RMOએ કહ્યું હતું કે, બાળકીને સર્જિકલ ઓપરેશન થિયેટરમાં શિફ્ટિંગ કરવામાં આવશે. જ્યાં તમામ વિભાગના તબીબોનો અભિપ્રાય મેળવી સર્જરી અંગે નિર્ણય લેવામાં આવશે. હાલ કોઈ તબીબને અન્ય સેન્ટરમાંથી બોલાવાયા નથી. જરૂર પડશે તો મદદ લેવાશે.

### ઝારખંડ સરકાર તરફથી ચાર લાખની સહાય

ઝારખંડના પંચાયતી રાજ મંત્રી દીપિકા પાંડે સિંહે વધુમાં જણાવ્યું હતું કે, ઝારખંડ સરકારે ત્રણ સભ્યોની ટીમ મોકલી છે. બાળકીને સારી સારવાર મળે તે માટે ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેને અમને અહીં મોકલ્યા છે. ઝારખંડ સરકાર તરફથી બાળકીના પરિવારને ચાર લાખની સહાય કરવામાં આવી છે. બાળકીને અહીથી એર લિફ્ટ કરીને અન્ય રાજ્યમાં સારવાર જોઈતી હોય તો પણ અમારી તૈયારી છે. આરોપીઓને સખતમાં સખત સજા મળે તેવી અમારી માંગ છે. આરોપી પણ ઝારખંડનો છે પણ આરોપી કોઈપણ હોય સજા મળવી જોઈએ.

અંકલેશ્વર, તા.૧૮

ઝઘડિયામાં ૧૦ વર્ષીય બાળકી પર એક મહિનામાં બબ્બે વાર દુષ્કર્મ આચરી નરાધમ દ્વારા રાક્ષસી કૃત્ય આચર્યાની ઘટનાના ગુજરાત સહિત દેશભરમાં પડઘા પડ્યા છે. ઝારખંડ સરકારમાં ગ્રામીણ વિકાસ અને પંચાયતી રાજ મંત્રી આ મામલાને લઈ આજે વડોદરા આવી પહોંચ્યા હતા. વડોદરા સિવિલમાં બાળકીના પરિવારજનો સાથે મુલાકાત કરી સ્થિતિ જાણી હતી. સાથે કહ્યું હતું કે, બાળકીની હાલત નાજુક છે. જો તેની સારવાર માટે હાયર સેન્ટરમાં લઈ જવાની જરૂર હશે તો ઝારખંડ સરકાર લઈ જવા માટે તૈયાર છે. તો બીજી તરફ હોસ્પિટલના RMOએ કહ્યું હતું કે, બાળકીને અહીં બેસ્ટ સારવાર મળી રહી છે. જરૂર પડે તો સર્જરી અંગે નિર્ણય કરાશે. ઝારખંડના મંત્રીની વડોદરા મુલાકાત અંગે આરોગ્યમંત્રીએ કહ્યું હતું કે, ઝારખંડની ટીમ અહીંથી ખુશ થઈને ગઈ છે. કોઈને રાજકીય મુદ્દો ઉભો કરવો હોય તો કરી શકે, કોંગ્રેસ પાસે બીજો કોઈ મુદ્દો નથી.

ઝઘડિયામાં દુષ્કર્મનો ભોગ બનેલી ૧૦ વર્ષીય બાળકીની હાલ વડોદરાની SSG હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. જેના ખબરઅંતર પૂછવા માટે ઝારખંડ સરકારમાં કોંગ્રેસના મંત્રી દીપિકા પાંડે સિંહ અન્ય મહિલા અધિકારીઓ સાથે આવી પહોંચ્યા હતા. દુષ્કર્મ પીડિતા, તેનાં પરિવારજનો અને તબીબો સાથે મુલાકાત કરી હતી.

### અમરેલીના રહેણાક વિસ્તારમાં ચાલતા સ્પા સેન્ટર પર જનતા રેડ : બોર્ડ તોડી બાળી નાંખ્યા

## રેસિડન્સીની સામે ચાલતી હોટલમાં પણ જનતા રેડ, ચાર કપલ ઝડપાયા

અમરેલી, તા.૧૮

અમરેલીના કેરીયા રોડ ઉપર આવેલ અયોધ્યા રેસીડેન્સીના રહીશોએ કોમ્પ્લેક્સમાં ચાલતા ગેરકાયદેસર સ્પા બોડી મસાજ સેન્ટરો બંધ કરાવી તેમજ બોર્ડ તોડી બાળી નાંખ્યા હતા અને આ રેસિડેન્સીની સામે આવેલ રાજકીય અગ્રણીના સંબંધીની ફોર્ચ્યુન હોટલમાં ગેરકાયદેસર થતી પ્રવૃત્તિઓ પર જનતા રેડ કરવામાં આવી હતી જેમાં પુખ્ત વયના કપલોને પણ રંગે હાથ ઝડપી પાડ્યા હતા હોટલ સંચાલક સામે હોટલની પરમિશન તેમજ પથિક વેબસાઈટ પર ગ્રાહકોની માહિતીઓ અપડેટ કરે છે કે નહીં તે અંગે પોલીસે તપાસ હાથ ધરી કાર્યવાહી શરૂ કરેલ હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર અમરેલીના કેરીયા રોડ ચોકડી પાસે આવેલ અયોધ્યા રેસીડેન્સીના રહેવાસીઓએ આ રેસિડેન્સીમાં ગેરકાયદેસર રીતે ચાલતા છથી આઠ જેટલા સ્પા સેન્ટરોના બોર્ડ પાટિયા તોડી બાળી નાંખ્યા હતા અને હવે પછી અહીં ક્યારેય સ્પા સેન્ટર ખુલવા ના જ જોઈએ તેવી સ્પા ચલાવતા સંચાલકોને સૂચના મહિલાઓએ આપી હતી અહીં રેસીડેન્સિયલ કોમ્પ્લેક્સ હોય તેમ છતાં ગેરકાયદેસર રીતે ઉપરના માળે છથી આઠ જેટલા સ્પા સેન્ટરો ગેરકાયદેસર શરૂ કરવામાં આવ્યા હતા જેના કારણે અહીંની રહેવાસી મહિલાઓને શરમનો અનુભવ કરવો પડી રહ્યો હતો આ સ્પા સેન્ટરથી કંટાળી આજે આ ગેરકાયદેસર સ્પા સેન્ટરોની દુકાનો બંધ કરાવી હતી અને બોર્ડ પાટીયા સળગાવી નાખ્યા હતા. તેમજ આ રેસીડેન્સીની એકદમ સામે જ આવેલ એક રાજકીય આગેવાનના સંબંધીની ફોર્ચ્યુન હોટલમાં પણ યુવક યુવતીઓ અહીં આવતા હોય અને આ હોટલમાં પણ ગેર પ્રવૃતિઓ થતી હોવાના કારણે આ મહિલાઓએ જનતા રેડ પાડી આ હોટલમાંથી ત્રણથી ચાર જેટલા કપલને પકડી પાડ્યા હતા પરંતુ આ કપલ પોતાની સહમતી મંજૂરી અને પુખ્ત વયના હોવાથી પોલીસે આ કપલની સુરક્ષા પૂરી પાડી હતી અને જવા દીધા હતા પરંતુ આ હોટલ અને સ્પા સામે કાયમી પણે બંધ કરવા અને કાર્યવાહી કરવા રહેવાસીઓએ અમરેલી એસપી સંજય ખરાતને રજૂઆત કરી હતી એસ.પી. સંજય ખરાતે પણ સ્પા સેન્ટરને કાયમી ધોરણે પોલીસ દ્વારા બંધ કરી દેવામાં આવશે તેવી ખાતરી આપી હતી.

### ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને સંગઠનનાં હોદ્દેદારો સામ-સામે

# વડોદરાના વોર્ડ અને બુથ પ્રમુખોની ભાંજગડ પ્રદેશ કક્ષા સુધી પહોંચી

(સંવાદદાતા દ્વારા)વડોદરા, તા.૧૮

વડોદરા શહેર ભાજપમાં વોર્ડ અને બુથ પ્રમુખોની પસંદગી માટે બે નિરીક્ષકો આવ્યા હતા. તેઓએ વિધાનસભા મતવિસ્તાર પ્રમાણે આગેવાનો, ચૂંટાયેલા પ્રતિનિધિ, સંગઠનના હોદ્દેદારો પાસેથી નામો માગ્યા હતા. જેથી અનેક વોર્ડમાં નામોના મુદ્દે વિવાદો સર્જાતા રહ્યા હતા. જેમાં કેટલાક તો નામચીન અને પોલીસ કેસ થયા હોય તેવા કાર્યકર્તાઓના નામો રજૂ કરતા કાર્યકર્તાઓમાં ચર્ચાનો વિષય બન્યો હતો. સયાજીગંજ વિધાનસભા મતવિસ્તારની બેઠકમાં સંગઠન અને પૂર્વ, હાલના ચૂંટાયેલા પ્રતિનિધિઓ નામોના મુદ્દે આમને સામને આવી ગયા હતા અને ભાજપની ભાંજગડ નિરીક્ષકો સમક્ષ ખુલ્લી પડી હતી. સયાજીગંજ વિસ્તારમાં એક આગેવાને ભૂતકાળમાં જેની સામે પોલીસ કેસ થયા હોય કે પછી અન્ય કોઈ કૌભાંડમાં સંડોવાયેલા હોય તેવા નામો રજૂ કરતા વિવાદ થયો હતો. રાવપુરા વિધાનસભા મતવિસ્તારમાં પૂર્વ મંત્રીની ફેન કલબના કેટલાક બુથ પ્રમુખોએ કેતન દરજી નામ રજૂ કરી નહી તો તમારી મરજી કહી નામ નક્કી કરવા રજૂઆત કરી હતી. ત્યારે વોર્ડ નંબર-૧૪માં હાલના ધારાસભ્યના ટેકેદારનું નામ રજૂ કરી ફોર્મ પણ ભરાવવામાં આવ્યું પરંતુ પાછળથી અન્ય એક કાર્યકર્તાનું નામ નક્કી કરવાનું દબાણ આવતા તે કાર્યકર્તાનું ફોર્મ પરત ખેંચાવી લીધું હતું. ચાર દરવાજા વિસ્તારના પૂર્વ મંત્રીના અંગત ગણાતા અને તેને કારણે બદનામ થયેલા એવા એક કાર્યકર્તાએ ફોર્મ ભર્યું હતું તે રદ થયું હતું. માંજલપુર વિધાનસભામાં વોર્ડ નંબર-૧૯માં ચૂંટાયેલા પ્રતિનિધિએ જે નામ મુક્યુ હતું તેની સામે સંગઠનમાંથી અન્ય કાર્યકર્તાનું નામ મુકવામાં આવતા વિવાદ સર્જાયો હતો. જેમાં ધારાસભ્યએ સ્પષ્ટ જણાવી દીધુ હતું કે, સંગઠન તરફથી જે નામ મુકાયુ છે તેણે કોઈ કામ કર્યું નથી જેથી તેનું નામ મુકશો નહીં. વોર્ડ નંબર-૧૭-૧૮માં પણ ચૂંટાયેલા પ્રતિનિધિઓએ જે નામો મુક્યા હતા. તેમાં પણ વિવાદ સર્જાયા હતા. તેજ પ્રમાણે અકોટા વિધાનસભામાં વિસ્તારમાં વોર્ડ નંબર-૧૦માં પૂર્વ કોર્પોરેટરના પરિવારના સભ્ય હાલ હોદ્દો ધરાવે છે તેઓનું નામ રજુ કર્યુ તેની સામે સંગઠન તરફથી અન્ય કાર્યકર્તાનું નામ રજુ થતા વિવાદ સર્જાતા ત્રીજા કાર્યકર્તાનું નામ મુકવામાં આવ્યું હતુ.

### ભરૂચ-અંકલેશ્વરને જોડતા કેબલ બ્રિજ પર ટોલટેક્સ ઉઘરાવવા મુદ્દે બસ સંચાલકો અને લોકલ ટ્રાન્સપોર્ટરોએ ચક્કાજામ કર્યો

ભરૂચ, તા.૧૮

ભરૂચ-અંકલેશ્વરને જોડતા અને વર્ષ ૨૦૧૭માં ખુલ્લો મુકાયેલા કેબલ બ્રિજ પર આજે ફરીએકવાર સ્થાનિક (ભરૂચ પાર્સિંગ) વાહનો પાસે ટોલ ટેક્સ ઉઘરાવવા મુદ્દે વિવાદ સર્જાયો હતો.બસ સંચાલકો અને લોકલ ટ્રાન્સપોર્ટરો એ ટોલનાકા પર ચક્કાજામ કરી ટોલનાકાના સંચાલકોની શાન ઠેકાણે લાવવા પ્રયાસ કર્યો હતો. ભરૂચ જિલ્લાના અલગ-અલગ ઔદ્યોગિક વસાહતમાં કામદારોને અવરજવર માટે લોકલ ટ્રાન્સપોર્ટની બસ હાઈવેના માર્ગનો ઉપયોગ કરે છે ત્યારે તેમની પાસેથી પણ રોજનો ટોલ વસુલાત કરાતા હવે લોકલ ટ્રાન્સપોર્ટરે ટોલ સંચાલકોની શાન ઠેકાણે લાવવા વિરોધ નોંધાવી મુલદ ટોલ પ્લાઝા પર પોતાની લકઝરી વાહનો લગાવી દેતા તેમની પાછળ વાહનોની લાઈનો લાગી જતાં લોકો ટ્રાફીકમાં ફસાયા હતા. આ ઘટનામાં સ્થાનિક પોલીસ અને ટોલ અધિકારીઓ પણ દોડતા થયા છે.

### મહેમદાવાદ : છાપરા ગામ નજીક બે બાઈક વચ્ચે અકસ્માત એકનું મોત

નડિયાદ, તા.૧૮

ખેડા તાલુકાના વાસણા ખુર્દ ગામમાં રહેતા રણજીતભાઈ રાવજીભાઈ ચૌહાણ ઉંમર વર્ષ ૩૨ અને ગામ સ્થિત મિત્ર હેમાભાઈ શનાભાઈ ગોહિલ ગત તારીખ ૧૫ ડિસેમ્બરના રોજ સાંજના બાઈક ઉપર હેમાભાઈ ટ્રેક્ટર માટે સ્પીકર લેવા માટે મહેમદાવાદ ગયા હતા બાઈક મહેમદાબાદના છાપરા ગામ પાસે નોલેજ સ્કૂલ સામે રોડ પર પસાર થતું હતું ત્યારે રોડ પર સામેથી પૂરપાટ આવતા બાઈક તેમના બાઈકને જોરદાર ટક્કર મારી હતી જેને લઈ બાઈક સહિત રોડ પર પટકાવવાથી ચાલક હેમા ભાઈ અને પાછળ બેઠેલ મિત્ર રણજીતભાઈ ગંભીર ઈજાગ્રસ્ત તથા બંનેને સારવાર અર્થે ખેડાની એક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં તેમણે સારવાર દરમિયાન દમ તોડી દીધો હતો.

### યુનિવર્સિટીમાં દારૂની મહેફિલ બાદ પ્રદર્શન કરાતા શખ્સોની અટકાયત કરાઈ હતી

# પાટણમાં ધરપકડ કરાયેલા કોંગ્રેસના ૧૦ કાર્યકરો જામીન પર મુક્ત

પાટણ, તા.૧૮

પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં દારૂની મહેફિલ કાંડ મુદ્દે પાટણના ધારાસભ્ય ડો.કિરીટ પટેલ, કોંગ્રેસ અને એન.એસ.યુ.આઈ.ના કાર્યકરો દ્વારા અપાયેલ ભૂખ હડતાલના કાર્યક્રમમાં કુલપતિને રજૂઆત કરવા છતાં કાર્યકરો અને પોલીસ વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું. જેને લઈ પાટણ બી ડિવિઝન પોલીસમથકે ધારાસભ્ય ડો. કિરીટ પટેલ, સિદ્ધપુરના પૂર્વ ધારાસભ્ય ચંદનજી ઠાકોર સહિત ૧૪ના નામજોગ અને અન્ય ૨૦૦ કાર્યકરો વિરૂદ્ધ પી.એસ.આઈ.એ ફરિયાદ નોંધાવી હતી અને ૧૦ કાર્યકરોની ધરપકડ કરી હતી જેઓને આજે મોડી સાંજે પાટણના બીજા એડીશનલ સિનિયર સિવિલ જજ યુ.એસ. કાલાણીની કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. જ્યાં બચાવપક્ષ અને સરકારી વકીલની દલીલો સાંભળી ધરપકડ કરાયેલ કોંગ્રેસના ૧૦ કાર્યકરોને જામીન પર મુક્ત કરવા હુકમ કર્યો હતો.

ઘર્ષણના આરોપસર ધરપકડ કરાયેલ કોંગ્રેસના ૧૦ કાર્યકરો જામીન મુક્ત થયા બાદ કોર્ટ પરિસરમાં તેઓના વકીલે જણાવ્યું હતું કે, પોલીસે જે મુદ્દે એફ.આઈ.આર. કરી છે. તેમાં તા.૮મી ડિસેમ્બરની રાત્રે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની હોસ્ટેલમાં બાસ્કેટ બોલના ખેલાડીઓએ દારૂની મહેફિલ માણી હતી. જે બાબતે યુનિવર્સિટી દ્વારા પણ પોલીસને જાણ કરી હતી છતાં ફરિયાદ નોંધવામાં નહીં આવતા જનપ્રતિનિધી તરીકે ધારાસભ્ય ડો. કિરીટ પટેલ અને કાર્યકરો કુલપતિને રજૂઆત કરવા જતાં પોલીસે ઘર્ષણ કર્યું છે. પોલીસ કર્મચારી ફરજ પર ન હતો તેને લાફો મારવામાં આવ્યો છે. જે બનાવમાં કલમ ૩૩૨ લાગુ પડતી નથી. પોલીસે રિમાન્ડની માગણી કરી નથી. બનાવ ૧૬ ડિસેમ્બરે બન્યા બાદના ૨૪ કલાકમાં ૩૦ મિનિટ બાકી હતી. ત્યારે પોલીસે એફ.આઈ.આર. નોંધી છે. બનાવ સમયે પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ હાજર હતા તે જ સમયે કેમ ધરપકડ કરી નહીં..! એફ.આઈ.આર. બોગસ છે. નિર્દોષ લોકોને ફસાવવામાં આવ્યા છે. આ ફરિયાદને ધારાસભ્ય હાઈકોર્ટમાં ચેલેન્જ કરશે તેમ અંતમાં જણાવ્યું હતું.

### ધાર્મિક કાર્યક્રમ

#### ડભોઈ

ડભોઈ વડોદરી ભાગોળ પાસે કોમી એકતાના પ્રતીક સમાન હજરત સૈયદ રૂકનુંદ્દીન મસ્તાન બાવાનો ઉર્સ શરીફ મનાવવામાં આવ્યો હતો. ઉર્સ શરીફ નિમિત્તે સૈયદ એપાર્ટમેન્ટ કાજીવાડા મસ્જિદ પાસેથી બાપુના ઘરેથી સંદલ શરીફ જુલૂસ કાઢવામાં આવ્યું હતું. આ જુલૂસ નાત શરીફ પઢતા પઢતા સુખિયાપીર કબ્રસ્તાન વડોદરી ભાગોળ પહોંચી બાદ દરગાહ શરીફ ઉપર ફૂલ ચાદર ચઢાવી પોતાની મનોકામના પૂર્ણ થાય તેવી પ્રાર્થના કરી હતી અને સૈયદ બાવાએ દુઆ કરી હતી.

### ફિલ્મ અભિનેતા અક્ષય કુમાર વડોદરાની મુલાકાતે




વડોદરા, તા.૧૮

દેશમાં દર મહિને ૪૪ લોકોના શોર્ટ સર્કિટ અને તેનાથી લાગતી આગના ધુમાડાના કારણે મોત થાય છે અને વાયરમાં લાગતી આગમાંથી ઉત્પન્ન થતો કાળો ધુમાડો ભારે જીવલેણ સાબિત થઈ રહ્યો છે. તેમ આજે વડોદરાની મુલાકાતે આવેલા ફિલ્મ અભિનેતા અક્ષય કુમારે જણાવ્યું હતું. ફિલ્મ અભિનેતા અક્ષય કુમારે આજરોજ આર આર કાબેલ કંપનીની અત્યાધુનિક વાઘોડિયા સુવિધાની મુલાકાત લીધી હતી.

### PMJAYમાં ગેરરીતિ મામલે મેનેજમેન્ટનો ખુલાસો

# અંકલેશ્વરની જયાબહેન મોદી હોસ્પિટલ સરકારના નિયમ મુજબ કામ કરતી હોવાનો ખુલાસો

અંકલેશ્વર, તા.૧૮

જન આરોગ્ય યોજના હેઠળ રાજયની ચાર હોસ્પિટલ સામે કાર્યવાહી બાદ અંકલેશ્વરની જયાબેન મોદી હોસ્પિટલ સામે ટ્યુમર બોર્ડના સર્ટિફિકેટ અને સિક્કાનો ગેરવહીવટ મામલે દંડ ફટકાવામાં આવ્યો હતો ત્યારે હોસ્પિટલ મેનેજમેન્ટ દ્વારા આ સમગ્ર મામલે ખુલાસો આપવામાં આવ્યો છે.ખ્યાતિકાંડ બાદ પ્રધાનમંત્રી જન આરોગ્ય-મા યોજના અંતર્ગત ગેરરીતિ આચરતી હોસ્પિટલો પર તવાઈ આવી છે. સ્ટેટ એન્ટી ફ્રોડ યુનિટે તજજ્ઞોને સાથે રાખી તપાસ હાથ ધરી હતી જેમાં રાજકોટ, ભરૂચ અને વડોદરાની હોસ્પિટલોમાં વ્યાપક પ્રમાણમાં ગેરરિતી જોવા મળી હતી. આ જોતાં વધુ બે હોસ્પિટલોને PMJAY યોજનામાંથી સસ્પેન્ડ કરી દેવાઈ હતી જ્યારે અંકલેશ્વરની જયાબેન મોદી હોસ્પિટલમાં હોસ્પિટલ તંત્ર દ્વારા ટ્યૂમર બોર્ડ સર્ટિફિકેટ (TBC)માં સહી અને સિક્કામાં ગેરરીતિ આચરીને TMS સોફટવેરમાં અપલોડ કર્યા હોવાનું ધ્યાનમાં આવ્યું હતું જેના પરિણામે હોસ્પિટલ દ્વારા આચરવામાં આવેલી ક્ષતિને ધ્યાનમાં લઈ હાલમાં પ્રી-ઓથની કુલ રૂા.૩૩,૪૪,૦૩૧નો દંડ ફટકારવામાં આવ્યો હતો. આ બાબતે હવે અંકલેશ્વરની જયાબેન મોદી હોસ્પિટલ મેનેજમેન્ટનો ખુલાસો સામે આવ્યો છે. આયુષ્યમાન પોર્ટલ પર માન્યતા પ્રાપ્ત તબીબે હોસ્પિટલમાં અચાનક જ આવવાનું બંધ કરી દીધું હતું.વચ્ચેના ૧૨ દિવસ દર્દીઓને અગવડતા ન પડે એ માટે સારવાર ચાલુ રાખવામાં આવી હતી. નવા તબીબની માન્યતા માટે અરજી કરવામાં આવી હતી હોસ્પિટલ સરકારના નિયમ મુજબ જ કામગીરી કરે છે.દર્દીઓના હિતમાં ૧૨ દિવસ સુધી લીધેલ નિર્ણયનો સરકાર સહાનુભૂતિની દૃષ્ટિએ વિચાર કરે એવો આશાવાદ વ્યક્ત કરવામાં આવ્યો છે.

### દવાથી નહીં પણ ભૂવાએ કરેલી તાંત્રિક વિધિથી સાજા થવામાં વિશ્વાસ !

# એશિયાની સૌથી મોટી ગણાતી અમદાવાદ સિવિલ હોસ્પિટલના ICUમાં પહોંચી ભૂવાએ વિધિ કરી

## હોસ્પિટલમાં કડક સુરક્ષા વચ્ચે જ્યાં નાગરિકોને પાસ વિના પ્રવેશ અપાતો નથી ત્યાં ભૂવો વીડિયો બનાવતા-બનાવતા ICU સુધી પહોંચ્યો

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧૮

આધુનિક યુગમાં પણ અંધશ્રદ્ધા લોકોનો પીછો છોડતો નથી. ડોક્ટરે કરેલી દવાથી મહીં પણ ભૂવાએ કરેલી તાંત્રિક વિધિથી સાજા થવામાં વિશ્વાસ રાખતા હોય તેવું ચિત્ર ઉપસી આવ્યું છે. એશિયાની સૌથી મોટી ગણાતી અમદાવાદની અસારવા સિવિલ હોસ્પિટલના ICU વોર્ડમાં સારવાર લઈ રહેલા દર્દી પાસે પહોંચી એક ભૂવાએ વિધિ કરી હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતાં ચકચાર મચી છે. સિવિલ હોસ્પિટલની સુરક્ષા માટે વર્ષે લાખો રૂપિયાનો ખર્ચ કરાતો હોવા છતાં ભૂવો બિનદાસ્ત ICU સુધી પહોંચી જતાં સવાલો ઊઠ્યા છે. સોશિયલ મીડિયામાં એક વીડિયો વાઈરલ થઈ રહ્યો છે, જેમાં એક ભૂવો અમદાવાદ સિવિલના ICUમાં પહોંચી અહીં સારવાર લઈ રહેલા એક દર્દીની વિધિ કરતો જોવા મળી રહ્યો છે. સિવિલ હોસ્પિટલના વાઈરલ વીડિયોને લઈને અનેક સવાલ ઊભા થઈ રહ્યા છે, કારણ કે એશિયાની સૌથી મોટી અને



સુરક્ષિત હોસ્પિટલનો દાવો કરતી સિવિલ હોસ્પિટલમાં કડક સુરક્ષા વચ્ચે જ્યાં નાગરિકોને પ્રવેશ આપવામાં આવતો નથી ત્યાં ભૂવાને પ્રવેશ આપવામાં આવ્યો હતો. આ ઉપરાંત સિવિલ હોસ્પિટલની અંદર ફોટો વીડિયો લેવા પર મનાઈ કરવામાં આવે છે. ત્યાં આ ભૂવાએ ગેટથી લઈને આઈસીયુ તરફ જતા રસ્તા પર વીડિયો ઉતારીને રીલ બનાવી છે. એટલું જ નહીં, આઈસીયુમાં વેન્ટિલેટર પર રહેલા દર્દીની બાજુમાં ઊભા રહીને પણ ભૂવાએ રીલ બનાવી છે, જેથી સિવિલ હોસ્પિટલની સિક્યોરિટી સામે પણ સવાલ ઊભા થયા છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટે વાઈરલ વીડિયો મામલે જણાવ્યું હતું કે પ્રાથમિક દૃષ્ટિએ તપાસ કરતાં આ વ્યક્તિ દર્દીનો સગો બનીને હોસ્પિટલમાં ગયો હોવાનું માલૂમ પડ્યું છે. દર્દીના સગાને જવા માટે હોસ્પિટલમાંથી પાસ આપવામાં આવે છે, એનો ઉપયોગ કરીને આ વ્યક્તિ દર્દી સુધી પહોંચી હોવાનું પ્રાથમિક તારણ છે. આઈસીયુમાં દાખલ દર્દીની સંપૂર્ણપણે સિક્યોરિટી અને ઈન્ફેક્શન ન લાગે એ પ્રમાણે કર્ટેન્સ સાથે ગોપનીયતા રાખવામાં આવે છે. આનો દુરૂપયોગ કરીને આ વ્યક્તિએ વીડિયો બનાવ્યો હોવાનું માનવું છું. વધુમાં આ વીડિયોમાં જે દર્દી બતાવવામાં આવ્યો છે તે ઓલરેડી વેન્ટિલેટર પર છે, પરંતુ તે વેન્ટિલેટરની ટ્રીટમેન્ટમાં સ્ટેપડાઉન થઈ રહ્યો છે એટલે કે સાજું થઈ રહ્યો છે, એટલે ભૂવા કે અન્ય કોઈ વિધિ, માન્યતા દ્વારા આ દર્દી સંપૂર્ણપણે સાજું થયું છે એ કહેવું અંધશ્રદ્ધાથી ભરેલું છે. દર્દીઓની સારવાર, સુરક્ષા તેમની જિંદગી બચાવવી એ જ અમારી પ્રાથમિકતા છે અને એનું સંપૂર્ણપણે ધ્યાન સિક્યોરિટી દ્વારા પણ રાખવામાં આવે છે, પરંતુ હવે દર્દીના સગા બનીને એ કોટ (ખાટલા) સુધી આ વ્યક્તિ પહોંચી છે તો તેવા કિસ્સામાં પણ હવે આગામી સમયમાં વધુ ધ્યાન રાખીને આ પ્રકારની ઘટના કોઈપણ હોસ્પિટલમાં ન બને એનું ધ્યાન રાખવામાં આવશે. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં આઈસીયુમાં તાંત્રિક વિધિનો વીડિયો વાયરલ થવા સંદર્ભે આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે કહ્યું કે, કોઈ પણ દર્દીના સગાને દાખલ કર્યા હોય તો તેને મળવાની છૂટ હોય જ છે. મેં પણ વીડિયો જોયો છે કે રાત્રે જઈ અને વિધિ કરતા હોય એમ ખ્યાલ આવ્યો છે એટલે સુપ્રિટેન્ડેન્ટ ને ફરિયાદ આપવાની સૂચના આપી છે.

### મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં યોજાયેલી કેબિનેટ બેઠકમાં લેવાયો નિર્ણય

# ગુજરાતમાં ઔદ્યોગિક વસાહતોને જમીન ફાળવણી કરવાની નીતિમાં સુધારો કરાયો

## મંત્રીમંડળની બેઠકમાં રાજ્યની પ્રવર્તમાન સ્થિતિ અંગે-ચર્ચા-વિચારણા થઈ

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૧૮

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં કેબિનેટ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં રાજ્યની પ્રવર્તમાન સ્થિતિ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આજ રોજ યોજાયેલી બેઠકમાં પીએમજેએવાય યોજના હેઠળ આવરી લેવાયેલ તમામ હોસ્પિટલ માટે નવી તૈયાર કરવામાં આવેલી એસઓપીના અમલીકરણ અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત રાજ્યમાં હાલ ચાલી રહેલી ટેકાના ભાવે મગફળી ખરીદી તેમજ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી, રેશનકાર્ડ માટે ચાલી રહેલી E-KYC પ્રક્રિયા અંતર્ગત પણ ચર્ચા કરવામાં આવી હતી. તમામ ચર્ચા સંદર્ભે પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે મીડિયા સમક્ષ માહિતી આપી હતી. પ્રવક્તા મંત્રીએ જણાવ્યું હતું કે, કેબિનેટ બેઠકમાં નિર્ણય લેવાયો છે કે ઔદ્યોગિક વિકાસ માટે દરેક તાલુકામાં નીતિ અમલી હતી. પરંતુ કેટલીક વખત એ જમીન ફાળવવાના વિષયમાં જીઆઈડીસી અને મહેસૂલ વિભાગ દ્વારા વેલ્યુએશનની કિંમત નક્કી થતી હતી. જેમાં સમય લાગતો હતો. ત્યારે હવે પહેલેથી ખબર હોય એવા ભાવે જ જમીન મળી રહે એ માટે નિર્ણય લેવાયો છે. ૨૭૮ તાલુકાને ૩ ભાગમાં વિભાજીત કર્યો છે. પછાત, મધ્યમ અને ઔદ્યોગિક વિસ્તાર નક્કી કર્યા છે. પછાત વિસ્તારમાં જંત્રીના ભાવથી મધ્યમમાં સવા ગણા અને વિકસિત વિસ્તારમાં દોઢ ગણા ભાવે જમીન મેળવવાનું નક્કી કર્યું છે. વર્ષ ૨૦૨૫ ગુજરાત અને દેશ માટે મહત્વનું છે. બંધારણના ૭૫ વર્ષની ઉજવણી અને કટોકટીના પણ ૫૦ વર્ષ પૂરા થાય છે, સરદાર પટેલ તથા ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિ, અટલ બિહારી વાજપેયીની ૧૦૦મી જન્મ જયંતિ અંતર્ગત કાર્યક્રમ યોજાશે. આ માટે કમિટી નક્કી કરી છે જે કાર્યક્રમની રૂપરેખા નક્કી કરશે. ગુજરાતમાં હાલ ગત વર્ષ કરતા ૪ ટકા પાણીનો જથ્થો વધારે છે ત્યારે શિયાળુ પાક માટે માંગ પ્રમાણે જરૂરી પાણી પૂરૂં પાડવામાં આવશે.

મોદી સ્ટેડિયમના નામ પર ફરી વિચારણા કરી શકાશે નહિ એ સવાલના જવાબમાં પ્રવક્તા મંત્રીએ કહ્યું કે, સ્ટેચ્યુ ઓફ યુનિટી દેશમાં મહત્વનું સ્થાન બની શક્યું છે. નરેન્દ્ર મોદીના નામ પર તો કદાચ એક સ્ટેડિયમનું જ નામ હશે. પીએમ મોદી દેશનું ગૌરવ છે, ગુજરાતની જનતા તો આ નામથી ખુશ છે. પીએમજેએવાય અંતર્ગત હોસ્પિટલ માટે એસઓપી અંતર્ગત થોડું કામ બાકી છે, પાંચથી સાત વર્ટિકલમાં આ કામ થાય છે જે પૂરા થાય એટલે ઝડપથી એ નક્કી કરી લેવાશે. પહેલા જ દિવસે ઘટના અંગે ખ્યાલ આવતાની સાથે જ ફરિયાદ પણ થઈ અને પોલીસ વિભાગને પૂરતી કામગીરી કરવા માટે સત્તા આપી છે. ગઈ કાલે પીએમજેએવાય કાર્ડ નકલી બનાવનાર ને પણ પકડ્યા છે. સરકારી અધિકારીઓમાં પણ જો કોઈની જવાબદારી નક્કી થશે તો તેની સામે પણ કાર્યવાહી થશે.

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં આઈસીયુમાં તાંત્રિક વિધિનો વીડિયો વાયરલ થવા સંદર્ભે પટેલે કહ્યું કે, સુપ્રિટેન્ડેન્ટને ફરિયાદ આપવાની સૂચના આપી છે. બીજી તરફ વડોદરા ખાતે દીકરી સાથે બનેલી અઘટિત ઘટનામાં હોસ્પિટલમાં પૂરતી સૂચના આપવામાં આવી છે.

### રેકેટની ઊંડાણપૂર્વક તપાસ કરવા રિમાન્ડની જરૂર : ક્રાઈમ બ્રાન્ચ

# બોગસ આયુષમાન કાર્ડ બનાવવાનું દેશવ્યાપી કૌભાંડ : આરોપીના ૩ દિવસના રિમાન્ડ મંજૂર

## નકલી કાર્ડ બનતા રોકવાની જવાબદારી સરકારની છે જે કંપનીને ટેન્ડર આપ્યું હતું તેને પણ આ કેસમાં આરોપી બનાવવી જોઈએ : કોર્ટની ટકોર

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૮

બોગસ આયુષમાન કાર્ડ બનાવવાના દેશવ્યાપી કૌભાંડના આરોપીઓના ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર થયા છે.

ખ્યાતિકાંડની તપાસ કરી રહેલી ક્રાઈમ બ્રાન્ચે દર્દીઓના બનેલા આયુષમાન કાર્ડ અંગે તપાસ કરતા અપાત્ર વ્યક્તિઓના આયુષમાન કાર્ડ બનતા હોવાનું દેશવ્યાપી કૌભાંડ ખુલ્લું પડ્યું છે. જેમાં ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડેલા ૬ આરોપીઓને અમદાવાદની મેટ્રો કોર્ટમાં ૧૪ દિવસના રિમાન્ડ માટે રજૂ કરવામાં આવ્યા હતા. રજૂઆતને અંતે મેટ્રો કોર્ટે આરોપીઓના ૩ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. આ આરોપીઓમાં અમદાવાદના નિમેશ ડોડીયા, મોહમ્મદ ફઝલ શેખ, મોહમ્મદ અશફાક શેખ, ભાવનગરના ઈમ્તિયાઝ અવેઝ અને નરેન્દ્રસિંહ ગોહિલ, જ્યારે સુરતના ઈમરાન કારીગરનો સમાવેશ થાય છે.

ક્રાઈમ બ્રાન્ચે કોર્ટ સમક્ષ રજૂઆત કરી હતી કે, ખ્યાતિ હોસ્પિટલ કાંડમાં આયુષ્માન કાર્ડ કઢાવવાની યોજનામાં વધુ તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, જે વ્યક્તિઓ આ કાર્ડ કઢાવવા માટેની પાત્રતા ધરાવતા નહોતા તેઓના પણ આયુષમાન કાર્ડ નીકળ્યા હતા. તે સંદર્ભની તપાસમાં ૧૦ જેટલા આરોપીઓના નામ સામે આવ્યા હતા. જે પૈકી ૬ આરોપીની ધરપકડ કરી લેવામાં આવી છે. ખ્યાતિ હોસ્પિટલ દ્વારા એક દર્દીને આયુષમાન કઢાવવા ૧૫૦૦થી ૨૦૦૦ રૂપિયા વસૂલવામાં આવતા હતા. સરકારી પોર્ટલનો દુરૂપયોગ કરીને આ કાર્ડ કાઢવામાં આવતા હતા. જે માટે આરોપીઓ હોસ્પિટલના કર્મચારીઓ પાસેથી પણ પૈસા વસૂલ કરતા હતા. સરકારે આયુષમાન એપ્રુવલ માટે એન્સર કંપનીને ઓથોરિટી આપી છે. જેનો એક કર્મચારી નિખિલ પારેખ અન્ય આરોપીઓ પાસેથી મહિને ૮થી ૧૦ હજાર રૂપિયા લેતો હતો. જે આયુષમાન કાર્ડ નીકાળવાની ત્રણથી ચાર દિવસથી પ્રોસેસ લાગે તેને ફક્ત ૧૫ મિનિટની અંદર તૈયાર કરી દેવાતા હતા. આરોપીના લેપટોપમાંથી ૧૦૦૦ જેટલા નકલી આયુષ્માન કાર્ડ મળી આવ્યા છે. આરોપીઓએ અત્યાર સુધીમાં આવા ૧૫૦૦ આયુષ્માન કાર્ડ બનાવ્યા હોવાનું પણ તપાસમાં બહાર આવ્યું છે. આ તમામ આરોપીઓ ૨ વર્ષથી એકબીજા સાથે સંકળાયેલા છે. આરોપીઓએ મોબાઈલ અને લેપટોપમાંથી કેટલોક ડેટા ડિલીટ કરી નાખ્યો છે. આયુષમાન કાર્ડ બનાવવા માટે રેશન કાર્ડ અને આધારકાર્ડનો ડેટા ૮૦ ટકા મેચ થવા જોઈએ. આરોપીઓએ નિયમ વિરૂદ્ધ આયુષમાન કાર્ડ કાઢ્યા છે.

ક્રાઈમ બ્રાન્ચ દ્વારા રિમાન્ડની માંગ કરતા વધુ મુદ્દા રજૂ કરવામાં આવ્યા હતા કે, આરોપીઓએ કોના નકલી આયુષ્માન કાર્ડ બનાવ્યા છે, તેની તપાસ કરવાની છે. આ લાભાર્થીઓએ કઈ-કઈ હોસ્પિટલમાં સારવાર મેળવી છે, આયુષ્માન યોજના અંતર્ગત કેટલો લાભ મેળવાયો છે, તેની તપાસ કરવાની છે. એન્સર કંપનીના નિખિલ પારેખ અંગે તપાસ કરવાની છે. આ પોર્ટલ આરોપીઓ ક્યાંથી મેળવતા હતા? કારણ કે તે ઓથોરિટી દ્વારા આપવામાં આવતું હોય તો તેની પણ તપાસ કરવાની છે. આ કેસમાં અન્ય કોઈ આરોપીઓ સંકળાયેલા છે કે કેમ તેની તપાસ કરવાની છે. આરોપીઓના મોબાઈલ અને લેપટોપમાંથી જે ડેટા મળે છે. તેના વિશે ચોક્કસ માહિતી આરોપીઓને સાથે રાખીને તપાસ કરવાથી મળે તેમ છે. જેથી તેના માટે પણ આરોપીઓના રિમાન્ડની જરૂર છે. આ સંપૂર્ણ રેકેટનું ઊંડાણપૂર્વક તપાસ કરવા આરોપીઓના રિમાન્ડની જરૂર છે. આ એક સિસ્ટમેટિક આર્થિક ફ્રોડ અને ગંભીર ગુનો છે. કોર્ટે આરોપીના ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર કરતા ટકોર કરી હતી કે નકલી આયુષમાન કાર્ડ બનતા રોકવાની જવાબદારી સરકારની છે. જે કંપનીને ટેન્ડર આપ્યું હતું તેને પણ આ કેસમાં આરોપી બનાવી જોઈએ. જોકે, સરકારી વકીલે કોર્ટને જણાવ્યું હતું કે, કંપનીના એક કર્મચારીને આરોપી બનાવવામાં આવ્યો છે.

### નિર્ભયા કેસની યાદ અપાવતો ભરૂચ દુષ્કર્મ કેસ

# હેવાને ૧૦ વર્ષીય બાળકીના મોઢા તથા ગુપ્ત ભાગમાં સળિયો નાંખી ક્રૂરતાની હદ વટાવી

## પોલીસ તપાસમાં અનેક ઘટસ્ફોટ થયા : નરાધમે એક માસ અગાઉ પણ દુષ્કર્મ આચર્યું હતું જો કે આબરૂ જવાના ડરે માતા-પિતા ચુપ રહ્યા

(સંવાદદાતા દ્વારા)
ભરૂચ, તા.૧૮

ભરૂચના ઝઘડિયામાં ૨ દિવસ પૂર્વે રાત્રિના સમયે બનેલ દુષ્કર્મની ઘટનાના ગુજરાત સહિત દેશભરમાં પડઘા પડ્યા છે. પોલીસે ગણતરીના કલાકમાં આરોપીને દબોચી લીધા બાદ તેની તપાસ કરતા અને મેડિકલ રિપોર્ટ આવ્યા બાદ અનેક ચોંકાવનારી વિગતો સપાટી પર આવી છે. આ રાક્ષસે બાળકીના ગુપ્ત ભાગમાં સળીયાથી ગંભીર ઈજા પહોંચાડી હતી અને તેની સાથે એક માસ અગાઉ પણ દુષ્કર્મ આચર્યું હતું. ગત તારીખ ૧૬ ડિસેમ્બરના રોજ ઝઘડિયાના એક વિસ્તારમાં શ્રમજીવી પરિવારની ભંગાર વીણવા ગયેલ ૧૦ વર્ષીય બાળકીને ઝઘડિયાની એક ખાનગી કંપનીમાં સેન્ટીંગ હેલ્પર તરીકે કામ કરતા નરાધમે અપહરણ કરી અવાવરૂ જગ્યાએ ઉઠાવી લઈ જઈ તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. જેમાં બાળકીને સારવાર અર્થે પ્રથમ અંકલેશ્વર અને ત્યારબાદ વધુ સારવાર અર્થે ભરૂચ સીવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જો કે બાળકીને ગુપ્ત ભાગેથી લોહી વહેતું હોય તેમજ તે અસહનીય દુખાવથી પીડાતી હોય તેને તવરિત અસરથી પ્રાથમિક સારવાર આપી ૩ કલાકના ઓપરેશન બાદ તેને વધુ સારવાર અર્થે વડોદરા એસ.એસ.જી. હોસ્પિટલમાં રીફર કરાઈ હતી. બીજી તરફ માત્ર ૧૦ વર્ષીય બાળકી સાથે ક્રુરતા પૂર્વક દુષ્કર્મ આચર્યું હોવાની વિગતો બાદ ભરૂચ અને ઝઘડિયા પોલીસે આરોપી સુધી પહોંચવા ૧૨-૧૩ કલાક મધરાતે સર્ચ ઓપરેશન હાથ ધરી અનેક શકમંદોની અટકાયત અને ઉલટ તપાસ બાદ ઝઘડિયાની ખાનગી કંપનીમાં સેન્ટીંગ હેલ્પર તરીકે કામ કરતા ૩૬ વર્ષીય વિજયકુમાર શ્રીરામાશંકર પાસવાનની અટકાયત કરતા તેણે કૃત્ય કર્યું હોવાની પોલીસ સમક્ષ કબૂલાત કરી હતી. પોલીસે આરોપીની આ જઘન્ય મામલામાં ઘનિષ્ઠ તપાસ અને મેડિકલ રીપોર્ટ આવ્યા બાદ આરોપી વિજય પાસવાનએ પ્રથમ વખત નહીં પણ આ પહેલા પણ એકાદ માસ અગાઉ દુષ્કર્મ આચર્યું હોવાનું બહાર આવ્યું છે. તદ્ઉપરાંત તે એટલી હદે વિકૃત માનસિકતા ધરાવતો હતો કે તેણે ૧૦ વર્ષીય બાળકીને મોઢાના ભાગે તેમજ ગુપ્ત ભાગમાં સળીયો નાખી ઈજા પહોંચાડી હતી. બાળકીની ભરૂચમાં સારવાર કરનાર તબીબ ડો.ઝીલ શેઠે કહ્યું કે 'તેમને નિર્ભયા કેસ યાદ આવી ગયો હતો'. તો હાલ તો પોલીસે સમગ્ર મામલે બાળકીને શ્રેષ્ઠ સારવાર તબીબો થકી મળે અને તેનો જીવ બચાવી શકાય તેમજ તેના સમાંતર જ આરોપી સામે કડક કાર્યવાહી થાય તે માટે સ્પેશિયલ ટીમની રચના કરાઈ છે. સમય મર્યાદામાં ચાર્જશીટ રજૂ થઈ શકે તે માટે તૈયારી હોવાનું ભરૂચ જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાએ જણાવ્યું હતું.

### નરાધમનાં પાંચ દિવસના રિમાન્ડ મંજૂર

#### વચગાળાના વળતર પેટે એક લાખ ચૂકવવા નરાધમ વિજય પાસવાનને આદેશ

અંકલેશ્વર, તા.૧૮

ઝઘડિયા જીઆઈડીસીમાં ૧૦ વર્ષની બાળકી પર દુષ્કર્મના આરોપી વિજય પાસવાનને પોલીસે કોર્ટમાં રજૂ કર્યો હતો. પોલીસે ૧૪ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી જેની સામે કોર્ટે આરોપીના ૫ દિવસના રીમાન્ડ મંજૂર કર્યા છે. આરોપી વિજય પાસવાનને રૂપિયા એક લાખ વચગાળાના વળતર પેટે ચૂકવવા પણ આદેશ કરવામાં આવ્યો છે. સરકાર તરફે મુખ્ય સરકારી વકીલએ દલીલો કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે દુષ્કર્મ આચાર્યા બાદ આરોપીએ બાળકી સાથે અમાનવીય કૃત્ય કર્યું હતું ત્યારે હાલ પીડિતા વડોદરાની એસ.એસ.જી.હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને તે જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહી છે.

### રાજકોટ તથા અમરેલીમાં તાપમાનનો પારો ૧૦ ડિગ્રીથી નીચે

# રાજ્યના સૌરાષ્ટ્ર-કચ્છમાં ઠંડીનું જોર યથાવત્

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૮

ગુજરાતના કેટલાક ભાગોમાં કોલ્ડવેવની આગાહી વચ્ચે આજે નલિયા ફરી એકવાર રાજ્યનું સૌથી ઠંડુ સ્થળ બન્યું હતું. નલિયામાં લઘુતમ તાપમાન ૭.૫ ડિગ્રી નોંધાયું હતું, જ્યારે રાજકોટ અને અમરેલી જિલ્લામાં પણ તાપમાનનો પારો ૧૦ની નીચે જતાં લોકો ઠૂંઠવાયા હતા, જોકે અમદાવાદમાં લઘુતમ તાપમાનમાં સામાન્ય કરતાં ૧.૨ ડિગ્રીનો વધારો થતાં લોકોએ ઠંડીમાં રાહત અનુભવી હતી. અમદાવાદમાં એક જ દિવસમાં લઘુતમ તાપમાનમાં ૩ ડિગ્રીનો વધારો જોવા મળ્યો છે. રાજ્યમાં સૌરાષ્ટ્ર-કચ્છમાં ઠંડીનું જોર યથાવત્ જોવા મળી રહ્યું છે. કચ્છમાં કોલ્ડવેવની આગાહી વચ્ચે નલિયામાં સૌથી ઓછું ૭.૫ ડિગ્રી તાપમાન જ્યારે ભુજમાં ૧૦.૬, કંડલામાં ૧૩.૫ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જ્યારે રાજકોટમાં ૯.૩ ડિગ્રી, અમરેલીમાં ૯.૮ ડિગ્રી, પોરબંદરમાં ૧૦.૫ ડિગ્રી અને ભાવનગરમાં ૧૪.૪ ડિગ્રી



**કચ્છ જિલ્લામાં કોલ્ડવેવની આફત**

તાપમાન નોંધાયું છે. દર શિયાળામાં સામાન્ય રીતે ગુજરાતમાં નલિયા અને ડીસામાં સૌથી ઓછું તાપમાન નોંધાતું હોય છે. ચાલુ સિઝનમાં નલિયા અને ડીસા ઉપરાંત રાજકોટ અને અમરેલીમાં તાપમાનનો પારો ૧૦ ડિગ્રીની નીચે સરકી રહ્યો છે. આજે પણ અમરેલી જિલ્લામાં ૯.૮ ડિગ્રી જ્યારે રાજકોટમાં ૯.૩ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ઉત્તર અને મધ્ય ગુજરાતના વિસ્તારોમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન લઘુતમ તાપમાનમાં વધારો નોંધાયો છે જેમાં અમદાવાદ શહેરમાં ફક્ત ૨૪ જ કલાકમાં લઘુતમ તાપમાનમાં ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો નોંધાયો હતો .જ્યાં ૧૭ ડિસેમ્બરની રાત્રે અમદાવાદ શહેરમાં સિઝનનું સૌથી ઓછું ૧૧.૮ ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું જ્યારે ગત રાત્રે તેમાં ત્રણ ડિગ્રી સેલ્સિયસ વધી ૧૪.૮ ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું. આ ઉપરાંત વડોદરામાં ૧૨.૮ ડિગ્રી સેલ્સિયસ, રાજકોટમાં ૯.૩ ડિગ્રી સેલ્સિયસ અને સુરતમાં ૧૫.૨ ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી ૪૮ કલાક દરમિયાન કચ્છ જિલ્લામાં કોલ્ડવેવની આફત મંડરાઈ રહી છે એટલે કે અત્યંત ઠંડીનું જોર યથાવત્ રહેશે. આ સાથે જ સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં પણ હાલની સ્થિતિ કરતાં પણ એકથી દોઢ ડિગ્રી સેલ્સિયસ તાપમાન ઘટે તેવી શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે. ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના ભાગોમાં પણ આગામી ત્રણ દિવસ ઠંડીનું પ્રમાણ યથાવત્ રહેવાની શક્યતાઓ છે જ્યારે દક્ષિણ ગુજરાતના ભાગોમાં આગામી ત્રણ દિવસ તાપમાન યથાવત્ રહેશે અથવા તો એકાદ ડિગ્રી સેલ્સિયસ વધારો નોંધાઈ શકે છે.

### વારંવાર અકસ્માત કરવાની માનસિકતા ધરાવનારને હાઈકોર્ટમાંથી મળ્યો ઝટકો

# એક સાથે નવ લોકોને કચડી નાખનાર તથ્ય પટેલને જામીન આપવા હાઈકોર્ટનો ઈન્કાર

## જેગુઆર એક્સપર્ટનો રિપોર્ટ : છેલ્લી ઘડી સુધી આરોપીએ બ્રેક મારવાનો કોઈ જ પ્રયાસ કર્યો નહીં

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૮

ઈસ્કોન બ્રીજ અકસ્માતમાં એક સાથે નવ લોકોને કચડી નાંખી મોતને ઘાટ ઉતારવાના ચકચારભર્યા કેસમાં આરોપી તથ્ય પટેલના રેગ્યુલર જામીન ગુજરાત હાઈકોર્ટે આજે ફગાવી દીધા હતા. હાઈકોર્ટના જસ્ટિસ એમ.આર.મેંગડેએ આરોપી તથ્ય પટેલ વિરૂદ્ધના ગુનાની ગંભીરતા, તેની વારંવાર અકસ્માત કરવાની માનસિકતા સહિતના મુદ્દાઓને ધ્યાને લઈ હાઈકોર્ટે ચાર્જશીટ બાદ તથ્ય પટેલ દ્વારા બીજી વખત કરાયેલી જામીન અરજી ધરાર ફગાવી દીધી હતી. આમ, ઈસ્કોન બ્રિજ અકસ્માત કેસમાં આરોપી તથ્ય પટેલને ફરી એકવાર ગુજરાત હાઈકોર્ટમાંથી ઝટકો મળ્યો છે. તથ્યને જામીન આપવાનો સખત વિરોધ કરતા સરકારી વકીલ તરફથી રજૂઆત કરાઈ હતી કે, બનાવના દિવસે આરોપી તથ્ય પટેલ ૧૪૧.૨૭ની સ્પીડમાં જેગુઆર કાર હંકારી રહ્યો હોવાનો પુરાવો તપાસમાં સામે આવ્યો છે. આરોપી જાણતો હતો કે આટલી ઝડપે અકસ્માત થાય તો કોઈ જાનહાનિ થાય તેમ છતાં તેણે આટલી ઓવરસ્પીડમાં બેફામ રીતે કાર હંકારી હતી. જેગુઆર એક્સપર્ટનો રિપોર્ટ છે કે અકસ્માત થયો ત્યારે છેલ્લી ઘડી સુધી બ્રેક મારવાનો કોઈ જ પ્રયાસ કર્યો જ નથી. આરોપી સામે આવા જ અન્ય ગુનાઓ છે તેથી તે રેસ ડ્રાઈવીંગ કરવા ટેવાયેલ છે અને જામીન આપવામાં આવે તો ફરી આવા ગંભીર અકસ્માતોના ગુના કરે અને કોઈ ગંભીર જાનહાનિ થાય તેવી શકયતા નકારી શકાય નહી. હાઈકોર્ટે આવા સાપરાધ મનુષ્યવધના ગંભીર ગુનામાં આરોપી તથ્ય પટેલના જામીન ફગાવી દેવા જોઈએ. સરકારપક્ષની આ દલીલો હાઈકોર્ટે ગ્રાહ્ય રાખી હતી. ઉલ્લેખનીય છે કે આ કરૂણ ઘટનાના કેસમાં નવ નિર્દોષ યુવાનોનું મારણ થયું હતું. આ કેસમાં થોડા દિવસો પહેલાં જ તથ્ય પટેલ ટ્રાયલ કોર્ટમાં જામીન અરજી કર્યા વિના સીધો જ હાઈકોર્ટમાં જામીન અરજી સાથે આવી ગયો હતો, જેને લઈ હાઈકોર્ટે



આકરા વલણ સાથે આ ગ્રાઉન્ડ પર તેની જામીન અરજી કાઢી નાંખી હતી. હાઈકોર્ટે આરોપી તથ્ય પટેલને પહેલા નીચલી કોર્ટમાં જઈને આવવા જણાવ્યું હતું અને તેના જામીન ફગાવ્યા હતા. જેથી તથ્ય પટેલે ગ્રામ્ય કોર્ટમાં અરજી કરી હતી પરંતુ ગ્રામ્ય કોર્ટે પણ આરોપી તથ્ય પટેલના જામીન ફગાવી દીધા હતા. જેથી તથ્ય પટેલે ચાર્જશીટ બાદ બીજી વખતની પોતાની જામીન અરજી હાઈકોર્ટમાં કરી હતી. તથ્ય પટેલની જામીન અરજીનો વિરોધ કરતા સરકારી વકીલે રજૂઆત કરી હતી કે, આરોપી તથ્ય પટેલ આ પ્રકારના ગંભીર અકસ્માતો સર્જવાની ગુનાહિત માનસિકતા ધરાવે છે અને તે આવા ગમખ્વાર અકસ્માતો સર્જવાની ટેવવાળો છે. આરોપી તથ્ય પટેલ બેફામ, પૂરપાટ અને ગફલતભરી રીતે ડ્રાઈવીંગ કરવા માટે ટેવાયેલો છે. ઈસ્કોન બ્રીજ અકસ્માત પહેલાં પણ તથ્યએ બે ગંભીર અકસ્માતો સર્જયા હતા. જેમાં તેના પિતાએ આરોપી તથ્ય પટેલના ગુનાને છાવરવા અને તેની પર ઢાંકપિછોડો કરવા પૈસા આપી સમાધાન કરી દેવાયું હોવાની વાત પણ પોલીસ તપાસમાં પુરવાર થઈ છે. ઈસ્કોન બ્રીજ અકસ્માત કેસમાં નવ નિર્દોષ નાગરિકોને આરોપી તથ્ય પટેલે ઉડાવી મોતને ઘાટ ઉતારી દીધા હતા, આ અકસ્માતમાં અન્ય ૧૨થી વધુ લોકો ઘાયલ થયા હતા.

For Advertisement:gtadvt@yahoo.co.in WWW.gujarattoday.in facebook.com /gujarattodaydaliy @ Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS